
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगतः



સંપાદક : સોમચંદ ડી. શાહ


વર્ષ : ૧૮ અષાઢ અંક : ૫

જુલાઇ-૧૯૬૧ ૨૦૧૭ છૂટક નકલ : ૬૨ ન. પૈ.

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૨૮૧ |
| ધૃતરાષ્ટ્રની ચેતવણી : | વૈદ્ય મો. ચુ. ધામી | ૨૮૩ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૨૮૫ |
| મનન અને ચિંતન : | ડો. શ્રી વલ્લભદાસ નેણશીભાઇ | ૨૯૩ |
| વેરાયેલાં વિચાર રત્નો : | શ્રી સુધાવર્ષી | ૨૯૬ |
| શંકા સમધાન : | પૂ. આ. દેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ | ૩૦૧ |
| રસોઈયો મહારાજ કેમ કહેવાય છે ? : | એન. બી. શાહ | ૩૦૪ |
| વનસ્પતિ ઘી અંગે બુદ્ધિભ્રમ પેદા ન કરો : | શ્રી ચિકિત્સક | ૩૦૯ |
| આજે થઈ રહેલી ઘોર હીંસા સામે ઉપેક્ષા ન સેવો : | પૂ. આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. | ૩૧૭ |
| પુલ અને ફોરમ : | પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગ. | ૩૨૩ |
| વનબાળ : | શ્રી નયનાબેન ડી. શાહ | ૩૨૫ |
| જ્ઞાનવિજ્ઞાનની તેજછાયા : | શ્રી કિરણ | ૩૩૧ |
| સમાચાર સાર : | સંકલિત | ૩૩૫ |


## આગામી અંક પર્યુષણ વિશેષાંક રૂપે તા. ૪-૯-૬૧ સુધીમાં પ્રગટ થશે

પર્યુષણ વિશેષાંક માટે લેખો તથા જાહેર ખબરો તા. ૧૦-૮-૬૧ સુધીમાં અમને મળે તેમ કરવા વિનંતિ છે. સં.

## ઉપયોગી સૂચન

'કલ્યાણ'ની ફાઇલો હવે જુજ છે. ૧ લા ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી વર્ષ ૪ થી ૧૭ સુધીની મળે છે. દરેક ફાઇલના રૂા. ૫-૫૦. ખર્ચ અલગ.

કલ્યાણ માસીકમાં ગીતો, સ્તવનો, પદ્યો કે દોહ્યો લેવાનો નિયમ નથી. લેખો પણ કાગળની એક બાજુએ લખીને મોકલાવો.

'સમાચાર સાર' વિભાગમાં દરેક ધાર્મિક સમાચારો ટૂંકમાં લેવાય છે તો સમાચારો બને તેટલા મુદ્દાસર અને ટૂંકા લખવા.

❀

પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

❀

લવાજમ પુરૂં થયે આપને ખબર આપવામાં આવે છે તો ઢીલ કર્યા સિવાય લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું. વી. પી. થી નાહક દશ આનાનો વધુ ખર્ચ આવે છે.

❀

નવા દશ ગ્રાહક બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલાવાશે.

❀

ટાઇટલ પેજ ઉપર છાપવા માટે તીર્થના ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા વિનંતિ છે.

❀

આફ્રિકામાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયાની ખબર અપાય છે. ક્રોસ સિવાયના પોસ્ટલ ઓર્ડર કે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપવા વિનંતિ છે.

❀

અંક ન મળ્યાની ફરીયાદ ૨૮મી પછી કરવી. દરેક અંક અંગ્રેજી મહિનાની ૨૦ તારીખે પ્રગટ થાય છે.

## ઉ....ઘ....ડ....તે પા....ને

ચાતુર્માસ બેસી ગયું, ઋતુરાણી વર્ષાનાં આગમન ચારે બાજુ થઇ ગયાં. આકાશ ઘેરાયેલું રહે છે, ને ચોમેર ધોધમાર વરસાદ શરૂ થઇ ગયો. જૈનધર્મે ચાતુર્માસને ધર્મપ્રવૃત્તિઓની વિશેષરીતે મોશમ ગણી છે, તેનું કારણ એ કે, વાતાવરણ, ચોમેરની આબોહવા તથા પરિસ્થિતિ જ તે સમયે આવી રહે છે કે, સ્હેજ પ્રવૃત્તિઓનો વિસ્તાર મંદ હોય, એ દિવસોમાં નિવૃત્તિ સ્વાભાવિક રહે. આજના ધાંધલીયા તથા દોડાદોડીના અદ્યતન સાધનોથી સજ્જ યુગમાં પણ ઋતુ ઋતુનું કામ કરે જ! વરસાદને કારણે નદી–તળાવો ઉભરાઇ જાય, રસ્તાઓ વિકટ બને, નાળાઓ ભાંગે તૂટે રેલ્વે–બસ કે પ્લેન દ્વારા થતો ગમનાગમનનો વ્યવહાર ખોરંભે ચઢે એ બધું આવા દિવસોમાં સહજ જ છે.

શિયાળો તથા ઉનાળો એવી ઋતુ છે કે, કાંતો બહુ ઠંડક અને કાંતો પારાવાર ગરમી: જ્યારે આ ઋતુ બીજીરીતે અનુકૂળ રહે છે, તપ કરનારને, ધ્યાન તથા સ્વાધ્યાય કરનારને આ ઋતુમાં સ્હેજે અનુકુળતા રહે છે. પૂ૦ મુનિવરો તથા પૂ૦ સાધ્વીજી વર્ગ ચાતુર્માસના કાળમાં ચાર મહિના માટે એક સ્થાને નિયતવાસ કરે છે. એ રીતની આજે જૈન ધર્મની પ્રણાલી છે. અસાડ ચોમાસી ચૌદશથી કાર્તિક ચોમાસી ચૌદશ સુધી તેઓને એકત્ર સ્થિરવાસ રહેવાની શાસ્ત્રીય પરિપાટી છે. આ કારણે પૂ૦ મુનિવરોનો તથા પૂ૦ સાધ્વીજી વર્ગનો શ્રાવક–શ્રાવિકા સમુદાયને લાભ મળતો રહે તેઓશ્રીનાં વ્યાખ્યાનોનાં શ્રવણની સાથે તેઓશ્રીના પરિચય, પ્રેરણા આદિના કારણે ધર્મારાધનામાં વિશેષ રીતે ઉલ્લાસ તથા ઉત્સાહ રહે:

ચાતુર્માસના આ બધા અલભ્ય લાભો ધર્મશીલવર્ગને પ્રાપ્ત થાય છે. ઋતુના કારણે ચોમેર જીવોની ઉત્પત્તિ પારાવાર થતી રહે છે, આજે માનવે એટલી ટૂંકી બુધ્ધિ કરી દીધી છે, સ્વાર્થ પરાયણતાના કારણે એ એટલો બધો આંધળો બની ગયો છે કે, એને પોતાના સિવાય અન્ય કોઇને જીવવાનો અધિકાર નથી એવું ભૂત ભરાઇ રહ્યું છે, એટલે માનવ સિવાય ઇતર સર્વ જીવોને મારવાનું જાણે માનવે આજે બીડું ઝડપ્યું છે, પણ એ એની ભયંકર દિશા ભૂલ છે. કોઈપણ જીવને મારવામાં સુખ નથી, શાંતિ નથી સમૃધ્ધિ નથી. માનવે વિવેકપૂર્વક જીવોની ઉત્પત્તિનાં સ્થાનોથી દૂર રહેવું જોઇએ, એની ઉત્પત્તિનાં નિમિત્તોથી પર રહેવું જરૂરી છે, તેમજ ઉત્પન્ન થયેલા જીવોની હિંસાથી પણ આઘા રહેવું જોઇએ. તેમાંયે ચોમાસાના દિવસોમાં ખૂબ જ યતનાશીલ

રહેવું જોઇએ. યતનામાં ધર્મ છે. ઉપયોગમાં આરાધના છે. માટે જ દરેકે દરેક પ્રવૃત્તિઓમાં ચાતુર્માસના કાલમાં સર્વ રીતે જતના રાખવા જાગ્રત રહેવું જોઇએ.

આજે આપણી આસપાસ જે દવા, ડોકટરો ને દવાખાનાઓનો સફડો ફાટી રહ્યો છે, દિ' ઉગ્યે નવા ને નવા દવાખાનાઓનાં ઉદ્ઘાટનો થતા રહે છે. તે એ જ સૂચવે છે કે, આજે શરીરની શાતા ઘટતી રહી છે. અશાતાનો ઉદય તીવ્રપણે વર્તી રહ્યો છે. તેનું મુખ્ય કારણ; કેવળ પોતાનાં સુખ, સગવડ ને અનુકૂળતા ખાતર માનવે માનવેતર પ્રાણીઓના નાશને માટે દિ' ઉગ્યે જે પાપકારવાઈઓ કરવાનાં પગરણો માંડયાં છે. તેનું આ પરિણામ છે. પોતાને શાતા જોઇએ છે અન્ય ને બીજા જીવોને અશાતા આપીને, બીજા જીવોની શાતાના ભોગે જે શાતા મેળવવાના ફાંફા તે ફાંફા જ રહેશે. પછી અશાતાના ઉદયની વેળાયે દવા, ડોકટર ને દવાખાના શોધવા, ને એની પાછળ તનમન તેમજ ધનની ખુવારી કરવી એ કેવી મૂર્ખાઇભરી નીતિ તથા રીતિ છે. માટે જ વિવેકી આત્માઓએ કોઇપણ જીવને અશાતા ન આપવી, અશાતાના નિમિત્તથી દૂર રહેવું તોજ શાતા આપણાં જીવનમાં જરૂર આવશે.

ચાતુર્માસના કાલમાં વિશેષરીતે આ માટે ઉદ્યમશીલ રહેવું. ઘરના કે બહારના પ્રત્યેક વ્યવહારમાં ન્હાનામાં ન્હાના જીવને વ્યથા ન પહોંચે તેવા કોમળ પરિણામ પૂર્વક પ્રવૃત્તિ કરવી. આજે ભારતમાં પશુઓની ને માનવેતર પ્રાણી સૃષ્ટિની હિંસા બેફામ રીતે કોંગ્રેસીતંત્રમાં જે ચાલી રહી છે, તે ભારતને નંદનવન બનાવવાની યોજનાને તદ્દન નિષ્ફળ બનાવશે એ આજના રાજકર્તાઓએ ભૂલવા જેવું નથી. જેમ જેમ આ રીતે હિંસા-નિર્દયરીતે જીવહત્યા ભારતમાં વધુ વ્યાપકરૂપ પકડતી જશે, તેમ તેમ ભારતની ભવ્યતા, તેની રમણીયતા તથા તેનો અભ્યુદય અને તેનો વિકાસ અવશ્ય જોખમાતો જશે એ હકીકત ભૂલવા જેવી નથી.

'કલ્યાણ' તેના પ્રત્યેક વાચકવર્ગને એ જ નમ્ર અનુરોધ કરે છે કે, જીવન જીવવા માટે, સુખપૂર્વક જીવન માટે, કદિ કોઇપણ જીવની હિંસાનો વિચાર સરખો પણ કરશો નહિ. ધર્મથી સુખ છે ને પાપથી દુઃખ છે, એ શ્રદ્ધાથી કદિ ચલિત થશો નહિ. ગમે તેવા દુઃખો, વિપત્તિઓ કે મૂંઝવણોની વેળા ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખી પાપ પ્રવૃત્તિઓથી દૂર રહેવા સજાગ બનશો, ને જગતના સર્વ કોઇ આત્માઓનું શ્રેય હો એ ભાવના નિરંતર ભાવતા રહેવું એમાં જ સાચું પોતાનું તથા પરનું શ્રેય રહેલું છે. સર્વ કોઇના અભ્યુદયનો આજ રાજમાર્ગ છે, એ કદિ ભૂલશો નહિ.

તા. ૫-૭-૬૧

વર્ષ : ૧૮ અંક : ૫

# કલ્યાણ

અષાઢ ૨૦૧૭

## ધૃતરાષ્ટ્રની ચેતવણી !

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુ. ધામી

જેને સો બળવાન પુત્રો હતા, જેની રાજલક્ષ્મી સમૃદ્ધ હતી, જેની પાસે વિદુર, દ્રોણ, કૃપાચાર્ય અને ભીષ્મ જેવા શાણા રાજપુરુષો હતા. જેનું સૈન્યદળ વિરાટ હતું તે રાજા ધૃતરાષ્ટ્ર કેટલા ભાગ્યવંત ગણાતા હશે ?

આમ બધું હતું. માત્ર એક જ વસ્તુ નહોતી. સત્યને સત્ય સ્વરૂપે જોવાની દૃષ્ટિ. અર્થાત્ તે અંધ હતા. કાયાથી અને અંતર મનથી પણ બિચારા અંધ હતા.

માત્ર તે સાંભળી શકતા હતા. એના પ્રત્યેક નિર્ણયો વાત સાંભળ્યા પછી થતા. નજરે જોઇને નિર્ણય કરવાનું સૌભાગ્ય એમને પ્રાપ્ત થઈ શક્યું ન હોતું.

ધૃતરાષ્ટ્ર અંધ હતા.

રાજપુરુષો કેવળ કાનનો જ ઉપયોગ કરે ત્યારે તેની સમૃદ્ધિ ચંચળ બનીને ચાલી જાય છે.

ઇતિહાસને હજારો વર્ષથી ચેતવણી આપતો ધૃતરાષ્ટ્ર ભલે નષ્ટ થઇ ગયો. પરંતુ એની જીવંત ચેતવણી આજેય પોકારી પોકારીને સંસારને કહે છે. "માત્ર સાંભળીને શાસન ચલાવશો નહિં, નિહાળવાની શક્તિ ન હોય તો દૂર ખસી જજો સાંભળીને થતા નિર્ણયો માત્ર અન્યની બુદ્ધિનું અનુકરણ જ હોય છે."

ઇતિહાસ પ્રસિદ્ધ રાજ રાજેશ્વર ધૃતરાષ્ટ્રની આ ચેતવણી કોઈ કાળે જુની કે જીર્ણ બની શકે એવી નથી. દરેક યુગે અને દરેક રાષ્ટ્ર માટે નવી જ રહે છે.

પરંતુ આજ બોધપાઠ લેવામાં માનવી પોતાની નિર્બળતા વાંચે છે. બોધપાઠ આપવામાં જ એને પોતાનું ગૌરવ દેખાય છે !

જે વિષયનો પોતે નિષ્ણાત ન હોય તે વિષય પર પણ આજનો ક્ષુદ્ર રાજપુરુષ ગવેષણા કરતાં જરાયે કંપતો નથી ! પોતે જેનો અનુભવ ન કર્યો હોય તે અંગેની સાંભળી વાત પર નિર્ણય લેવા જેટલો આજનો રાજપુરુષ અંધ બનેલો છે. આ પરિસ્થિતિ માત્ર ભારતમાં છે એવું માનવાનું કોઇ કારણ નથી, સંસારમાં સર્વત્ર છે.

નાનામાં નાના પ્રશ્ન ખાતર વિરાટ યુદ્ધ જગાડવાનું ગાંડપણ આજના વિજ્ઞાન યુગમાં જેટલું વિશેષ છે તેટલું પહેલાના બર્બર કહેવાતા યુગમાં હશે કે કેમ એ એક સંશય છે !

એનું કારણ એક જ છે કે જ્યાં દૃષ્ટિ નથી હોતી ત્યાં ધૈર્ય, સંતોષ અને

સદ્‌ભાવ પણ નથી હોતા!

અને આ દૃષ્ટિ કાંતો પક્ષના ઘોર અંધકારમાં અટવાઈ ગઈ હોય છે અથવા વાદના દાખડા પાછળ આવરણ બની સૂતી હોય છે.

આજનો રાજપુરુષ જનતાના નામે કે લોક કલ્યાણના નામે વાતો અવશ્ય કરશે. પરંતુ એ વાત પાછળ કેવળ પોતાના વાદને કે પક્ષને જ બળ આપવાની એક મેલી મુરાદ હશે અથવા એની વાતો પાછળ માત્ર પક્ષ અથવા વાદે સંભળાવેલી જ હકિકત હશે.

નજરે જોયેલી અનુભવથી તપાસેલી કે લોક હૃદયની સત્ય વેદનાને કદી સ્થાન આપવામાં નહિં આવે

શા માટે?

રાજપુરુષો ધૃતરાષ્ટ્ર જેવા છે. એ જોઈને નિર્ણય કરી શકતા નથી, કારણ કે પક્ષાંધતા એમનો અભિશાપ બનેલ છે. એ માત્ર પોતાનાઓની જ સાંભળી વાતને સાચી માને છે.

ધૃતરાષ્ટ્રની એ જ પરિસ્થિતિ હતી. શાણા પુરુષોની વાત એના હૈયાને સ્પર્શતી નહોતી.... પોતાનાઓની જ વાત એને સત્ય લાગતી.

આજના વિશ્વની આવી જ પરિસ્થિતિ છે. જેમ સાંભળી વાતોનાં નિર્ણયમાંથી ધૃતરાષ્ટ્રની સમગ્ર સમૃધ્ધિનો વિનાશ સર્જાયો અને એનો એક પણ વારસદાર બચી શકયો નહિં.... એવી જ પરિસ્થિતિ આજે છે.

કયાં ય શાંતિ નથી.

કોઈ સ્થળે લોકોને આનંદ નથી. ઝંઝાવાત અને રઝળપાટ એ આજના વિજ્ઞાન યુગનું અથવા તો આજના જાગૃત કહેવાતા સમયનું પરિણામ છે!

સંસ્કાર, સદાચાર, સંતોષ, સેવા, સમર્પણ કે સંયમ જેવાં જીવન ધોરણનાં સાચાં માપ આજે જુના તોલમાપનાં કાટલાં માફક રઝળવા માંડયાં છે. વૈભવ, વિલાસ, વૈર, સ્વાર્થ, લુચ્ચાઈ, ભૌતિકલાલસા, વધુ ને વધુ મેળવવાની પરિગ્રહ વૃત્તિ, અનાચાર, કામરાગ, ભોગલિપ્સા વગેરે અનિષ્ટો આજે રાજપુરુષોની પક્ષાંધતા કે વાદાંધતાના કારણે ફાલી ફુલી રહ્યાં છે.

આ પરિસ્થિતિ કેવળ આપણે ત્યાં છે એમ માનવાનું નથી દરેક દેશમાં છે. કયાંય ઓછી છે કયાંય વધારે છે.

અને ધૃતરાષ્ટ્રની ચેતવણી પણ એની એ કવિતા પોકારે છે.... "તમારી પાસે આંખ–દૃષ્ટિ ન હોય તો નિર્ણય કરવાનું પાપ કરશો નહિ.... સાંભળી વાતો પર આધાર રાખીને સત્યાનાશનાં વાવેતર કરશો નહિ. કેવળ પોતાનાઓને પંપાળવાથી અને એની જ વાતને સત્ય માનવાથી હું નારાજ થઈ ગયો હતો. મારા આભને થોભ આપે એવા સો પુત્રો ચાલ્યા ગયા હતા.... અને હજારો વર્ષ સુધી મારી અંધતાનું કલંક ન ભુંસાય એવી મારી કરુણી સરજાણી હતી.... હું તો નષ્ટ થઇ ગયો છું.... પણ આપને કહું છું. દૃષ્ટિ ન હોય તો રાજકારણથી દૂર રહેજો પક્ષાંધ બનશો નહિ કેવળ કાનને વફાદાર રહેશો નહિ"

ધૃતરાષ્ટ્રની આ ચેતવણી આજે કોને સ્પર્શી શકે છે?

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

**[ 'કલ્યાણ' માટે ખાસ ]**

**પૂર્વ પરિચય :** હજાર વિદ્યાઓનો સ્વામી બનેલ દશમુખ-રાવણ માતા કૈકસીની પ્રેરણાથી ઉત્તેજિત બનીને ઈંદ્રવિદ્યાધરે નિયુક્ત કરેલા વૈશ્રવણ વિદ્યાધર સાથે યુદ્ધ કરી, તેને પરાજિત કરે છે. પરાજય પામેલ વૈશ્રવણ વિવેક-પૂર્વક વૈરાગ્ય પામે છે. ને સંયમ સ્વીકારે છે. રાવણ પોતાના વડીલો તથા ભાઇઓ સાથે પોતાની પિતૃભૂમિ લંકામાં ગૌરવપૂર્વક પ્રવેશ કરે છે. **હવે વાંચો આગળ :**

⊙

## (૮) લંકાની રાજસભામાં

રાવણ પુષ્પક વિમાનમાં બેઠો.

અલ્પ સમયમાં જ તે સંમેતશિખર પર્વતની ટોચ પર આવી પહોંચ્યો.

રાવણ એટલે પરમ જિનભક્ત. અનેક તીર્થંકર ભગવંતોની નિર્વાણ ભૂમિ પર રહેલી અદ્‌ભુત જિનપ્રતિમાઓને તેણે વંદી.

રાવણના અંતઃકરણને સમજવાની જરૂર છે. લંકા પર વિજય પ્રાપ્ત કર્યા પછી લંકાના રંગીલા મહેલોમાં મહાલવાના બદલે તેને તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓને સ્પર્શવાનો મનોરથ પ્રગટ્યો! હજારો નવયૌવના સ્ત્રીઓથી ઘેરાયેલા દશમુખને વિલાસની શેરીએ શેરીએ ભટકવાના બદલે વૈરાગ્યના શિખરોની સહેલગાહ કરવાના અરમાન જાગ્યા! સેંકડો...હજારો પ્રશંસકોની બિરૂદાવલીની શરણાઇના મધુરા સ્વરો સાંભળવાના ટાણે તેને ત્રિભુવનપતિ તીર્થંકરોના ગુણાનુવાદ કરવાના અભિલાષ પ્રગટયા! વિજયના સુવર્ણ સિંહાસન પર આરૂઢ થઇ 'લંકાપતિ' કહેવ-રાવવાના પ્રસંગે પાષાણોના ડુંગરો પર જઇ 'જિનભક્ત' બનવાની તમન્ના પ્રગટી!

તીર્થયાત્રા કરી દશમુખ પરિવાર સાથે સંમેત-શિખર પરથી નીચે ઉતરતો હતો ત્યાં એક વનહાથીની ગર્જના સંભળાઇ.

દશમુખના વિશાળ પરિવારના કોલાહલથી વન-હાથી દૂર દૂરથી ધમપછાડા કરતો ગર્જી રહ્યો હતો.

'લંકાપતિ!' પ્રહસ્ત નામનો પ્રતિહારી દશમુખની પાસે આવ્યો.

'કેમ?'

'આ હાથી સામાન્ય નથી'

'ત્યારે?'

'આ હસ્તિરત્ન છે!'

'તું શું કહેવા માગે છે?' દશમુખે પ્રહસ્ત સામે જોયું.

આપના માટે તે સુયોગ્ય છે!'

રાવણે એ મદોન્મત્ત હાથી ટસી ટસીને જોયો. કેવો એ સોહામણો હાથી હતો! તેના ગંડસ્થળમાંથી મદની ગંગા વહી રહી હતી...લાંબા લાંબા સુવર્ણરંગી દંતુશળો સહસ્રરશ્મિનાં કિરણોથી ઝગમગી રહ્યા હતાં. દશમુખને વાર કેટલી! જોત જોતામાં...રમત કરતાં કરતાં હાથીને વશ કરી લીધો. અને એના ઉપર બેસી ગયો...

ઐરાવણ પર બેઠેલો ઇન્દ્ર ઝાંખો પડી ગયો.

રાવણે પરિવારને પૂછ્યું.

'બોલો ભાઈઓ, આપણે આ હસ્તિરત્નનું નામ શું પાડીશું ?'

'પાડોને 'જંગલી હાથી' ! કુંભકર્ણે પ્રકાશ્યું... ને આખો પરિવાર ખડખડાટ હસી પડયો.

'ના ના, એનું નામ પાડો વિશ્વરત્ન.'! બિભીષણે નામ સૂચવ્યું.

'એના કરતાં તો 'લંકાભૂષણ' રાખો ને!' સેનાપતિ બોલ્યો.

'મને તો લાગે છે કે આ હાથીનું નામ આપણે 'શત્રુજિત' પાડીએ!' એક પરાક્રમી યોદ્ધાએ કહ્યું. બધાને આ નામ ગમ્યું...પણ દશમુખનું મોં મલકયું નહિ એટલે કોણ બોલે? ત્યાં દશમુખે કહ્યું:

આ મારા પ્રિય હાથીનું નામ 'ભુવનાલંકાર' રાખીએ !'

બસ! નામ નક્કી થઇ ગયું. બધાને ગમ્યું. રાવણના જયજયકાર સાથે 'ભુવનાલંકાર' નામની જાહેરાત થઇ.

ત્યાં અંશુમાલીનો રથ ક્ષિતિજ પર પહોંચી ગયો હતો.

રાત્રિ ત્યાં જ પસાર કરવાનો નિર્ણય થયો.

હાથીને એક મજબૂત થાંભલે બાંધી દીધો.

આજે રાક્ષસવીરોના આનંદની કોઇ અવધિ નથી.

એકબાજુ લંકા પર વિજય! બીજીબાજુ તીર્થંકરોની કલ્યાણક ભૂમિની પુણ્યયાત્રા અને વિશેષમાં 'ભુવનાલંકાર' ની પ્રાપ્તિ !

ઇષ્ટિસિદ્ધિ કોને આનંદિત નથી કરતી ? બાળક હો, યુવાન હો કે વૃદ્ધ હો, ઇષ્ટની સિદ્ધિ સહુ કોઇને હર્ષિત બનાવી દે છે! ડાકુ હો કે સાધુ હો, ઇષ્ટસિદ્ધિ બનેને મલકાવી દે છે!

હર્ષિત બનવા, આનંદિત બનવા ઇષ્ટસિદ્ધિ આવશ્યક છે. એ ઇષ્ટસિદ્ધિ એવી હોવી જોઈએ કે પછીથી અનિષ્ટ આવીને અડપલું ન કરી જાય!

આકાશમાં પ્રકાશની એંધાણીઓ દેખાઇ.

પંખીઓનો કલરવ શરૂ થયો. દશમુખની નિદ્રા પૂર્ણ થઇ. જાગીને તે કોઇ વિચારમાં મગ્ન થઇ ગયો અને પથારીમાં બેસી રહ્યો.

ત્યાં પ્રતિહારીએ આવીને કહ્યું: 'દેવ! એક વિદ્યાધરસેવક કોઇ મહત્ત્વના સમાચાર લઇને આવ્યો છે અને તૂર્ત આપને મળવા ઇચ્છે છે.'

'આવવા દે' કંઇક સ્વસ્થ બની દશમુખે કહ્યું.

વિદ્યાધરે દશમુખના આવાસમાં પ્રવેશ કર્યો. મસ્તકે અંજલી જોડી; રાવણને પ્રણામ કર્યાં અને નત મસ્તકે ઉભો રહ્યો.

'કેમ આવવાનું થયું છે?' દશમુખે ગંભીર વદને પૂછ્યું.

'લંકાપતિ! હું પવનવેગ નામનો વિદ્યાધર છું. આપનો વફાદાર સેવક છું. મારે એક મહત્ત્વની વાત કહેવી છે.'

કહો, મુંઝાશો નહિ...'

'પાતાલલંકામાંથી કિષ્કિન્ધિના પુત્રો સૂર્યરજા અને ઋક્ષરજા પણ પોતાની નગરીમાં ગયા. પરંતુ ત્યાં તો વૈતાઢયપર્વતના રાજા ઇન્દ્રનો પરાક્રમી સુભટ યમ શાસન કરે છે! સૂર્યરજા અને ઋક્ષરજાને તેણે પેસવા ન દીધા.'

'એમ! એટલું અભિમાન છે?' મિત્રો પ્રત્યેના અનુરાગથી રાવણ ઉશ્કેરાયો.

'હા દેવ! પછી તો સૂર્યરજા અને ઋક્ષરજાએ યમની સાથે યુદ્ધ કર્યું. પરંતુ યમ એટલે મહાદારુણ ...મહાન પરાક્રમી...બંને ભાઇઓએ અને વાનરવીરોએ ખૂબ સમય સુધી ટક્કર ઝીલી...છતાં તેઓ ન ટકી શક્યા. યમે બંને ભાઈઓને પકડયા...કચકચાવીને બંધનોથી બાંધ્યા અને નર્કાગાર જેવા તેના કેદખાનામાં ધકેલી દીધા...એની સાથે એના સમગ્ર પરિવારની-સૈન્યની....પણ એ જ દુર્દશા કરી...હે પરાક્રમી રાજા! આ તબક્કે આપની સમક્ષ મહાન કર્તવ્ય અદા કરવાની ફરજ ખડી થઇ છે.

વાનરવંશના એ ભાઇઓ આપના વંશપરંપરાગત સેવકો છે; એટલું જ નહિ પણ આપના માટે તે

પ્રીતિના પાત્ર છે. તેમને યમના નર્કાગારમાંથી મુક્ત કરવા એ આપનું કર્તવ્ય છે.'

રાવણે દાંત કચકચાવ્યા. અને તેણે પવનવેગને કહ્યું.

'ખરેખર, મારા તે આશ્રિતોની દુર્દશાનું કારણ હું જ છું, આશ્રય આપનારની નબળાઇ વિના આશ્રિતની કદર્થના થઇ ન શકે. મેં એમનું ધ્યાન ન રાખ્યું અને દુષ્ટ યમે એમની આવી વિટંબણા કરી...હમણાં જ એ યમને તેનું ફળ ચખાડું છું.'

યુદ્ધપ્રિય દશમુખે યુદ્ધનાં નિશાન ગગડાવ્યાં!

સૈન્યના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'વળી કોના બાર વાગ્યા? હાથમાં ગદા ઉછાળતો કુંભકર્ણ દોડતો આવ્યો અને પૂછ્યું.

'જે ફાટયા હોય તેના...'

'કોણ ફાટયો છે વારુ?'

'પેલા બનાવટી ઇન્દ્રનો બનાવટી દિક્પાલ યમ!'

દશમુખે બધો વૃત્તાંત કુંભકર્ણને કહ્યો. સૈન્ય તો તૈયાર જ હતું. પુષ્પક વિમાનમાં બેસી સૈન્ય સાથે રાવણ કિષ્કિન્ધિનગરીની નજીક આવી પહોંચ્યો. ત્યાં તેણે યમે બનાવેલ સાત નર્કાગાર જોયા.

પોતાના પ્રિય સેવક સૈનિકોની તેમાં થતી ભયંકર કદર્થના જોઇ દશમુખનું હૈયું ધ્રૂજી ઉઠયું.

યમના સુભટો ઋક્ષરજા અને આદિત્યરજા વગેરેને ધખધખતા સીસાના રસને પાતા હતા... પથ્થરની શિલા પર પછાડતા હતા... તીક્ષ્ણ તલવારથી છેદન ભેદન કરતા હતા.

દશમુખ આ જોઇ શકે ખરા? ક્ષણવારમાં તેણે નરકાવાસના રક્ષકોને મારી મારીને ભગાડી મૂકયા... નરકાવાસોઓને તોડીફોડીને નષ્ટ કરી દીધા.

આદિત્યરજા...ઋક્ષરજા વગેરે સેવકગણને મુક્ત કરી દીધા.

મહાન પુરુષોનું આગમન થાય અને કલેશ, વિષાદ ટકે એ તો દીવો આવે છતાં અંધકાર ટકે તેના જેવી વાત કહેવાય!

નરકાવાસના રક્ષકો તો દોડયા યમની પાસે. બૂમો પાડતા...હાથ ઉછાળતા...રક્ષકો યમની પાસે આવી પહોંચ્યા.

આમ અચાનક આવી પડેલી આફતમાં રક્ષકો બેબાકળા બની ગયા. યમ પણ ક્ષણવાર વિચારમાં પડી ગયો; એ કંઇ પૂછે એ પહેલાં તો રક્ષકોએ થોથરાતી જીભે કહેવા માંડયું.

'અરે...અમે તો મરી ગયા મહારાજ...'

'શું થયું પણ?'

'દશમુખ અચાનક તેના ચુનંદા સૈનિકો સાથે આવી પહોંચ્યો છે...નરકાવાસોને નષ્ટ કરી દઇ દુશ્મનોનો કબજો લઇ લીધો છે...હવે...

'હવે? એ તોફાની દશાનનનો અંત આવ્યો સમજો...યમનો ચહેરો લાલચોળ બની ગયો. નગરમાં યુદ્ધનાં નિશાન ગડગડયાં. ગણ્યા ગણાય નહિ તેટલા સૈનિકોની સાથે યમ નગરની બહાર નીકળ્યો.

દશમુખ તો તૈયાર જ હતો.

સૈન્યની સામે સૈન્ય આથડયું.

ક્ષણવારમાં તો કિષ્કિન્ધાની ધરતી રૂધિરથી રંગાઇ ગઇ.

યમ મરણીયો થઇને ઝઝુમી રહ્યો હતો. દશમુખને હંફાવવા તેણે બાણોનો વરસાદ વરસાવ્યો. પણ દશમુખે ય કયાં ગાંજ્યો જાય એવો હતો! તેણે એવાં તીર ફેંકવા માંડયાં કે યમનાં તીર વચ્ચેથી જ ચૂરે ચૂરા થઇ જાય!

યમ યમદંડ લઇને ત્રાટકયો.

રાવણે 'ક્ષુરપ્ર' શસ્ત્રથી ક્ષણવારમાં તે દંડના ભૂક્કા ઉડાવી દીધા.

ફરીથી યમે બાણો છોડવા માંડયાં...એવાં છોડયાં કે આકાશ બાણોથી છવાઈ ગયું!

દશમુખ છેડાઇ પડયો! તેનો મિજાજ ગયો. અત્યાર સુધી તો તે યુદ્ધને એક રમત ગણીને લડી રહ્યો હતો, પરંતુ હવે તેણે અલ્પકાળમાં જ યુદ્ધનો અંત લાવવાનો નિર્ધાર કર્યો તેણે એવા જોરથી

બાણોનો મારો ચલાવ્યો કે યમના અંગેઅંગમાં તીક્ષ્ણ તીરો ભોંકાઇ ગયાં. યમનું સૈન્ય ત્રાસ...ત્રાસ પોકારી ગયું.

યમ મુંઝાયો, તેણે વિચાર્યું.

'નાહક કમોતે મરવું પડશે...આમે ય આ રાજ્ય કયાં મારૂં છે! 'જીવતો નર ભદ્રા પામે...' માટે અહીંથી ઇન્દ્રની પાસે પહોંચી જવું એજ શ્રેયસ્કર છે...'

યમ ભાગ્યો.

સીધો પહોંચ્યો રથનૂપુર.

ઇન્દ્રની સામે અંજલિ જોડીને કહ્યું:

'સ્વામી! તમારા યમપણાને આજે જલાંજલિ આપું છું...મારે આવું યમપણું નથી કરવું...તમે રાજી થાઓ કે નારાજ થાઓ...પણ હવે....ત્રાસ ત્રાસ પોકારી ગયો છું. દશમુખ યમનો પણ જમ પાકયો છે!'

'શું કર્યું તેણે?' યમની વાતોથી વિહ્વળ બની ગયેલા ઇન્દ્રે પૂછ્યું.

'અરે, ગજબ કરી નાંખ્યો...'

'એ ખરૂં, પણ શું ગજબ કર્યો એ કહો ને?'

'નરકાવાસના રક્ષકોને મારી ભગાડયા...નરકાવાસો તોડી નાંખ્યા...યુદ્ધમાં કેઇ સુભટોના સંહાર કર્યા...'

'પછી?'

'પછી? જાણતા નથી? વૈશ્રવણને પરાજિત કરી લંકા લીધી...પુષ્પક વિમાન લીધું...'

'હેં?' લંકા હાથમાંથી ગયાના સમાચાર સાંભળી ઇન્દ્ર સ્તબ્ધ બની ગયો. અને સાથે જ આવેશથી ધમધમી ઉઠયો.

'હા જી રાજન્...હવે એ દશમુખ શું નહિ કરે તે...'

'હું જરા ય નહિ ચલાવી લઉં...એ આજકાલનો છોકરો...'

'અરે એ છોકરો નથી...એ તો હજાર વિદ્યાઓનો નાથ છે નાથ!' કુલમંત્રીઓએ ઇન્દ્રને ઠંડો પાડયો. બળવાન શત્રુ સાથે યુદ્ધ કરવું એટલે સામે ચાલીને કુલના ક્ષયને નોતરવાનું. એવી મૂર્ખાઇ એ વૃદ્ધ મંત્રીઓ ઇન્દ્રને કરવા દે નહિ. યમને વૈતાઢય પર્વત પરનું 'સુરસંગીત' નગર આપ્યું.

યમે ત્યાં પોતાની રાજધાની સ્થાપી રાજ્ય કરવા માંડયું.

યમ ભાગ્યો એટલે યમની સેના પણ ભાગી. દશમુખે કિષ્કિન્ધામાં પ્રવેશ કર્યો.

આદિત્યરજાને કિષ્કિન્ધાના સિંહાસને સ્થાપિત કર્યો અને ઋક્ષરજાને ઋક્ષપુરનગરનો અધિપતિ બનાવ્યો. રાવણ ત્યાંથી સીધો જ પુષ્પક વિમાનમાં બેસી લંકા ગયો.

પિતામહના સિંહાસન પર વિધિપૂર્વક રાવણનો અભિષેક કરવામાં આવ્યો.

એ દિવસે લંકાવાસીઓના હર્ષસમુદ્રમાં ભવ્ય ભરતી આવી. રાવણ જેવો અજોડ પરાક્રમી અને હજાર વિદ્યાઓનો સ્વામી. પોતાના રાજ્યનો શાસક બનતો હોય ત્યારે કોને હર્ષ ન થાય?

દિવસો...મહિનાઓ...વર્ષો વીત્યાં.

એક દિવસ રાવણની સ્મૃતિમાં મેરુગિરિ ઉપસ્થિત થયો...મેરુ પરનાં શાશ્વત જિનચૈત્યોને જુહારવાનો અભિલાષ પ્રગટયો.

शुभे शिघ्रम्।

તુરત જ પોતાના અંતઃપુરની સાથે ગિરિયાત્રાનો કાર્યક્રમ ગોઠવી દીધો.

પુરા આડંબર સાથે પ્રયાણ કરી દીધું,

પરંતુ રાવણના ગયા પછી લંકામાં એક રોમાંચક કીસ્સો બની ગયો.

મેઘપ્રભ નામના એક વિદ્યાધરનો પુત્ર 'ખર' લંકા પર થઇને પસાર થતો હતો.

લંકાના રાજમહાલયની અગાસીમાં રાવણની બહેન ચંદ્રનખા બેઠી હતી.

ચન્દ્રનખાની યૌવનથી લચી પડેલી દેહવેલડી પર ખર વિદ્યાધરની દૃષ્ટિ પડી.

ચન્દ્રનખા પર તેના હૈયામાં અનુરાગ પ્રગટયો. ચન્દ્રનખાએ પણ ખરને જ્યાં જોયો ત્યાં વિકારને પરવશ થઇ ગઇ.

ખરે ચન્દ્રનખાના ભાવોને પરખ્યા; ત્યાંથી જ ચન્દ્રનખાને ઉપાડી પહોંચ્યો પાતલલંકામાં.

પાતાલ લંકામાં આદિત્યરજાના પુત્ર ચન્દ્રોદરને રાવણે સ્થાપેલો હતો. પરાક્રમી ખરે ચન્દ્રોદરને ભગાડી મૂકયો. અને પોતે પાતલ લંકાનો સ્વામી બની ગયો.

મેરુની યાત્રા કરી રાવણે જ્યાં લંકામાં પગ મૂકયો ત્યાં જ તેને આ સમાચાર મળ્યા. બ્હેનના અપહરણની વાત સાંભળતાં જ રાવણના દેહમાં આગ લાગી. પણ મંદોદરી સાથે જ હતી. નણંદના અપહરણના સમાચારે પતિ પર પાડેલા પ્રત્યાઘાતો ચતુર મંદોદરી કળી ગઇ.

'આટલો બધો ધમધમાટ કરવાની શી જરૂર છે?' મંદોદરીએ કહ્યું.

'કેમ?'

'આ પ્રસંગે આપ જે વિચાર કરો છો તે સ્થાને નથી.'

'પણ તને શું ખબર કે હું કયો વિચાર કરૂં છું?'

'ઓહો! મારા નાથ, આપના સાથે આટલાં વર્ષો એક સહધર્મિણી તરીકે પસાર કર્યાં તે શું પાણીમાં ગયાં છે? મારા હૃદયેશના મુખ પરના ભાવોથી સમજી શકું છું કે આપ કયા વિચારમાં છો!'

'કહો ત્યારે, હું શું વિચાર કરું છું?'

'બ્હેનનું અપહરણ કરનારને શિક્ષા કરવાનો!'

'બરાબર!'

'ના, બરાબર નથી! આપ જરા સ્વસ્થ ચિત્તે વિચારો. જીવનમાં બનતા પ્રસંગોએ મનુષ્ય જો સ્વસ્થતાપૂર્ણ વિચાર કરતો નથી તો તે પાછળથી પસ્તાય છે.'

'તારે શું કહેવું છે?

'એ જ કે યુદ્ધનો વિચાર માંડી વાળો. કન્યા અવસ્ય કોઇને આપવાની જ છે. તે સ્વયં જ કુલીન વરને પ્રેમપૂર્વક વરી છે. તેમાં શું ખોટું છે? ચન્દ્રનખા માટે ખર સુયોગ્ય ભર્તા છે. એટલું જ નહિ પરંતુ પરાક્રમી ખર તમારો પણ એક વિશ્વાસપાત્ર સેવક બનશે. માટે હું તો કહું છું કે આપણા પ્રધાન પુરુષોને મોકલી ચન્દ્રનખાનો ખરની સાથે વિવાહ કરી દેવો જોઇએ અને પાતાલલંકા સન્માન સાથે સોંપવી જોઇએ!'

રાવણ તો સાંભળી જ રહ્યો. મંદોદરીની રાજ-કારણમાં પ્રવેશતી સૂક્ષ્મપ્રજ્ઞા પર રાવણના આશ્ચર્યનો પાર ન રહ્યો.

મંદોદરી રાવણને કેવા માર્ગે દોરી રહી છે? શાન્તિના માર્ગે. એટલું જ નહિ પરંતુ આ નીતિ દ્વારા તે રાવણની પ્રતિષ્ઠાને વધારી રહી છે. જ્યારે ખરને આ વાતની જાણ થશે ત્યારે તેના હૈયામાં રાવણ પ્રત્યે કેવો સદ્‌ભાવ તથા સ્નેહ જાગશે!

ત્યાં ખૂબ એકાગ્ર મને મંદોદરીની વાત સાંભળી રહેલા બિભીષણે અને કુંભકર્ણે પણ મંદોદરીના માર્ગ-દર્શન પર મસ્તક ધુણાવ્યાં...મહોરછાપ મારી. તુરત જ રાવણે મય અને મારીચ નામના બે રાક્ષસ-વીરોને બોલાવ્યા અને આજ્ઞા કરી:

'જાઓ, પાતાલલંકામાં જઇને ચન્દ્રનખાનો વિદ્યાધર સાથે મહોત્સવપૂર્વક વિવાહ કરી આવો.'

બંને રાક્ષસ વિદ્યાધરો પહોંચ્યા પાતાલલંકામાં. ખરની સાથે ચન્દ્રનખાનું લગ્ન કરી, પાતાલલંકા ખરને સોંપી, લંકા પાછા આવ્યા.

કાળની ગતિ અસ્ખલિત છે...વર્ષો વીત્યાં.

લંકાનું રાજ્ય સુવ્યવસ્થિત બન્યું. રાવણની રાજ્યસભામાં સર્વવિષયો ચર્ચાવા લાગ્યા...દેશ અને પરદેશની કથળતી કે સુધરતી પરિસ્થિતિઓ પર સમાલોચનાઓ થવા લાગી.

રાવણની સભામાં કલાકારો કીર્તિ કમાવા માંડયા.

સંગીતકારો આવે છે...રાવણને રીઝવી જાય છે.

ચિત્રકારો આવે છે...રાવણને પ્રસન્ન કરી જાય છે.

નૃત્યકારો આવે છે...રાવણને ખૂશ ખૂશ કરી જાય છે.

કથાકારો આવે છે...રાવણને રસતરબોળ કરી જાય છે.

રાવણ પણ તેમને એવા ધનભરપૂર કરી દે છે કે રાવણને સંગીતકારો સંગીતમાં ગાવા લાગ્યા! ચિત્રમાં પૂરવા લાગ્યા! નૃત્યકારો નૃત્યમાં ઉતારવા લાગ્યા અને કથાકારો કથામાં વહેતો કરવા માંડયા!

એક દિવસ એક કથાકારની વાતમાંથી વાત... અને તેમાંથી એક વાત નીકળી પડી.

વાત આ હતી.

કિષ્કિન્ધામાં આદિત્યરજા સુખપૂર્વક કાળ નિર્ગમન કરતો હતો.

તેની ઇન્દુમાલિની રાણીએ એક પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ પાડવામાં આવ્યું વાલી. વાલીની વીરતા અજોડ. વાલી જ્યાં તરુણવયમાં આવ્યો ત્યાં તેણે કમાલ કરવા માંડી.

રોજ તે 'જંબૂદ્વીપ'ને પ્રદક્ષિણા દેવા માંડયો અને સર્વ જિન ચૈત્યોની યાત્રા કરવા માંડયો.

ઇન્દુમાલિનીએ બીજા એક પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ 'સુગ્રીવ' પાડવામાં આવ્યું. અને ત્યારબાદ જે પુત્રીનો જન્મ આપ્યો તેનું નામ સુપ્રભા. આદિત્યરજાનાં ભાઇ ઋક્ષરજાની અર્ધાંગના હરિકાન્તાએ પણ બે પ્રબળ પરાક્રમી યુવાનોને જન્મ આપ્યો. તેમનાં નામ નલ અને નીલ.

વૃદ્ધ આદિત્યરજાએ નવી પ્રજાને નિહાળી. તેણે જોયું કે 'વાલી વિશ્વનો અજોડ પરાક્રમી છે.'

બસ! રાજ્ય વાલીને સોંપી આદિત્યરજાએ સંસારનો ત્યાગ કર્યો. સંયમ સ્વીકારી કર્મવનને સળગાવી દેવા તીવ્ર તપને તપવા માંડયો. જ્યાં કર્મવન બળીને ખાખ થઇ ગયું....ત્યાં મુનિ મુક્તિવાસમાં જઇ પહોંચ્યા.

રાવણ કથાકારની આ કથા એક રસે સાંભળી રહ્યો હતો.

વાલી વાનરદ્વીપનો અધિપતિ બન્યો.

તેણે પોતાના નાનાભાઈ સુગ્રીવને યુવરાજપદે સ્થાપ્યો.

સુગ્રીવ પણ વાલીના પગલે પગલે ચાલનારો છે...તેની દૃષ્ટિમાં નિર્મળતા છે. તેના વિચારો ન્યાયપૂત છે, તેનું અંતઃકરણ કરુણાભીનું છે...તેના બાહુ પરાક્રમી છે.

આમ સુગ્રીવ, નલ અને નીલની સાથે વાલી પ્રચંડશક્તિને ધારણ કરી રહ્યો છે.

કથાકારે વાલીના પ્રરાક્રમની પેટ ભરીને પ્રશંસા કરી.

પરંતુ એ કથાકાર કયાં જાણતો હતો હતો કે એની કરેલી પ્રશંસા એક ભયંકર વિગ્રહનું બીજ બનનાર છે!

ગુણીપુરુષોની પણ પ્રશંસા ક્યારેક ગુણીપુરુષોને સંકટમાં મૂકી દેનાર બને છે, ગુણીપુરુષોની પણ પ્રશંસા એવી વ્યક્તિઓ આગળ ન કરવી જોઇએ કે એ પ્રશંસા પર જેઓ અંતરના અનુમોદન પાથરવા માટે તૈયાર ન હોય.

બીજાના મહાન ઉત્કર્ષની કથા સાંભળી એના અનુમોદનની પુષ્પાંજલિ ચઢાવનારા પુરુષો પૃથ્વી પર બહુ થોડા મળશે.

વીર વાલીને પોતાનાં ચરણોમાં ઝુકાવવાની મેલી મુરાદ રાવણનાં હૈયામાં જન્મી.

સભાનું વિસર્જન કરી દઈ રાવણ પોતાના ખાનગી મંત્રણાલયમાં પહોંચી ગયો અને પોતાના વિશ્વાસપાત્ર દૂતને બોલાવ્યો.

દૂતને વિસ્તારથી વાલી પરનો સંદેશો આપી કિષ્કિન્ધા તરફ રવાના કર્યો અને વાલી શું પ્રત્યુત્તર આપે છે તેની રાહ જોતો બેઠો. (ક્રમશઃ)

# મનન અને ચિંતન

ડૉ. શ્રી વલ્લભદાસ નેણશીભાઈ

મુમુક્ષુ તથા જીજ્ઞાસુ જીવોને સામાન્ય રીતે અંતર્મુખ બનવાને માટે ઉપયોગી આ લેખમાળા જૈન-જૈનતર સર્વ કોઈને એક સરખી રીતે ઉપકારક છે. અનેક પુસ્તકો તથા સાહિત્યના વાંચનના નિષ્કર્ષ રૂપે આલેખાતી આ લેખમાળા વર્તમાનના બાહ્ય વાતાવરણમાં રાચતાં જીવોને આંતરદૃષ્ટિ તરફ પ્રેરણા આપનારી છે. સર્વ કોઈ આં વાંચે ને વિચારે!

## પ્રભુનામ દ્વારા થતી પરાભક્તિનો ક્રમ

પ્રથમ પગથીયે પાપનું ભાન થવું. બીજે પગથીયે પાપકર્મનો પશ્ચાત્તાપ થવો, ત્રીજે પગથીયે પાપમાંથી નિવૃત્ત થવું, ચોથેપગથીયે કુસંગથી ઉપસમત થવું, પાંચમે સત્સંગમાં પ્રીતિ થવી, છઠે પ્રભુનામમાં રુચિ થવી, અને ગામ કુથલીમાં અરુચિ થવી, સાતમે આંતરિક ભાવોનો ઉદય, અને છેલ્લે આઠમે પગથીયે પરમાત્મપ્રેમ–પરાભક્તિ જાગૃત થાય છે.

તણખલાના જેવા હલકા બનવાથી, વૃક્ષના જેવા સહિષ્ણુ થવાથી, માન્ય વ્યક્તિને માન આપવાથી, પ્રભુમહિમા સમજવાથી તથા અભિમાનનો ત્યાગ કરવાથી સાધના વ્હેલી ફળે છે. આ બધી યોગ્યતા મેળવવા માટે સત્સંગ, ધર્મગ્રંથો અને ભકતચરિત્રોનો અભ્યાસ, ગુરુ આજ્ઞાનું પાલન, તથા પિતા–માતા વગેરે વડીલોની તેમજ સુપાત્ર સાધુ–સંતોની સેવા પૂજા એટલાની અગત્ય છે.

પ્રભુનામમાં રુચિ થવા માટે દરરોજ બહુ અલ્પ સમય માટે પણ સાધન કરવુ જોઈએ, તેમ કરવું સારૂં ન લાગે તો પણ કડવા ઓસડનો ઘુંટડો ઉતારવાની પેઠે અનિચ્છાએ પણ પ્રભુ નામ–સ્મરણ કરવાનું જારી રાખવાથી ક્રમે ક્રમે રુચિ પેદા થશે. નામની અરુચિનું ઓસડ નામ જ જેમ પિત્તરોગમાં મોઢું કડવું બની જાય છે ત્યારે સાકર પણ કડવી લાગે છે કિંતુ એ રોગનું ઓસડ જ સાકર છે–ખાતાં ખાતાં સાકર મીઠી લાગવા માંડે છે તેવીજ રીતે નામ-સ્મરણ કરતાં કરતાં નામમાં અભિરુચિ થાય છે. અંતર કલેશ દૂર કરવા માટે પણ એ એક જ ઔષધ છે. ધીરજપૂર્વક ભગવાનનું મહત્વ સારી પેઠે સમજી એ મહત્ત્વના સ્મરણપૂર્વક પ્રભુનું નામ રટતા રહેવું.

લાંબા વખતના રોગીને ઓસડ ખાતાં ખાતાં ઓસડ ઉપર શ્રદ્ધા રહેતી નથી. દરદને લીધે તે કંઈ કંઇ ધમપછાડા કરે છે. કારણ વ્યાધિ નિવારણનો બીજો કોઈ ઈલાજ જ નથી.

મોક્ષપ્રાપ્તિ માટે પૂર્વજન્મ, જન્માંતરના સર્વ કર્મોના ફળ ભોગવી લઈને તેનો અંત આણવો જોઇએ.

ભગવાનના સ્મરણ–ચિંતનના પ્રભાવે મુક્તિ સહજ પ્રાપ્ત થાય છે, પરંતુ કામ–ક્રોધ રૂપે રજોગુણ, અથવા તામસ ગુણ, નામ સ્મરણમાં રુચિ થવા દેતું નથી· છતાં એ વિઘ્નો વચ્ચે પણ સ્મરણ–ચિંતન તો કરવું જ જોઇએ.

પ્રથમ સાધનારૂપી ઔષધ, અને શમદમાદિ રૂપ પરહેજી સેવીને વિષય–સ્વાદ મૂકી દેવા જોઈએ.

વિષયાસક્તિ હોય ત્યાં સુધી આત્માનંદ પ્રાપ્ત થતો નથી. મન સંયમ સાધવા માટે, જેને અપરાધી શત્રુ લેખતા હો અને જેનું અનિષ્ટ કરવા ધારતા હો તેની અકપટ ભાવથી સેવા કરો, જેથી તેનું હિત થાય તેવું આચરણ રાખો. હૃદયમાં શત્રુતા હશે ત્યાં સુધી મન સ્થિર થઇ શકશે નહી એ તો અંદરમાં પરૂ ભરેલો ઘા રહેવા દઇ ઉપર મલમપટ્ટી ચોડવા સમાન થશે.

## —ગૃહસ્થાશ્રમની યોગ્યતા—

સંસારમાં ખાબોચિયાની માછલી પેઠે કદાચ રહેવું પડે તો રહો. માછલી કાદવમાં રહે છે પણ તેને શરીરે કાદવ લાગતો નથી તેમ તમને પણ સંસારમાં રહેવા છતાં સંસારની મલિનતા લાગશે નહીં.

મારૂં તો કાંઈ નથી; મારો તો માત્ર પરમાત્મા જ છે, એવી ભાવના રાખી સંસારમાં રહેવાનું થાય તો રહો તો તમને તે દૂષિત નહીં કરે પણ દુધ અને પાણી ભેગાં કરીયે તો તે મળી જશે તેને કદી છુટાં નહીં પડાય. દુધનું દહી બનાવી તેને વલોવી ઘી બનાવીયે અને તે ઘીને પાણીમાં નાંખીયે તો તે ઉપર જ તર્યા કરશે. સંસાર પાણી જેવો છે અને મન દુધ જેવું છે. પ્રથમ સાધન કરી મનને ઘી જેવું બનાવી પછી સંસારમાં રહો એટલે તમને સંસારથી કાંઈ નુકશાન નહિં થાય.

માનવ જીવનમાં સ્વાદ અને કામ એ બે જીતવાં બહુ કઠણ છે આત્મસંયમ આવે તો જ બન્ને ઇન્દ્રિયો વશ થઇ શકે છે.

કળીયુગમાં ભગવાનનું નામ એ જ ભવરોગની મહાઔષધિ છે.

## વૈભવ પ્રાપ્તિ

મનુષ્યોના મોટા ભાગનું જીવન ઘણુ સંકુચિત અને હલકું હોવાનું કારણ જ એ છે કે તેમણે આખી જીંદગી કેવળ ધન કમાવામાં જ ગાળી હોય છે પાછલા જીવનનો અને સંગ્રહેલા ધનનો હજુ પણ જો તેઓ ઉંડી બુદ્ધિપૂર્વક સદુપયોગ કરવા માંડે તો હજુ પણ તેઓ પોતાની બાકીની જીંદગી સુખમય અને સુંદર બનાવી શકે તેમ છે.

જે મનુષ્યે આખી જીંદગી માત્ર ધન જ કમાવામાં અને સાચવવામાં ગાળી હોય છે અને જે બહુ તો માત્ર મરતી વખતે જ દાન પુણ્ય વાસ્તે નાણાં કાઢે છે તે મનુષ્યની જીંદગી ઉત્તમ નહીં પણ કનિષ્ટ જ કહેવાય.

મારાં ફાટી ગયેલાં જુના નકામા વસ્ત્ર હું કોઈને આપી દઉ તેમાં કાંઈ જ મહત્ત્વ નથી પરંતુ નવાં મજબુત વસ્ત્ર કોઇ ઠંડીથી ધ્રુજતા ગરીબને આપી શકું તેમાંજ પરોપકાર છે નવા એ વસ્ત્રની સાથે જો હું તેમાં મારો પ્રેમ આપું તો તેને પણ બેઘડી બક્ષીસ મળે છે અને મને પણ બમણી આશીષ મળે છે.

મનુષ્યે ભેગા કરેલાં ધનનો સદુપયોગ કરવાનો સારામાં સારો સમય અને માર્ગ એ જ છે કે તેણે જીવે ત્યાં સુધી દિન પ્રતિદિન પોતે જ પરોપકાર પાછળ તેનો સદુપયોગ કરવો. આ પ્રમાણે કરવાથી જ તેનું પોતાનું જીવન વધારે ઉન્નત અને વિકાસવાળું થશે. એક સમય એવો આવશે કે જ્યારે પોતાની પાછળ પુષ્કળ ધન મુકી જવું એ તેની એક પ્રકારની અપકીર્તિ લેખાશે. તાત્પર્ય એ જ કે પરોપકારના કામ પોતાની ભવિષ્યની પ્રજાને અથવા ટ્રસ્ટીઓને સોંપી જવા કરતાં જીવતાં જીવંત અને પંડેજ તેનો બને તેટલો વધારે સદુપયોગ કરવો જોઇએ.

## એકાગ્રતા

એકાગ્રતાના અનેક ઉપાય છે. તે બધા ઉપાય પણ તત્કાળ પુરતાજ કામ આપનારા છે. એટલે કે જેટલો વખત તે ઉપાયનું અવલંબન લેવામાં આવે તેટલોજ વખત મન થોડું ઘણું સ્થિર બને છે. મનના સંકલ્પ-વિકલ્પ સર્વાંશે નષ્ટ ન થાય ત્યાં સુધી ચિત્તની યથાર્થ એકાગ્રતા સાધ્ય થતી નથી.

ભગવાન છે એ સત્ય સદા સર્વદા સ્મરણમાં રહેવું જોઇએ. સ્મરણ-મનન અને નિદિધ્યાસન એ બધા એકાગ્રતાના સર્વોત્તમ ઉપાયો છે.

સ્મરણ:- પ્રથમ તો પ્રભુના અસ્તિત્વનું સ્મરણ સર્વ કાળમાં, સર્વ સ્થળમાં, સર્વ ભૂતમાં અને સર્વ પ્રસંગમાં સાધ્ય બનવું જોઈએ તે પછી બીજું.

મનન:- અસ્તિત્વ વિષેનું જ્ઞાન દૃઢ થતાં મન એ દિશામાં આપોઆપ વળે છે. જેવી રીતે સાપને તેજસ્વી પદાર્થ દેખાતાં તે એ તેજના પદાર્થ તરફથી પોતાની દૃષ્ટિ બીજે ક્યાંઇ ફેરવી શકતો નથી તેવી રીતે મનને પણ અસ્તિત્વનું બરાબર ભાન થતાં બીજે ક્યાંઈ તે રોકાઇ શકતું નથી.

ત્રીજું-નિદિધ્યાસન:- સ્મરણ-મનનથી જે સ્વાદ આવે છે તેનો પુનઃ પુનઃ ઉપભોગ કરવો તેનું નામ નિદિધ્યાસન છે. આ સ્મરણ, મનન અને નિદિધ્યાસન એ ત્રણ એકાગ્રતાના ખાસ ઉપાયો છે.

મનને એકાગ્રતાના માર્ગમાં લાવવામાં અંતરાય રૂપ શું છે ? મનના સંકલ્પ-વિકલ્પ તો નિરંતર ચાલુ હોય છે અને તેથી મન અસ્થિર બને છે. આના ઉપર કાબુ આવતો નથી એના કારણમાં મુખ્યત્વે જિહ્વા અને ભોગેંદ્રિય એ બે ઈન્દ્રિયોનું પ્રાબલ્ય છે. ભોગેંદ્રિય ઉપર સ્હેજે કાબુ મેળવી શકે છે પણ જિહ્વા-રસનેદ્રિયનું દમન થઇ શકતું નથી. કોઇ નિંદા કરતું કે કડવું વેણ ઉચ્ચારતું આવે કે લૂલીબાઈ (જીભ) તેનો પ્રતિકાર કરવાને તરત જ લલચાય છે. એ જીહ્વા ઈંદ્રિય વશ થતાં નિંદા કે પ્રશંસા મનને ચંચળ કરી શકતાં નથી.

આહારની સાથે ધર્મને પણ સંબંધ છે. આહાર જો અતિ સાવધાનપણે ન કરવામાં આવે તો ધર્મનો નાશ થઇ જાય છે એક વ્યક્તિ લસણ ખાતી ન હોય તેજ લસણ ખવડાવ્યાથી તેને આખો દહાડો શરીરમાં દાહ ઉઠયા કરે છે અને આખા દહાડામાં ધર્મ કાર્ય થઈ શકતું નથી.

ક્રોધી માણસ જો ડુંગળી-લસણ ઇત્યાદિ તામસી આહારનો પિત્તને વધારનાર ઉત્તેજક ચીજોનો વિશેષ આહાર કરે, કામીજન જો મિષ્ટાન્ન અને કામોત્તેજક ચીજોનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે, લોભીજન જો અધિક તીખું ભોજન લે, અહંકારી જો મસૂરની દાળ વધારે ખાયા કરે, સંસારાસકત વ્યકિત જો ખટાશનું અધિક સેવન કરે, અને અભિમાની મનુષ્ય જો અધિક ખારૂં ખાયા કરે તો તેમનું એ કાર્ય અણસમજુ બાળકના જેવું હોઇ. મન સંયમમાં અને તેથી કરીને એકાગ્રતામાં અંતરાયરૂપ થઇ પડે છે.

મન અંતર્મુખ થયા વગર તો એકાગ્ર બને જ નહિ. સ્મરણ-કીર્તન-જપ એ બધાથી મન અંતર્મુખ થાય છે. સમીપમાં કોઈ ન હોય તો જ એકાગ્ર થઈ શકાય એવું નથી, મનરૂપી ઘોડો ઘૂમ્યે જ જાય છે. નિર્જન સ્થાનમાં હો કે ઘરના દ્વાર બંધ કરીને એકાંતમાં એકલા બેસો અથવા તો સર્વ સંગનો ત્યાગ કરીને અરણ્યમાં જઇને રહો એથી એકાંતવાસ થાય તો ખરો પરંતુ એકાગ્રતા માટે મૂળ વાત તો એ જ છે કે મન અંતર્મુખ બનવું જોઈએ. બાકી નિર્જન વાસમાં પણ મન બાહ્ય વિચારમાં ભટકતું હોય તો એકાગ્રતા સિદ્ધ થતી નથી.

મનના નિરોધ માટે શાસ્ત્રકારોએ 'અભ્યાસ અને વૈરાગ્ય' અને પ્રભુભક્તિ એ ત્રણ સાધનો બતાવેલ છે.

અભ્યાસ-મનને સ્થિર કરવાને માટે વારંવાર તેને એક વિષયપર ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો તેનું નામ અભ્યાસ.

વૈરાગ્ય-કામિની-કાંચન, આદિ વિષયોમાં તથા સ્વર્ગાદિ વિષયોમાં તૃષ્ણારહિત થઇ ચિત્તની રાગ રહિત સ્થિતિનું નામ વૈરાગ્ય. સંસારના નાશની ઇચ્છા પ્રબલપણે રહેવી તેનું નામ વૈરાગ્ય.

ચિત્તને એક નદીની ઉપમા આપેલી છે. તેના બે પ્રવાહ વહે છે એક પ્રવાહ કલ્યાણકારી પ્રવૃત્તિ તરફ અને બીજો પ્રવાહ અકલ્યાણકારી (પાપવાળી) પ્રવૃત્તિ તરફ. વિવેક માર્ગનું અનુસરણ કરવાવાળી ધારા કલ્યાણકારી અને અવિવેકરૂપી માર્ગનું અનુસરણ કરવાવાળી ધારા પાપોની તરફ વહે છે.

પ્રભુની ભક્તિ પણ મનને સ્થિર રાખવામાં અનન્ય આલંબન છે.

# વેરાયેલાં વિચાર રત્નો.

( પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરનાં વ્યાખ્યાનોમાંથી ઉધ્ધૃત. )

અવતરણકાર : **શ્રી સુધાવર્ષી**

⊙

ક્ષમા જેના હૈયામાં હોય એની વાણી મધુર હોય, ક્ષમા જેના હૈયામાં હોય એનું હૈયું વિશાળ હોય; અને, ક્ષમા જેના હૈયામાં હોય તેને સદ્‌ભાવપૂર્ણકનો વિવેક હોય.

કાળ પલટાય એટલે વસ્તુ પલટાય, પર્યાય પલટાય, એટલે વસ્તુ પલટાય. ગઇકાલે જે સારૂં હતું તે આજના કાળમાં પાછું આજે સારૂં આવશે, એ આશા ખોટી છે.

ક્રોધ એ પુન્યાઇને ઘટાડનાર છે.

ક્રોધ એ સદ્‌ભાવને ઘટાડનાર છે.

અને ક્રોધ એ પ્રીતિનો નાશ કરનાર છે.

પુન્યાઇ ઓછી હોય તો સહનશીલતા કેળવવી જોઇએ. કોઇના ઉપર ગુસ્સો ન કરવો. ક્ષમા રાખો !

સુખશીલીયા માણસો ધર્મ કરતાં નથી. જ્ઞાની કહે છે કાયાને કષ્ટ આપ્યા વિના ધર્મ થતો નથી. માટે કાયા પાસેથી ય પણ સત્કાર્યો માટે કામ લેવું... સહન તો કરવું જ પડેને ? પણ તે વિના સિદ્ધિ નથી.

સંસારમાં સહુ કોઇને માટે કર્મફિલોસોફી સતત એનું કામ કર્યા જ કરે છે.

મૌનમાં ગંભીરતા, ધીરતા, ના, હા અને ઉપેક્ષા પણ છે. માટે મૌનને ધારી રાખવું તે શ્રેય છે. મૌનમ્ સર્વાર્થસાધનમ્. મૌન હશે તો અનેક પાપોથી બચવાતું રહેશે. પણ મૌન મૂર્ખાઇના ઘરનું નહિ અને ડહાપણના ઘરનું જોઇએ.

અનુપયોગ એ પ્રમાદ છે.

ઉપયોગ એ અપ્રમાદ છે.

શરીરને પંપાળવાવાળા આત્માઓ વીતરાગનો ધર્મ નહિં કરી શકે, અને શરીરપર અત્યંત મોહ રાખનાર વીતરાગનો ધર્મ પામી નહિં શકે. પણ શરીરની મમતા જેઓ મૂકશે તેઓ જ ધર્મ કરી શકશે.

જેમ પુન્યાઇથી સંપત્તિની પ્રાપ્તિ થાય છે. તેમ કર્મની લઘુતાથી સમાધિની પ્રાપ્ત થાય છે.

મોહની માત્રા સંસારમાં ઘણી જ હોય છે પણ વિવેકની જ માત્રા ઓછી હોય છે.

હર્ષ અને ઉન્માદમાં ગાંડા બનનાર માનવીને પાછળ શોક અને વિષાદના બે ભૂતો વળગે છે.

હિંસા એ અનીતિ છે. અપ્રામાણિકતા છે. બીજાને મારીને જીવે એ માનવ નથી પણ દાનવ છે.

સંસારમાં જે વ્યક્તિ શૌર્ય કેળવશે તેની તે શૌર્યતા તેને પરિણામે મડદાલ જ બનાવવાની, અને સંયમમાર્ગે શૌર્ય પ્રગટાવશે તેનું કાયરપણું હંમેશને માટે ચાલ્યું જશે.

સંસારમાં અનેક પ્રકારના નાટક, ચેટકો કરતા આજના જુવાનોને શરમ નથી આવતી અને ધર્મસ્થાનોમાં ભગવંતની ભકિત કરવી હોય તો શરમ આવે છે. રે નિર્વિવેક !

શ્રધ્ધા અને શકિતરૂપી રોકેટ—આત્મારૂપી સ્પુટનિકને ઉંચે ચઢાવે છે.

સાધર્મિકની ભક્તિ એટલે આરાધક તથા આરાધનની ભકિત.

અને આરાધકની ભકિત એટલે શાસનની ભક્તિ.

વિવેકી આત્માઓ વિપત્તિમાં પણ પોતાના જ

દુષ્કર્મને દોષિત ગણે છે.

જ્યાં જે ધર્મકાર્યમાં ઔચિત્ય સચવાય તે જ સાચું ઔચિત્ય.

સાધુ કે સાધર્મિકને જોઇને સામાન્ય વ્યવહારથી હાથ જોડે તે ગુણ.

અને શ્રધ્ધાપૂર્વક હાથ જોડે તે સદ્‌ગુણ.

આ બન્નેયમાં ઔચિત્ય રહેલું છે.

સંસારમાં રહી ધર્મ કેટલો થાય? ગમે તેટલો કરે તો પણ સાગરમાં બિન્દુ સમાન.

આત્મામાં ધર્મની ભાવના જાગવી, ઉત્સાહ જાગવો એ કઠીન. પણ ભાવના જાગ્યા પછી વિઘ્ન બહુ આવે તેમાં પાર ઉતરવું તે મહાકઠીન.

કર્મ સંસાર આપે છે. ધર્મ સિદ્ધિપદ આપે છે. કર્મની સત્તા ખાનદાની વિનાની છે. ધર્મની સત્તા ખાનદાનીવાળી છે.

શાસનને જે વફાદાર હોય તેને દુનિયાની કિંમતની કંઇ પડી જ નથી.

મિથ્યાભિમાન એ કે આના માટે હું છું મારા માટે એ છે.

મોહ એ છે કે આ બધું મારૂં છે મિથ્યાભિમાન તથા મોહ જ્યાં હોય છે ત્યાં હર્ષ હોય છે અને તુરત તેની પાછળ વિષાદ હોય છે.

ધર્મની ભક્તિ થતી હોય ત્યાં નિર્વિવેકી માનવી સંસારને આગળ લાવે છે. અ જાય છે જ્યારે ઘરમાં કરવું હોય માનવી વ્યવહાર કહીને હોંશ હોંશ

દુનિયાના પદાર્થોને ગાવા માટે ગળું મળ્યું નથી, પણ વીતરાગની ભાવપૂર્વકની ભક્તિ માટે જ ગળું મળ્યું છે. અમારો કંઠ અરિહંતના જ ચરણે સમર્પિત હો! ગાવાની કલા તો સ્વાભાવિકતાને વરેલી છે.

સત્તાના વિકારો ઘમંડ છે. અને સત્તાના સંસ્કારો સેવાભાવ અને નમ્રતા છે જ્ઞાનના વિકારો અભિમાન અને ઘમંડ છે. અને જ્ઞાનના સંસ્કારો લઘુતા તથા પાપભય છે.

જીભના સ્વાદને પોષણ કરનાર ફરસાણ સંસારમાં ધમસાણ કરાવે છે, અને જીભના સ્વાદને પોષણ કરનારા ભજ્યા સંસારમાં કજ્યા કરાવે છે,

વેદના કરતાં વ્યથા વધે, અને વ્યથા કરતાં વિંટમ્બના વધે. પરની વેદના, વ્યથા કે વિંટમ્બના જોઇને અજ્ઞાન આત્મા હસે, મધ્યસ્થ મૌન રહે, અને ઉત્તમ માનવી તેનું દુઃખ જોઇ હૃદયમાં કરુણા ચિંતવે. ને કર્મના વિપાકો સમજી પાપથી પાછો હટે.

સુખમાં કે દુઃખમાં માનવીને સમજણ આવવી જોઇએ, કે આ દુઃખ મને શાથી છે? દુ;ખમાં કાયરપણું નહિં ચિંતવવું. સુખમાં સમભાવ રાખવો, છલકાઇ ન જવું.


સંસારમાં મોટામાં મોટી તૃષ્ણા વિષયની છે. અને મોટામાં મોટી વ્યથા કષાયની છે.

ત્યાગ રાગની સામગ્રી આપે છતાંય ત્યાગની ભાવના હૈયામાં સમર્પિત કરે.

રાગ દિવાલ ઉભી કરે છે. ત્યાગ પુલ બને છે.

સંસારમાં સામાન્ય ગણાતો ત્યાગ. સુખ આપશે ત્યારે સંસારમાં સાચાં વૈરાગ્યભાવનો ત્યાગ સમાધિ આપશે.

★



# અસમીક્ષિત કાર્ય

ત્રિવેદી શ્રી કાન્તિલાલ મોહનલાલ, અમદાવાદ

જૈનધર્મમાં કર્મબંધના ઘણા કારણો દર્શાવેલાં છે તેમાંનું એક 'અસમીક્ષિત કાર્ય છે.

અસમીક્ષિત કાર્ય, એટલે કાર્યના પરિણામ વિનાનું કાર્ય કરવું તે. અને સમીક્ષિત કાર્ય એટલે મારી આ પ્રવૃત્તિનું શું પરિણામ આવે તેની વિચારણા સહિતનું કાર્ય.

આપણે જોઈએ છીએ કે કેટલાક માણસો જડભરતની માફક જ બોલવું, ચાલવું, ખાવું, પીવું, સુવું, ફેંકવું વગેરે ક્રિયા કરતા હોય છે. આવા માણસોના શરીરમાં રહેલો જીવનો ચૈતન્ય ગુણ જાણે જડ બની ગયો હોય છે. એના પરિણામે એવા માણસો પોતે પણ દુઃખી થાય છે અને બીજાને પણ દુઃખરૂપ બનતા હોય છે આશ્ચર્યની અવધિ તો તે હોય છે કે પોતે દુઃખી થવા છતાં પોતાની રસમ બદલી શકતા નથી. એટલેજ માણસને કેટલીક વખતે ઢોરની ઉપમા અપાય છે. તેમ આવા માણસોને જડભરતની ઉપમા આપીએ તો તે ખોટું નહિ કહેવાય.

માણસે મનમાં આવ્યું તે કરી નાખવાનું ન હોય. માણસે ગધેડાની પાછળ ન ચાલવું જોઇએ પણ વિચારવું જોઇએ કે ગધેડાને લાત મારવાની ટેવ હોય છે તે મુજબ પગ ઉંચો કરે તો મને વાગે. એજ રીતે મેડા ઉપર રહેનારે સળગતી બીડી, એંઠવાડ, કચરો વગેરે નાંખવું હોય ત્યારે વિચારવું જોઈએ કે કોઈના ઉપર પડશે તો ? એક સ્ત્રીએ મેડા ઉપરથી ખાંડેલા અજમાનો કચરો નાખ્યો, મારી આંખમાં પડયો ને આંખોમાં બળતરા ઉઠી. મહામુશીબતે કેટલીય વારે ઠંડક થઇ.

જો આ સ્ત્રીએ સમીક્ષિત કાર્ય કર્યું હોત તો તેને જરૂર વિચાર આવત કે કોઇના ઉપર પડશે તો ? એવું જ કચરા, એંઠવાડ, બીડીથી કોઈ સળગી જાય, એંઠવાડથી કચરાથી કોઈનાં કપડાં બગડે, કોઇ દહીં, દુધ વગેરે ખાદ્ય પદાર્થો લઇ જતા હોય તો તેમાં પડે.

અમારી પોળમાં એક ડોશીમા હતા તેમને કચરો લીંટ વગેરે ઉપરથી ફેંકવાની આદત હતી. આના પરિણામે ઉપર જણાવ્યું તેમ કોઈના ઉપર પડે ત્યારે તકરાર થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન થતી. આમ છતાં મૃત્યુ સુધી તેઓ પોતાની રીત છોડી શકયાં નહિ.

આજ રીતે ઘણા માણસોને આપણે કેળાની છાલ ઉપરથી પડી જતાં જોઈએ છીએ, ઘણાના હાથ–પગ ભાંગે છે ને એક જણના મૃત્યુના સમાચાર પણ એ કારણે થયાનું જાણવામાં આવ્યું હતું. આ રીતે કેળાની છાલનાં ભયંકર પરિણામો જોવા, સાંભળવા, ને વાંચવા અનુભવવા છતાં માણસો કેળાની છાલ ગમે ત્યાં નાંખે છે.

આ અસમીક્ષિત કાર્યનો જન્મ શામાંથી થાય છે તે પણ જરા વિચારી લઈએ. આવા માણસો માત્ર પોતાનોજ સ્વાર્થ દેખનાર હોય છે એટલે એમને એ વિચાર આવતો જ નથી કે બીજાનું શું ? અને બીજાનું શું ? એ વિચાર ત્યારે આવે છે કે જ્યારે માણસને એ વાત સમજાય છે કે, જેમ દુઃખ મારા જીવને નથી ગમતું તેમ બીજાને પણ નથી ગમતું.'

એટલે બીજામાં પણ જીવ છે ને તેના દુઃખની ચિંતા મારે કરવી જોઇએ એવો દયાભાવ જાગે છે તેજ સ્ત્રી કે પુરુષ આવા સમિક્ષિત કાર્ય કરનારો બને છે.

અસમીક્ષિત કાર્યના પરિણામે જેમ બીજાને દુઃખી થાય છે તેમ એને આચરનારો પણ દુઃખી થાય છે. બીડી–સીગારેટ પીનારા પથારીમાં સુતે સુતે પીએ છે ત્યારે જો એને એટલો વિચાર આવે કે કદાચ હું ઉંઘી જાઉં તો આજ બીડી–સીગારેટ મારા જાનમાલનું જોખમ કરે.

આવો વિચાર નહિ કરવાના પરિણામે ઘણા માણસે એ રીતે મરી ગયા. ઘણાની ઘાસની ગંજીઓ સળગે છે ઘણી વખત દારૂખાનાની દુકાનોમાં આગ લાગે છે. એવા અસમીક્ષિત કાર્ય કરવાના પરિણામે એક ઘરમાં ભયંકર હોનારત સર્જાઇ હતી. જેના પરિણામે ચાર-પાંચ માણસો મરી ગયા. ઘર સળગી ગયું ને બીજી ચીજ-વસ્તુ નાશ પામી તે જુદી.

આ વાત વિસ્તારથી લખવી હોય તો બોલવામાં, ચાલવામાં, ખાવામાં, પીવામાં ઈત્યાદિ દરેક પ્રવૃત્તિમાં અસમીક્ષિત કાર્ય કરવાથી કેવાં ભયંકર પરિણામો સર્જાય છે તે કહી શકાય તેમ છે 'સમજુને સાનમાં' એ ન્યાયે માણસે સ્વ-પરના હિતની ચિંતા કરીને નુકશાન કરનાર બધાં અનુમાનો વિચારી લેવાં જોઈએ ને પછી એમ ન વિચારવું કે મારે શું ? બીજા મરે. અથવા આમ શાનું બને છે ? આ વિચારણા અવિવેકના પાપથી ભરેલી છે. ઉલટું એમ વિચારવું કે કોઇને પણ નુકશાન ન થાય તે જોવાની મારી ફરજ છે. અને કદાચ આમજ બને તો શું થાય ?

ભાગ્યે-ક્વચિત બનતી પણ બનવાજોગ હોય એવી દરેક અસત્ પ્રવૃત્તિથી દૂર રહેવું એમાં બીજાનું પણ કલ્યાણ છે ને પોતાનું પણ છે.

દરેક માણસ આ રીતે વિચારશીલ પ્રવૃત્તિ વાળો બની સ્વ-પરને કલ્યાણકારી રીતે બોલે, ચાલે, ખાય, પીએ, ઈત્યાદિ દરેક પ્રવૃત્તિ કરે એજ શુભ કામના.


માળા, સાપડા, ઠવણી, બટવા વગેરે

**ખાસ પ્રભાવના માટે**

## રેડીયમ તથા પ્લાસ્ટીકના

**પ્લાસ્ટીકનો સેટ** જેમાં સ્થાપનાચાર્ય, સાપડી, માળા, બોકસમાં તૈયાર મળશે. મૂલ્ય રૂા. એક. વધુ માટે મળો અગર લખોઃ-

**સુનલાઇટ પ્રોડકટસ**

૫૯/૬૭ મીરઝા સ્ટ્રીટ—**મુંબઇ-૩**



**બાળકોને સંસ્કાર આપતું સસ્તુ**

## સાહિત્ય

| | |
|---|---|
| મહાકવિ ધનપાળ | ૦-૫૦ |
| સવા સોમા | ૦-૨૫ |
| દેવપાલ | ૦-૧૨ |
| આજ પછીની આવતી કાલ | ૦-૧૨ |
| વીર રણસીંહ | ૦-૧૨ |
| બત્રીસ લક્ષણો બાળ | ૦-૧૨ |
| અંતરાય કર્મની કથાઓ | ૦-૧૬ |
| મંત્રીશ્વર કલ્પક | ૦-૨૫ |
| અક્ષય તૃતીયા | ૦-૨૫ |
| આત્મસમર્પણ | ૦-૧૨ |
| મહાશ્રાવક આનંદ | ૦-૩૧ |
| સુસીમા | ૦-૧૨ |
| દાદાના દીકરા | ૦-૧૯ |
| દશ ઉપાસકો | ૦-૨૫ |
| જયવિજય કથા | ૦-૫૦ |
| હરિબલ મચ્છીની કથા | ૦-૫૦ |
| પોષ દશમીનો મહિમા | ૦-૫૦ |
| મૌન એકાદશીનો મહિમા | ૦-૫૬ |
| ધર્મ કથાઓ ભાગ ૧ લો | ૦-૭૫ |
| ધર્મ કથાઓ ભાગ ૨ જો | ૦-૭૫ |
| વરદત્ત ગુણમંજરી | ૦-૫૦ |
| નંદનવનનાં પુષ્પ | ૦-૧૨ |
| ચૈત્રી પુનમનો મહિમા | ૦-૧૨ |
| શીયલનો મહિમા | ૦-૧૯ |
| તપનો મહિમા | ૦-૧૯ |
| ભાવનો મહિમા | ૦-૧૯ |
| રાણી રૂપવતી | ૦-૧૯ |

**સોમચંદ ડી. શાહ**

ઠે૦ જીવન નિવાસ સામે-**પાલીતાણા**

# શંકા અને સમાધાન

**સમાધાનકાર: પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

( પ્રશ્નકારઃ-**શ્રી નેમ** )

શં૦ આચાર્યભગવંત કેટલા પ્રકારના હોય ? અને કયા કયા ?

સ૦ આચાર્યભગવંત પાંચ પ્રકારના હોય છે. પ્રવ્રજનાચાર્ય, દિગાચાર્થ, ઉદ્દેશનાચાર્ય, સમુદ્દેશાનુજ્ઞાચાર્ય, અને આમ્નાયાર્યવાચકાચાર્ય.

શં૦ વૈયાવચ્ચનાં સ્થાન કેટલાં અને કયાં કયાં ?

સ૦ વૈયાવચ્ચના સ્થાન દશ છે. આચાર્યભગવંત, ઉપાધ્યાયભગવંત, સ્થવિરભગવંત, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, સાધર્મિક, કુલ, ગણ અને સંઘ.

શં૦ બાહ્યતપમાં સંલીનતા આવે છે તે કેટલા પ્રકારે છે અને કઈ કઈ !

સ૦ સંલીનતા ચાર પ્રકારે છે. ઈન્દ્રિયસંલીનતા, કષાયસંલીનતા, યોગસંલીનતા અને વિવિક્તચર્યાસંલીનતા.

શં૦ પ્રાયશ્ચિત કેટલા પ્રકારના છે અને તે કયા કયા?

સ૦ પ્રાયશ્ચિત દશ પ્રકારના છે આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, કાર્યોત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાન અને પારાંચિત.

(પ્રશ્નકારઃ-**સાધ્વી સૂર્યપ્રભાશ્રીજી ભાભર.**)

શં૦ શ્રી તીર્થંકરભગવંતની ગૌચરી તેઓશ્રીજીના પ્રથમ ગણધર મહારાજ લાવે કે અન્યગણધર મહારાજ લાવે ?

સ૦ શ્રી તીર્થંકરભગવંતની ગૌચરી તેઓશ્રીજીના કોઇપણ ગણધર મહારાજ લાવે. પ્રભુશ્રી મહાવીરસ્વામી ભગવંતની ગૌચરી ઘણે ભાગે શ્રી ગૌતમસ્વામી મહારાજા લાવતા હતા.

શં૦ ઋતુવંતી શ્રાવિકા સ્વપ્નમાં પ્રભુદર્શન; પૂજન આદિ કરે તો દોષ ખરો ?

સ૦ ઋતુવંતી શ્રાવિકા સ્વપ્નમાં પ્રભુદર્શન; પૂજન આદિ કરે તો તેમાં દોષ નથી.

શં૦ શ્રી તીર્થંકરભગવંતને કેવલજ્ઞાન થયા પછી તપશ્ચર્યા કરવાનું પ્રયોજન શું ? કેમકે તેઓશ્રીજીનો મોક્ષ તો નક્કી છે તો નિર્વાણ ટાઈમે માસક્ષમણાદિ તપશ્ચર્યા કેમ કરે છે ?

સ૦ શ્રી તીર્થંકરભગવંતો નિર્વાણ વખતે માસક્ષમણાદિ તપ કરે છે તેનું કારણ એ છે કે તપની મહત્તા જળવાય તેમજ આહારના પુદ્ગલોને મુખદ્વારા કવલાહાર ગ્રહણ કરવાનો સંયોગ નિર્વાણના ટાઇમ પહેલા કેવલજ્ઞાનથી જણાયો ન હોય !

શં૦ કોઈપણ ખાદ્ય અથવા પેય ચીજ લઇ શ્રી જિનમંદિરમાં જવાયું હોય તો તેને ઉપયોગમાં લઈ શકાતું નથી કારણ કે શ્રી જિનેશ્વરભગવંતની દૃષ્ટિ પડી, તો જિનેશ્વરભગવંત જ્ઞાનચક્ષુથી જોઈ રહ્યા છે. વળી શ્રી જિનેશ્વરભગવંત સાક્ષાત્ વિચરતા હતા ત્યારે શું જે વસ્તુ ઉપર તેઓશ્રીજીની દૃષ્ટિ પડતાં તે નિરુપયોગી બની જતી હશે ?

સ૦ શ્રી જિનેશ્વરભગવંતની જે વસ્તુ ઉપર દૃષ્ટિ પડે તે નિરુપયોગી બને છે. આ મર્યાદા સ્થાપનાનિક્ષેપા અંગેની છે. ભાવનિક્ષેપા અંગેની નથી. આવી નીતિ અને રીતિ રાખવામાં ન આવે તો સુચિપ્રવેશે મુશલ : પ્રવેશ : જેવું થઈ:

જાય તે માટે આ મર્યાદા આસ્તિકો માટે અટલ છે. તેમાં યુક્તિ પ્રયુક્તિ ન લગાડવા ભલામણ છે.

શં૦ શ્રી ગૌતમસ્વામીજીની મૂર્તિને અબ્ભુટ્ઠિયા સહિત વંદન કરવું કે ચૈત્યવંદન કરવું?

સ૦ શ્રી ગૌતમસ્વામી ગણધરની મૂર્તિ સિદ્ધાવસ્થા રૂપે હોય તો ચૈત્યવંદન કરવું. પણ જો પ્રવચનમુદ્રાએ હોય તો અબ્ભુટ્ઠિયાથી વંદન કરવું.

( પ્રશ્નકાર:-રોલિયા ઈશ્વરલાલ હરગોવનદાસ-ભાભર. )

શં૦ નીરોગી વ્યક્તિનો શ્વાસ નીરોગી હોય તો પ્રભુપૂજન વખતે મુખકોશ ન બાંધે તો ચાલે ખરુ?

સ૦ નિરોગી વ્યક્તિના શ્વાસમાં પણ અજ્ઞાત અપવિત્રતા રહેલી છે તે માટે પ્રભુપૂજન વખતે આઠપડવાળો મુખકોશ અવશ્ય બાંધવો જ જોઈએ.

શં૦ સંસારના સર્વકાર્યમાં રચ્યા પચ્યા રહેનાર વ્યક્તિને થોડી મહેનતે તરવાનો ઉપાય ખરો ?

સ૦ આવી વ્યક્તિઓ શ્રી વીતરાગ ભગવંતના કથન ઉપર અડગ શ્રદ્ધા રાખે તો તે દ્વારા કાલાન્તરે તે આત્મા ઉંચું ચારિત્ર પાલી મોક્ષે જઈ શકે છે.

શં૦ પૂર્વે એવા કયાં પાપ કર્યાં હોય કે જેથી આ ભવમાં નપુંસકપણું મલે ?

સ૦ પશુ આદિને ખસી કરાવવા આદિથી આવતા ભવે નપુસંકપણું મલે છે. જેમ ખેડુત આદિ સાંઢને ખસી કરાવી બલદ બનાવે છે. કેટલાક રાજા મહારાજા આદિ ગુસ્સે થઈ પોતાના અંતેઉર આદિમાં પાપબુદ્ધિથી પ્રવેશેલા આત્માને નપુંસક કરે છે. તે પણ નપુંસક થાય છે.

( પ્રશ્નકાર:-રાજેશ. પેટલાદ. )

શં૦ જાતિ સ્મરણવાળો વધુમાં વધુ કેટલા ભવ જોઈ શકે?

સ૦ જાતિ સ્મરણવાળો આત્મા સંખ્યાતા ભવ જોઈ શકે છે.

શં૦ મોક્ષ રૂચતો હોય છતાંય મોક્ષની અભિલાષા ન જાગતી હોય તેનું શું કારણ?

સ૦ રુચિ નામ અભિલાષાનું છે તો પછી અભિલાષા ન જાગે એમ કેમ કહેવાય ! આચરણાની અભિલાષા જાગતી ન હોય તો અંતરાય કહી શકાય.

શં૦ કર્તવ્યમાં ઓછું હોય છતાં ન થાય તેનું દુઃખ રહેતું હોય. તો તેને કેવો આત્મા કહેવાય !

સ૦ કર્તવ્યમાં ઓછું હોય છતાંય ન થાય તેનું દુઃખ રહેતું હોય તો તે આત્માને ભવભીરૂ કહી શકાય.

શં૦ અનંતસંસારીનું લક્ષણ શું ?

સ૦ સુદેવ, સુગુરુ, અને સુધર્મનો મહાનિંદક, પ્રભુના શાસનની ભારે અપભ્રાજના કરાવનાર અને કરનાર અંનતસંસારી કહી શકાય.

શં૦ યોગોદ્વહન ( કાલિક ) માં પાટલી આદિ ક્રિયા કરવાનો કયો હેતુ હોય છે?

સ૦ કાલિક યોગદ્વહનમાં પાટલી આદિ ક્રિયા કરવાનું પ્રયોજન એ છે કે મનની સ્થિરતા કર્યા પછી સૂત્ર ભણવા-ભણાવવામાં સ્થિરતા રહે. આ પણ એક યોગનો અંશ છે.

શં૦ પંચમકાલમાં કેટલા જ્ઞાન હોય ?

સ૦ પંચમકાલની શરૂઆતમાં પાંચ જ્ઞાન હતા. જેમકે શ્રી જંબૂસ્વામીજી પાંચ જ્ઞાનવાળા હતા. તેઓશ્રીજીના કાલધર્મ બાદ મનઃપર્યવજ્ઞાન અને લોકાવધિનો વિચ્છેદ થયો છે. હાલમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનનું અસ્તિત્વ ગણાય.

( प्रश्नकार:-श्री विजयलाल-'मधूकर' जैन-बनकोड डुंगरपुर )

शं० सम्यग्दर्शनकी परिभाषा-लक्षण क्या है।

स० श्री वीतराग भगवंतने तत्त्वस्वरूप जैसे वर्णन किया है वैसी तरहकी मान्यता अर्थात्

श्री जिनेश्वर भगवंतने कहे हुए तत्त्व सच्चे ही है और उन्होंने कहे हुए आचारको पालनेवालेः हृदयसे माननेवाले और उन्हीका धर्म सत्य ही है ऐसी जो मान्यता वही सम्यग्दर्शनका लक्षण है।

शं० मल्लिनाथ भगवंतको स्त्रीवेद क्यों मिला!

स० पूर्वभवमें मित्रोंके साथ माया कीथी अत: उन्हों को स्त्रीवेद प्राप्त हुआ है।

शं० कर्म की सत्ता प्रथम है या आत्मा की?

स० कर्म और आत्मा ए दो नो अनादि के है। अनादिकी अपेक्षा छोडकर कौन पहले और कौन पीछे ऐसा कह नहि सकते। जैसे कुकडी पहले या ईंडा पहले। वहां कहना होगा कि कुकडी बिन ईंडा नहि इसलिये ईंडा पहेले और ईंडे बिन कुकडी नहि इसलिये कुकडी पहले ऐसे उनसे पहले वो और उनसे पहले वो।

शं० मन और आत्माका क्या संबंध है?

स० मन और आत्माका संयोग संबंध है।

शं० प्राण कितने होते है? नाम भी लिखे?

स० प्राण दश है. पांच इन्द्रिय, मनबल, बचनबल, कायबल, श्वासोश्वास और आयुष्य.

शं० भावना और विचारमें क्या अन्तर है? और भक्ति और प्रेममें क्या अंतर है?

स० भावना कार्य है और विचार उसका कारण है और प्रेम कारण है और भक्ति कार्य है। प्रेम बिन भक्ति हो नहि सकती। दोनो बिच कार्य कारण भावका अन्तर है।

शं० सत्य किसको कहते है। वह कितने प्रकारका हो सकता है?

स० जिस वस्तुका जैसा विधान हो वैसाही कथन करना इसका नाम सत्य है। उसको दो प्रकार है। नैश्चिकसत्य और दुसरे व्यवहार सत्य।

शं० व्यवहारनय और निश्चयनयमें क्या अन्तर है?

स० व्यवहारनयसे आत्मा आठ कर्म सहित संसारी है परंतु निश्चयनयसे विचार करनेसे आत्मा परमशुद्ध सिद्धस्वरूप है। क्योंकि निश्चय नयसे वो पुद्‌गलको अपनावे तो वो भी जडस्वरुप हो जाय और किसी तरहसे वह शुद्धस्वरुप हो सकता नही।

(પ્રશ્નકારઃ-ગુલાબચંદ. એસ. શાહ ભૂજ કચ્છ)

શં૦ શ્રાવકને આયુષ્યને બંધ વૈમાનિક-દેવની કોટીમાં પડે ખરો?

સ૦ જો શ્રાવકાચારમાં શ્રાવક કાયમ હોય અને તે વખતે આયુષ્યને બંધ પડે નિયમા તે વૈમાનિક દેવમાં જઇ શકે છે.

શં૦ આઠ કર્મ પ્રકૃતિ પૈકી અંતરાય કર્મને ક્ષય કરવા વાસ્તે સચોટ ઉપાય શું?

સ૦ અંતરાય કર્મના ક્ષય માટે યથાખ્યાત ચારિત્રની આરાધના છે તે સિવાય ઘાતીકર્મને ક્ષય નથી અને અંતરાયકર્મ ઘાતીકર્મમાં છે.

શં૦ આપણે બહુલ સંસારી છીએ કે પરિમિત્ત સંસારી છીએ તેની પ્રતીતિ શી?

સ૦ જે ભવભીરૂ હોય, જેને પાપને ડર હોય પછી તે છોડી શકતો ન હોય પણ છોડવાની તીવ્ર ભાવના રાખતો હોય તેને અલ્પ સંસારી કહી શકાય જ્યારે ઉપરોક્તનું કંઇ જ ન હોય અને ભવાભિનંદી હોય તેને અલ્પ-પરિમિત સંસારી ન કહી શકાય

શં૦ આયુષ્યને બંધ પડી ગયો છે તેની પ્રતીતિ જીવને કઇ રીતે થાય?

સ૦ આયુષ્યને બંધ પડી ગયો છે કે નહિ એવું જ્ઞાન વિશિષ્ટ જ્ઞાનીના કથન સિવાય જાણી શકાય નહિ અથવા સ્વયં વિશિષ્ટજ્ઞાની હોય તો જાણી શકે. તે સિવાય જીવને પ્રતીતિ થઈ શકે નહિ.

# રસોઇઓ મહારાજ કેમ કહેવાય છે?

સંગ્રા. શ્રી એન. બી. શાહ હારીજ

આજે ગુજરાતમાં તથા મુંબઇ આદિ પરદેશમાં વસતા ગુજરાતી સમાજમાં રસોડામાં રસોઇ કરતા બ્રાહ્મણ રસોઇયાને 'મહારાજ' શબ્દથી સંબોધવામાં આવે છે. તે વિષે એક કુશલ પ્રેરક દંતકથા અહિં રજૂ થાય છે, આ વાર્તામાં કશું ઐતિહાસિક તથ્ય નથી એ છતાં વાચકોના હૃદયમાં આ કથા જરૂર કુતુહલ પ્રેરશે.

⊙

એક રાજાને ભાતભાતનાં પકવાનો ખાવાનો ખૂબ શોખ હતો. જેમ ઉંમર વધતી ગઇ તેમ એનો એ શોખ પણ વધતો ગયો. દિવસમાં દશ વખત એ ભાતભાતની વાનગીઓ બનાવવાનો હુકમ કરતો. રાતે પણ તે ઉંઘમાંથી ઝબકીને જાગી ઊઠી કોઈ વાનગીઓ બનાવવાનો હૂકમ છોડતો.

એમ કરતાં લાંબેગાળે એને બધી વાનગીઓનો કંટાળો આવ્યો અને હવે કોઇ વાનગી એને સ્વાદવાળી લાગતી નહતી. એણે રસોઈયાને હુક્મ કર્યો કે, 'સ્વાદ સરસ આવવો જોઇએ, વાનગીઓમાં નવા નવા પદાર્થોનું મિશ્રણ કરો અને સ્વાદ સુધારો.'

એક કરતાં અનેક રસોઈયા રાજાએ બદલી નાખ્યા. પરંતુ કોઇપણ રસોઇયો રાજાને મનગમતી વાનગી બનાવી શકતો નથી. અંતે દરરોજ નવાનવા રસોઈયા રાજભવનના રસોડા ખાતામાં બદલાયા કરે છે.

એક વખત રાજાના પ્રધાનને નવી તરકીબ સૂઝી આવી અને કોઇપણ સારો રસોઇયો રાજાજી માટે શોધી કાઢવાને એ તરકીબ રાજાપાસે તેણે રજુ કરી.

પ્રધાને રાજાજીને એક વખત યોગ્ય સમય જોઇને નમ્ર વિનંતિપૂર્વક જણાવ્યું 'મહારાજ! મારી એક અરજ છે કે દેશદેશના રસોઈયાને અહિં આપણે બોલાવીએ અને એમની પાકકળાની પરીક્ષા લઇ જેની રસોઇ સ્વાદિષ્ટ હોય તેને આપણા રાજભવનના રસોડાનો અગ્રેસર રસોયો બનાવીએ અને દરેક રસોઈયાની પરીક્ષા આપે જાતે જ કરવી. જેથી હોશિયાર રસોઈયો શોધી શકાય. અને આમ દરરોજ રસોઇયા બદલવાની માથાકુટ પછી આપણે કરવી પડશે નહિં.

રાજાને પ્રધાનની આ સલાહ ઠીક લાગી અને જેમ કોઈ રાજકન્યાનો સ્વયંવર રચવાનો હોય અને દેશોદેશથી જુદા જુદા રાજકુમારોને આમંત્રણ પાઠવવામાં આવે તેમ આ રાજાએ પણ દેશોદેશ પાકકળાની હરિફાઇમાં ભાગ લેવા દેશોદેશના રસોઈયાઓને આમંત્રણો મોકલી આપ્યાં અને તેમાં સૌથી સારી રસોઈ બનાવાવમાં પાસ થનાર રસોઈયાને ભારે સરપાવપૂર્વક ભારે પગારની અને દરબારના રસોઇયાની નોકરી મેળવવાની જાહેરાત કરેલી.

ઉપર મુજબની જાહેરાતથી ઠરાવેલા દિવસે ગામપરગામથી સેંકડો રસોઈયાઓ તે નગરમાં આવી પહોંચ્યા. અને ભાતભાતનાં રસોઈ કરવાનાં સાધનોથી ભરેલાં ગાડેગાડાં રસોઈયાં લઇને આવેલાં જેથી તે નગરમાં લોકોનાં ટોળેટોળાં આ આવેલા રસોઇયાઓનો સંઘ જોવાને એકઠાં મળતાં હતાં. આખુંય નગર આજે તો રાજદરબાર પાસે કુતૂહલથી એકઠું થઇ ગયું છે.

રાજમહેલના વિશાળ ચોગાનમાં હારબંધ ચૂલા ખોદાયા હતા અનુક્રમે સૌએ પોતપોતાની જગા લઇ લીધી હતી. અને પોતાનાં સાધનો મનગમતી રીતે ગોઠવી દીધાં. હતાં ખરેખર દુનિયાના કોઈપણ દેશમાં રસોઇ બનાવવાનાં

અવનવાં સાધનોનું આવું ભવ્યપ્રદર્શન કદી ગોઠવાયુ નહિં હોય. તો પછી આવી રાંધણ-કળાની હરિફાઇ તો ક્યાંથી જ થઇ હોય?

નક્કી કરેલ દિવસે નક્કી કરેલ સમયે ઘંટ વાગ્યો અને હરિફાઈ શરૂ થઈ. કોઈએ કદિ જોઈ સાંભળી ન હોય એવી એવી વાનગીઓ ત્યાં બનવા માંડી, અનેક કિંમતી પદાર્થોનાં મિશ્રણો રસોઇમાં નંખાવા માંડયાં.

રાજા એના પ્રધાન સાથે રસોઈની પરીક્ષા કરવા નીકળ્યો, પ્રધાનના હાથમાં મોટો ચોપડો હતો. તેમાં દરેક ઉમેદવારનું નામ લખેલું હતું. તેના નામ સામે ખાનામાં તેણે બનાવેલી વાનગીનું નામ તેને પૂછીને લખવામાં આવતુ પછી રાજા તે વાનગી ચાખી જોતો અને તેને તેની યોગ્યતા પ્રમાણે ગુણ (માર્ક) આપતો. દરેક રસોઇઓ એમ માનતો હતો કે 'મારી વાનગી સરસ છે.' પણ રાજાને ચાખવા આપ્યા પછી રાજાના મોં સામે જોતાં એના મોંનો રંગ ઉડી જતો. એક બંગાલી રસોયાએ રસગુલ્લાં બનાવેલાં. રાજાએ એ ચાખીને ફેંસલો આપ્યો કે 'મારી બિલાડીને આ ભાવશે' એક દિલ્હીગરાએ જલેબી બનાવેલી રાજાએ કહ્યું 'ગધેડાને નાંખી દો' સુરત અને ખંભાતના રસોયાએ સુતરફેણી અને ઘારી સરસ બનાવેલી રાજા ચાખીને બોલ્યો 'છિ, છિ, છિ નાખી દો મરઘડા ચણી ખાશે. આમ સૌની પરીક્ષા થઈ પણ હજુ પરિણામ જાહેર કરવાનું બાકી હતું.

એવામાં સેંકડો માણસની ઠઠમાંથી અવાજ આવ્યો 'હજુ એક જણ બાકી છે' મહારાજ! મારી પરીક્ષા નથી થઈ હું બાકી છું' એમ બોલતો ભીડમાંથી એક ગોળમટોળ ગાગર જેવી ફાંદવાળો એક માણસ આગળ આવ્યો એણે હાથમાં લાકડાનો ચાટવો, ગદાની પેઠે પકડેલો હતો, રાજાએ પૂછ્યું 'હરિફાઈમાં તારૂં નામ છે?' ઝટ બોલ્યો 'મહારાજ!' હું હમણાં જ આવું છું, ઘણે દૂર દેશાવરથી આવી પહોંચ્યો છું સ્વાદિષ્ટ રસોઈ બનાવવાનો મારી પાસે એક ગુપ્ત કીમીયો છે.' રાજા બોલ્યો; 'પણ તું મોડો આવ્યો' એટલે હવે શું થાય? 'ઠીક પ્રભુ!' બે પરવાઈથી તેણે જવાબ આપ્યો 'તો હું આ ચાલ્યો' 'મારી રસોઈ નહિં ચાખવાથી નુકશાન તમને જવાનું છે મને કાંઈ નુકશાન જવાનું નથી. જેવી આપની મરજી' એમ કહીને તે ત્યાં ચાલવા માંડયો.

એને જતો જોઈને રાજાને વિચાર થયો કે; જોઊં તો ખરો એ કેવી રસોઈ બનાવે છે? એણે એ રસોઇયાને પાછો બોલાવ્યો અને કહ્યું 'ઠીક જા તને અડધો કલાકનો સમય આપું છું તારે જે વાનગી બનાવવી હોય તે બનાવી મને બતાવ.'

રાજાનો હુકમ સાંભળી નવો આવેલો રસો-ઈઓ રસોઈ બનાવવા બેસી ગયો અને રાજા પણ ત્યાં જ ખુરશી મંગાવીને બેઠો બરાબર તેજ વખતે ચાર માણસો એક લોખંડની વિશાળ પેટી ઉપાડીને ત્યાં લાવ્યાં. કંઇપણ બોલ્યા વગર તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. પછી રસોઇયાએ જનો-ઈને છેડે બધોંલી રૂપાની ચાવીઓનો જુમખો (ઝુડો) કાઢયો ને પેટી ઉઘાડી. અંદરથી બીજી એક પેટી નીકળી એમ કરતાં એકમાંથી એક એમ પેટીઓ કાઢવા માંડયો અને છેવટે બારમી નાનકડી પેટી કાઢી. એ પેટીને રૂપાની નાની ચાવી વડે ખૂબ જ ધીમેથી ઉઘાડી અને અંદરથી નાનકડી એક કાચની શીશી કાઢી એ શીશીમાં કંઇક રંગ વગરનું પ્રવાહી હતું. રસોઇયાએ એ પ્રવાહીના ત્રણ ટીપાં તેણે બનાવેલી વાનગી ઉપર નાંખ્યાં અને પછી તે શીશી સાવચેતીપૂર્વક પાછી નાની પેટીમાં મૂકી દીધી અને પછી બધી બહાર કાઢેલી પેટીઓ ક્રમપૂર્વ એકમાં એક તાળાં વાસી વાસીને અનુક્રમે મૂકી દીધી. આ બધો ખેલ જોનારા સહુ આશ્ચર્યપૂર્વક રાજાનો અભિપ્રાય સાંભળવા રાજાના મુખ સામે એકી-ટસે તાકી રહ્યા.

પછી પેલા રસોઇયાએ પેલા કિંમતી પ્રવાહી-વાળી વાનગી સારી પેઠે હલાવીને રાજાને ચાખવા આપી. જીભે મૂકતાજ રાજાનો ચહેરો પ્રસન્ન જણાયો એકદમ તે બોલી ઉઠયો; 'ઘણી સરસ.'

ભટજી હાથ જોડીને ઉભો. રાજાએ કહ્યું; 'માગ-માગ-માગે તે આપું.' ભટજી તો ચૂપ ચૂપ ઉભા છે. કાંઇપણ બોલતા નથી. રાજાએ તેને ચૂપ જોઇને કહ્યું 'દરબારી રસોડાનો ઉપરી હું તને બનાવું છું, એક હજાર સોનામહોરોનું ઈનામ પણ આપું છું પણ એથી વધારે હું તને એક સરપાવ બક્ષીસ કરૂં છું' જા આજથી તને સહુ 'મહારાજ' કહીને બોલાવશે.'

પછી રાજાએ રસોઈયાને પૂછયું; 'મહારાજ! તમે કયા દેશના છો ?' 'ગુજરાતનો છું મહારાજ!' મહારાજે કહ્યું.

ગુજરાતનો? વાહ તો હું હુકમ કરૂં છું કે આજથી ગુજરાતના બધા રસોઈયાઓને (ભટોને) 'મહારાજ' સંજ્ઞાથી સન્માનવા. પ્રધાનજી! નોંધી લો આ વાત.'

ત્યારથી ગુજરાતમાં રસોઈયાઓને સહુ 'મહારાજ' કહે છે. અને હજુ પણ આ રીવાજ ચાલુ જ છે. રસોઇયાવાળા શેઠને ઘેર કોઈ સાધુ મહારાજ વહોરવા પધારે ત્યારે જો શેઠાણીના ભાવ-ભક્તિ અધૂરી હશે તો કહેશે કે, 'મહારાજ!' મહારાજ આવ્યા છે, વહોરાવજો એટલે રસોઈઆને ગુજરાતમાં મહારાજ કહેવાનો રિવાજ આજે પણ પ્રચલિત છે.

એક દિવસ રાજાએ પૂછયું; 'મહારાજ તમે જે કિંમતી દ્રવ્ય નાંખી અદ્ભુત રસોઇ બનાવો છો તો તેનું નામ શું છે ?'

ભટજી હાથ જોડીને બોલ્યો; 'મહારાજ! એ ગુઢ રહસ્ય છે. ગુરુનો આદેશ છે, એટલે હું અત્યારે કહી શકતો નથી. પણ મારા અંત સમયે હું જરૂર આપને કહેતો જઇશ.'

'ગુરુનો આદેશ' રાજાએ મનમાં વિચાર કર્યો' ત્યારે તો એ ચીજ હિમાલયના કોઇ સિદ્ધ સન્યાસીએ આપેલી જડીબુટ્ટી હશે. પોતાને આવો અનુપમ રસોઇયો, મળ્યા બદલ રાજા ઘણો ખુશ થયો.

વખત જતાં રસોયો માંદો પડયો અંતઘડી આવેલી જોઇ એણે રાજાને બોલાવી એક દાબડી આપી કહ્યું 'મહારાજ આમાં એ કિંમતી દ્રવ્યનું નામ લખેલું છે પણ એક વિનંતિ છે કે મારી મરણક્રિયા થઇ ગયા પછી જ એ દાબડી ઉઘાડશો' રાજાએ એની શરત કબુલ કરીને દાબડી પોતાની ખાનગી તિજોરીમાં મુકાવી.

ભટ થોડા દિવસોમાં મરી ગયો. રાજાએ કોઇ મહાપુરૂષને શોભે એ રીતે એના શબનો અગ્નિ સંસ્કાર અને ઉત્તરક્રિયા કરાવી. છેલ્લે દિવસે રાજાએ તિજોરીમાંથી પેલી દાબડી કાઢી મંગાવી અને ઉઘાડીને જોયું તે એક કાગળનો ટુકડો નીકળ્યો એમાં લખેલું હતું કે જે મહામૂલું દ્રવ્ય રસોઇમાં હું નાંખું છું તેનું નામ છે—જળ'

('શિશુ ભારતી ગ્રં.)

---


દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત

## દિવ્ય અગરબત્તી

તથા

## કાશ્મીરી અગરબત્તી

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

— નમુના માટે લખો —

**ધી નડીયાદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, નડીયાદ (ગુજરાત)

---

કલ્યાણ માસિકના આજેજ ગ્રાહક બનો.

વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦.

# 'વનસ્પતિ' ઘીને અંગે બુદ્ધિભ્રમ પેદા ન કરો!

શ્રી ચિકિત્સક

ગુજરાત રાજ્યના વડાપ્રધાનપદે રહેલા, ડૉ. જીવરાજ મહેતાએ વનસ્પતિ ઘી-વેજીટેબલ ડાલ્ડા આદિ ઘીના પ્રચારકોને જેમ આપનારૂં અને પ્રજાના આરોગ્ય સાથે અડપલાં કરનારૂં જે નિવેદન કેટલાક સમય અગાઉ કરેલ છે, તેને અનુલક્ષીને આ લેખમાં વનસ્પતિ ઘીના અંગે ઉપયોગી જાણવા જેવું આપણને મળે છે. એક બાજુ ભારતના વડાપ્રધાન પં. જવાહરલાલજી એકરાર કરે છે કે. 'વનસ્પતિ ઘી વેજીટેબલ-ઘી નુકશાન કરે છે, ને હું મારા રસોડામાં તેને પ્રવેશ કરવા નથી દેતો એમ જણાવે છે ત્યારે ગુજરાતના વડાપ્રધાન કાંઈ બીજું જ કહે છે. આજે સત્તાના સ્થાને રહેલાઓએ પોતાની જવાબદારી સમજી લેવી જોઈએ ને બોલવામાં બહુ જ સયંમી બનવું જરૂરી છે, એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી.

★

થોડા વખત પહેલાં ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રીયુત્ જીવરાજભાઈ મહેતાએ ગુજરાતની ધારાસભામાં એક પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું કે 'ચોખ્ખું ઘી આજે કયાં મળે છે? ઘી ખાવાથી તો તો કોરોનરી થ્રંબોસીસ (હૃદય રોગ) થાય છે. તેને બદલે 'વનસ્પતિ'ખાવું સારૂં છે, અમે પણ અમારા ઘરમાં 'વનસ્પતિ' જ વાપરીએ છીએ."

આ જવાબ વાંચતાં એક પ્રકારની ગ્લાનિ થાય છે, એટલું જ નહિ પણ જેના હાથમાં આજના સમાજનું નેતૃત્વ છે, તેવા, નેતાઓનું આ પ્રકારનું માનસ આવતી કાલના ચિન્તાજનક ચિત્રની એક ઝાંખી પણ આપી જાય છે.

શ્રી જીવરાજભાઈ 'વનસ્પતિ' ખાય એની સામે કોઈને વાંધો નથી, પણ એક નિષ્ણાતને નામે અને જેનો વૈજ્ઞાનિક રીતે હજુ નિશ્ચિત નિર્ણય થઈ શકયો નથી, તેવા એક મહત્વના ખોરાક સંબંધમાં અભિપ્રાય આપીને પ્રજામાં જે પ્રકારનો બુદ્ધિભ્રમ પેદા કરવામાં આવ્યો છે એથી સ્વાભાવિક રીતે જ દુઃખ થાય છે.

## નિષ્ણાતો શું કહે છે?

શ્રયુત્ જીવરાજભાઈ એક ડોકટર છે. એમના અભિપ્રાયોનું આજના એમના સ્થાનની દૃષ્ટિએ એક વિશિષ્ટ પ્રકારનું મૂલ્ય પણ રહ્યું છે. આ સંયોગોમાં સ્વાભાવિક રીતે જ ઘી અને તેલના ખોરાકશાસ્ત્રની દૃષ્ટિએ જે અભિપ્રાયો આ પહેલાં નિષ્ણાતોને નામે રજૂ થયા છે તે અહિં રજૂ કરવાનું યોગ્ય સમજુ છુ.

શ્રી ગાંધીજીએ Diet & Diet reforms નામનું લઘુ પુસ્તક તૈયાર કર્યું હતું. આ પુસ્તકના પાના નં. ૧૬૫ ઉપર Blindness at a price નામની નોંધ સંગ્રહી છે. એ નોંધમાં વનસ્પતિ "ઘી" સંબંધમાં નીચેના અભિપ્રાયો સંગ્રહવામાં આવ્યા છે.

મુંબઈની હાફકિન ઈન્સ્ટિટયુટમાં તે વખતના ડિરેકટર સર એસ. એસ. સાકોએ જે પ્રયોગો આ વનસ્પતિ ઘીના કર્યાં તેના અનુભવો આ પ્રમાણે નોંધવામાં આવ્યા છે.

(૧) વનસ્પતિ ઘીથી માનવીનો વિકાસ હલકા પ્રકારનો રહે છે.

(૨) ખોરાકમાંનાં ચૂનાનાં તત્ત્વોનું શોષણ વનસ્પતિ ઘીથી અવરોધાય છે.

(૩) વનસ્પતિનાં ઉપયોગથી માનવ શરીર માટે આવશ્યક ચરબી બંધારણમાં પરિવર્તન આવે છે.

## ઊંદરો આંધળા થયા

કાઉન્સિલ ઓફ સ્ટેટમાં ડૉ. રાજેન્દ્રબાબુએ ઇઝ્ઝત-

નગરના ખોરાક સંશોધન કેન્દ્રમાં જે પ્રયોગો આ વનસ્પતિના ગુણદોષની દૃષ્ટિએ કરવામાં આવ્યા તેનો અહેવાલ આપતાં કહ્યું છે કે, 'વનસ્પતિનાં સેવનથી માનવીના સર્વાંગ શરીર ઉપર તો માઠી અસર થાય છે જ. પરંતુ વિશેષતઃ આંખો ઉપર તો ખૂબ જ માઠી અસર થાય. પ્રયોગોને અંતે એ નક્કી કરવામાં આવ્યું છે કે ઊંદરમાં વનસ્પતિના વપરાશ પછી ત્રીજી પેઢી આંધળી થાય છે, માનવીના આરોગ્ય અંગેનાં સંશોધનો ઊંદર ઉપર જ વિશેષતઃ થાય છે હકીકતનો વિચાર કરીએ તો આ અભિપ્રાય કેટલો ચિંતાજનક છે એનો ખ્યાલ આવશે.

## હૃદયરોગનું પ્રમાણ કેમ વધ્યું ?

વનસ્પતિને થીજાવેલી અવસ્થામાં વેચવામાં આવે છે. ઉનાળાની ઉગ્ર ગરમીમાં પણ એ થીજેલું જ રહે છે. ગરમ કરવાથી એ પીગળે છે, પણ જેવી ગરમી ઓછી થાય છે કે તુરત જ એ જામવા માંડે છે. આ સ્પષ્ટ સ્થિતિમાં માનવશરીરમાં એ પ્રવાહી સ્વરૂપ કેટલા પ્રમાણમાં રહી શકે કે શરીર એને રાખી શકે તે નિર્ણય કરવા જેવો સવાલ છે. માનવીના શરીરની ગરમીનો જે આંક છે, તેનો વિચાર કરતાં આ વનસ્પતિને પ્રવાહી રાખવા માટે હૃદયને ભારે શ્રમ કરીને લોહીમાં આવશ્યક ગરમી પેદા કરવી જોઇએ. આવી શ્રમપૂર્વકની ગરમીથી હૃદયગત બીજા કોઈ રોગ પેદા નહિ થાય ? આજનો હૃદયરોગ વનસ્પતિના વિશેષ વપરાશને કારણે નથી જ એમ કહી શકાશે ખરું ?

## દેશકાળ જોવો જોઇએ

પ્રાણીજ ચરબી લોહીમાં કોલેસ્ટ્રોલ વધારે છે એમ ઘડીભર સ્વીકારીએ તો પણ આ કોલેસ્ટ્રોલનો સંગ્રહ થવામાં કેવળ પ્રાણીજ ચરબી જ મહત્વનો ભાગ ભજવે છે એમ કહી શકાય એવું છે. ચરબીને પચાવવા માટે શ્રમ અને તડકો મહત્વનો ગણવામાં આવ્યા છે. જે દેશમાં કેવળ પ્રાણીજ ચરબી, માર્ગારીન લેવામાં આવતું હોય અને જ્યાં તડકાનો અભાવ જ હોય ત્યાં સંભવ છે કે આવા અનુભવો થયા હોય. પણ એ જ હકીકત આપણા દેશમાં પણ લાગુ પાડવી એમાં દેશના હવામાનના પ્રભાવના જ્ઞાનનો અભાવ છે. માનવીના આરોગ્ય માટે કેવળ ચોકઠાના નીતિનિયમો આંતરરાષ્ટ્રીય રીતે સ્વીકારવા હિતકર નથી. પણ દેશ અને કાળ પરત્વેના પ્રભાવનો વિચાર કરવો જોઇએ એમ નથી લાગતું ? આપણા દેશમાં જે તડકો મળે છે તે જોતાં આવા ભયને સ્થાન નથી. વળી આળસુ અને એઠાડુ લોકો વિશેષ ઘી ખાઇને હૃદયરોગ કોઇ અવસ્થામાં નોતરે એટલે ચોકખા ઘીથી હૃદયરોગ થાય એમ કહેવું યોગ્ય નથી, હિતકર નથી.

એક બીજી રીતે પણ આ પ્રશ્નનો વિચાર કરવાની જરૂર છે. વનસ્પતિના સેવનથી માનવીની પ્રજનનશક્તિ ક્ષીણ થાય છે, વંધ્યત્વ આવે છે. આજે જે પ્રકારના જાતીય રોગો સ્ત્રી અને પુરુષ શરીરમાં વધી રહ્યા છે તેમાં કેવળ પિત્તજ પ્રકોપ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. પોષણની ખામી, લોહીમાં ગરમીના આ રોગો છે. પ્રજીવક 'એ' અને 'ડી' વનસ્પતિમાં ઉમેરવામાં આવે છે એવી જાહેર ખબરો કરવામાં આવે છે તે છતાંય આ પિત્તજ ગરમીવાળો ખોરાક આપણા દેશની ગરમી સામે સંરક્ષણ આપી શકે એમ માનવું હિતકર નથી, કારણ કે ભારતીય આયુર્વેદમાં તેલ પિત્તવર્ધક ગણાય છે, જ્યારે ઘીને પિત્તશામક, ઠંડક આપનાર ગણવામાં આવેલ છે. આ સ્થિતિમાં આજે જ્યાં કફ પોષણ આપનારા ખોરાકનો જ અભાવ છે ત્યાં આ પ્રકારનો વનસ્પતિઘીવાળો ખોરાક કફશકિત પેદા કરવાને બદલે મંદાગ્નિ વિદગ્ધાજીર્ણ પેદા કરીને કફની વિકૃતિઓ જ પેદા કરે છે એવું અનુભવે જોવા મળ્યું છે. અને આથી જ આજની ઔષધીય દુનિયામાં રાસાયનિક પ્રજીવકોનો રાફડો ફાટયો છે. ખોરાકને હીનવીર્ય કરીને ખાવો અને એમાંથી દૂર થયેલા તત્ત્વો મેળવવા માટે બહારની દુનિયામાં ઝાંવા મારવાં એ આજના વિજ્ઞાનની ફલશ્રુતિ છે. ઘઉંનો મેંદો ખાવો, થૂલુ ફેંકી દેવું અને પરિણામે પ્રજીવક 'બી' સમૂહ માટે દોડવું.

રાસાયનિક પ્રક્રિયા દ્વારા તેલને થીજાવવું અને

[ અનુસંધાન પાન ૩૧૪ ઉપર ]

# સિંહ અણગાર

પૂ. મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ

'કલ્યાણ' માં બોધક તથા પ્રેરક ટૂંકી વાર્તાઓ પ્રગટ કરવાનું અમે સર્વ કોઇ લેખકોને સહૃદયભાવે આમંત્રણ આપ્યું છે. ભક્તિ, શ્રધ્ધા, નીતિ, સ્વાર્થત્યાગ, પરોપકાર તથા સૌજન્ય અને ઉદારતાના મંગળતત્ત્વોની ઉદ્‌બોધક મુખ્યત્વે ઐતિહાસિક વાર્તા હોય તો તે ઇચ્છનીય છે. આવી જ સુબોધક તથા ભક્તિભાવભર્યા હૈયાની વેદનાને વ્યક્ત કરતી ઐતિહાસિક વાર્તા કલ્યાણ પ્રત્યેના મમત્વભાવથી પ્રેરાઇને પૂ. મુનિરાજશ્રીએ અમારા આમંત્રણને માન આપી કલ્યાણ માટે ખાસ લખીને મોકલી છે, તે અમે અહિં આનંદ તથા કૃતજ્ઞતાપૂર્વક પ્રગટ કરીએ છીએ.

⊙

'મહા જુલમ થઇ ગયો...'

'જુલમ તે કેવો? મૃત્યુલોક ને દેવલોકમાં હાહાકાર વર્તાઇ ગયો...'

'પણ...ભાઇ હું એક વાત પૂછું?'

'બોલ ને.'

'વીર વર્ધમાન નિરાગી...વીતરાગ છે, પરંતુ તેમના હજારો શિષ્યો પણ કેવા?'

'કેમ?'

'કેમ શું? ગૌતમ, અગ્નિભૂતિ, વાયુભૂતિ... વગેરે ચૌદહજાર શિષ્યો હોય અને ગોશાળા જેવો એક પામર માણુસ પરમાત્માના શરીરે પીડા ઉપજાવી જાય તે શું લાજવા જેવું નથી?'

'તમે અડધું જાણીને બોલો છો...'

'તો તમે આખું કહો!'

'જ્યારે ગોશાળાના આગમનના સમાચાર આનંદ અણુગારે આપ્યા હતા ત્યારે જ ભ. શ્રી મહાવીર વર્ધમાને પોતાના તમામ શિષ્યોને આજ્ઞા કરી હતી, તે તમે જાણો છો?'

'ના.'

'ભગવાને પોતાના બધા જ સમર્થ અને અસમર્થ શિષ્યોને ગોશાળાથી અળગા રહેવાની આજ્ઞા કરી હતી...'

'તો યે શું થઈ ગયું? ભગવાન તો કહે પણ ભગવાન પર અવિચલ રાગવાળા શિષ્યો શું એક નમાલો માણુસ પોતાના તારણુહારની સાથે ચેડાં કરી જાય તે વિલે મોંઢે જોયા કરે? હું જો હોઉં...'

'અરે, સાંભળો તો ખરા...'

'શું?'

'ગોશાળાએ જ્યાં પરમાત્માની સાથે તોછડાઇથી વાત કરવા માંડી ત્યાં પરમાત્મા પર-પરમ પ્રીતિવાળા સુનક્ષત્ર અણુગાર અને સર્વાનુભૂતિ મહર્ષિ ઝાલ્યા ન રહ્યા!

'શું કર્યું તેમણે?'

'વચ્ચે કૂદી પડયા...ગોશાળીયો ઉત્તેજાયો અને તેજોલેશ્યાથી બંનેને જીવતા ને જીવતા જલાવી દીધા...'

'અરરર...ઘોર હત્યા...'

તેજસ્વી સૂર્ય ઘનઘોર વાદળોની પાછળ છૂપાઇ ગયો હતો. વાયુ થંભી ગયો હતો. દિશાઓ નિરવ ભાસતી હતી. પંખીઓ પણ જાણે મંત્રમુગ્ધ બનીને ઉંડી વ્યથાને અનુભવતાં દષ્ટિગોચર થતાં હતાં.

ત્યારે...કોઈ જ પ્રપુલ્લિત દેખાતું ન હતું.

ઘટાદાર વટવૃક્ષની નીચે બે આધેડ વયના પુરુષો બેઠા હતા. તે બંને શ્રાવસ્તિનગરથી આવી રહેલા હતા. હજુ બહુ પંથ નહોતો કાપ્યો છતાં બંને સશક્ત મુસાફરો કંઇક વિશેષ શ્રમને અનુભવી રહ્યા હતા. બંનેનાં મુખ પર ચિંતા...ખેદ

અને ગ્લાનિની સેંકડો રેખાઓ ઉપસી આવી હતી...તેમાંનો એક બત્રીસ...ચોત્રીસ વર્ષનો દેખાતો પુરુષ વાત વાતમાં કંઈક ઉશ્કેરાટ પણ ધારણ કરતો હતો.

એ પાપી દિવસે તે બંને શ્રાવસ્તિમાં હતા... કે જ્યારે મિથ્યાદ્વેષી ગોશાળાએ ત્રિભુવનપતિ વીર વર્ધમાનસ્વામી પર તેજોલેશ્યા મૂકી હતી... તેજોલેશ્યા પરમાત્માના દેહમાં પ્રવેશ કરવા સમર્થ ન બની....ભગવાનને પ્રદક્ષિણા દઈ તે સીધી જ ગોશાળાના દેહમાં વ્યાપી ગઇ...

પરંતુ તેજોલેશ્યાની ગરમીમાં પરમાત્માનાં અંગે અંગ બળી રહ્યાં...ભયંકર ગરમીમાં પરમાત્માની અનંત રૂપસંપત્તિ ઝંખવાઈ ગઇ... ત્રણે ભુવનનો ભક્તગણ પરમાત્મા પર આવી પડેલી આ અચાનક આફતથી બેબાકળો બની ગયો.

બંને પુરુષો આ ભયંકર પ્રસંગને સમજવા ઉપરોક્ત વાર્તા કરી રહ્યા હતા. પરંતુ એ જાણતા ન હતા કે એ વટવૃક્ષની પાછળ પરમાત્માનો એક પરમપ્રેમી તેમની આ વાત ધબકતા હૈયે સાંભળી રહ્યો હતો.

પરમાત્મા વીર વર્ધમાનસ્વામીના એક અનન્ય ઉપાસક શિષ્ય સિંહઅણગાર ધ્યાન માટે આ એકાંત નિર્જન અરણ્યપ્રદેશમાં આવીને ઉભા હતા.

તેમને ખબર જ ન હતી કે તેમના પરમ પ્રેમ પાત્ર પરમાત્મા પર એક નમાલો મનુષ્ય આવો ભયંકર સીતમ ગુજારી ગયો છે. પણ જ્યાં તેમણે આ બે પુરુષો વચ્ચેનો વાર્તાલાપ સાંભળ્યો...ત્યાં તેમના કમલકોમળ હૈયામાં અપાર વેદના જાગી. તેમની કલ્પનાનયનોએ પરમાત્માના રોગગ્રસ્ત દેહને જોયો....

'મારા નાથ...! તમારા ત્રિભુવનપૂજિત દેહમાં આટલી બધી પીડા....?' તે કંપી ઉઠયા.

ત્યાં વળી બીજા બે વટેમાર્ગુઓ આવી ચઢયા....એ જ વટવૃક્ષની નીચે બેઠા. એક હતો વૃદ્ધ અને એક હતો બાળ. લાગતું હતું કે બંને પિતા–પુત્ર હોવા જોઈએ. બંને શ્રમિત થઈ ગયા હતા.

વૃદ્ધે પોતાના પુત્ર તરફ અનિમેષ નયને જોયા કર્યું. તેની આંખો કંઇક વેદના વ્યકત કરવાનું સૂચન કરતી હતી. ત્યાં જ પુત્રે કહ્યું.

બાપુજી ! ભગવાન પર પેલા ગોશાળાએ તેજોલેશ્યા મૂકી...હે બાપુજી...તેજોલેશ્યા શું થાય ?

'જો આ તેજોલેશ્યા બીજે કોઇ ઉપર મૂકી હોત તો તો...પણ આ તો તીર્થંકર એટલે મૃત્યુ ન થયું પરંતુ......' કહેતાં કહેતાં વટેમાર્ગુની આંખો ગરમ ગરમ પાણીથી છલકાઇ ઉઠી. ત્યાં એની સાથે ચાલતો નાનો બાળક પૂછે છે:

'કેમ બાપુજી અટકી ગયા ? પછી શું થયું ?'

'બેટા...ભગવાનને લોહીના ઝાડા થાય છે...' કહેતાં તો એ વટેમાર્ગુ એક ધ્રુસકું ખાઇને મોટે અવાજે રડી પડયો.

'બાજુમાં જ ઉભેલા સિંહ અણગાર દોડી આવ્યા.

વટેમાર્ગુની વાત સાંભળતાં સાંભળતાં તો તેમનાં હૈયે કારમી વેદના ઉઠી. વટેમાર્ગુની પાસે આવીને બેસી ગયા. આંસું નીતરતી આંખે પૂછે છે:

'ભાઇ...પછી શું થયું... ?'

'ભગવાનનું નિર્મળ ચંદ્રમા જેવું મોઢું તેજોલેશ્યાના તાપથી શ્યામ જેવું થઇ ગયું છે... આખા ય શરીરે ભગવાન...' અને છ મહિને તો...' વટેમાર્ગુનું હૈયું હવે બોલી શકતું નથી.

સિંહ અણગારની વેદનાએ માઝા મૂકી.... આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી.

જે વટેમાર્ગુ ત્યાંથી પસાર થાય છે તે નવી નવી જ વાત કહેતા જાય છે...અને સિંહ અણગાર શોકના સાગરમાં ઉંડા ને ઉંડા જતા જાય છે.

એક ખૂણામાં બેસી તેમણે કરુણસ્વરે રૂદન કરવા માંડયું ધ્રૂસકે ને ધ્રૂસકે રોવા માંડયું.... એમના આ વેદનાનીતરતાં આક્રંદે જંગલના પશુઓને...પંખીઓને પણ રડાવ્યા.

ત્યારે કોણ નહોતું રડતું ? ત્રિભુવનનાથ તેજોલેશ્યાની પીડામાં હોય ત્યારે કોણ પાપી હસી શકે ? ગૌતમસ્વામીથી માંડીને પ્રત્યેક સાધુની આંખો એ દિવસે આંસુથી છલકાઇ હતી....ચંદનબાળાથી લઇને દરેક આર્યાએ એ દિવસે અકથ્ય પીડા અનુભવી હતી...દેવ...દાનવ અને માનવ.... શોકની ઘેરી છાયામાં ઘેરાયા હતા.

પરંતુ સિંહ અણુગાર જે રડયા...તેવું કોઈ ન રડયું.

શ્રાવસ્તિથી વિહાર કરી ભગવાન મિંઢિક ગ્રામ પધાર્યા. 'મણિકોષ્ટ્ર' ચૈત્યમાં નિવાસ કર્યો. ત્યાં કેવળજ્ઞાનના પ્રકાશમાં ભગવાને સિંહ-અણુગારના અપાર આક્રંદમાં તડફડતાં જીવને જોયો.

'ગૌતમ!' ભગવાને ઇન્દ્રભૂતિ ગૌતમને બોલાવ્યા.

'હા જી પ્રભુ!'

'તુરત સિંહ અણુગારને અહીં બોલાવો.'

ભગવાનની આજ્ઞા થતાં જ બે શ્રમણોને ગૌતમે જંગલ માર્ગે રવાના કરી દીધા...અને અલ્પકાળમાં જ સિંહ અણુગારને લઇ બંને વિનયી શ્રમણો ભગવાનનાં ચરણોમાં ઉપસ્થિત થયા.

સિંહ અણુગારે જ્યાં ભગવાનનો રોગગ્રસ્ત... પીડાતો દેહ જોયો ત્યાં તેમની વેદનાએ મર્યાદા વટાવી...તે નીચે બેસી ગયા.

કંઠ રૂંધાઈ ગયો હતો....આંખ્યો સૂઝી ગઈ હતી...ગાત્રો શિથીલ થઇ ગયાં હતાં. 'સિંહ!' અમૃતમધુર અને સાગરગંભીર ધ્વનિથી ભગવાને અણુગારને નજીક બોલાવ્યા.

'પ્રભુ....' કહેતાં તો મોટા અવાજે સિંહ અણુગાર રડી પડયા...

'શા માટે સંતાપ કર છે સિંહ....!'

'પ્રભુ આપને આટલી બધી પીડા....' ધ્રુસકે રડતા અણુગાર બોલી શકતા નથી.

'તેં લોકોના મોંઢે જાણ્યું કે મારું છ મહિને મૃત્યુ થશે...?'

'હા પ્રભુ...'

'પણ તે બને ખરૂં અણુગાર? તીર્થંકરો હમેશાં તેમના આયુષ્યને પૂર્ણ કરીને જ નિર્વાણ પામે. તેમના આયુષ્યને કોઇ ઘટાડી ન શકે, કોઇ વધારી ન શકે! નહિતર તો સંગમે જ્યારે મારા પર કાળચક્ર મૂકયું હતું ત્યારે જ મારૂં તીક્ષ્ણ પીડાથી મૃત્યુ થઇ ગયું હોત.'

'છતાં ય જગનાથ! આપની આ પીડામાં સકલ ભુવન પીડાઇ રહ્યું છે...ચતુર્વિધ સંઘ સ્વાધ્યાય, ધ્યાન....દાન વગેરે ધર્મવ્યાપાર મૂકીને અપાર વ્યથા અનુભવી રહ્યો છે.

'પ્રભુ! જગબંધુ! શરીરમાં ઉઠેલા દાહને શમાવવા કોઈ ઔષધ આપ બતાવો કે જેથી આપના દેહને અમે નિરોગી જોઈએ.'

પરમાત્માની અનંતકૃપા વરસી, સિંહ અણુ-ગારને પરમાત્માએ કહ્યું: 'હે સિંહ! આ જ મેંઢિકગ્રામમાં રેવતી શ્રાવિકાને ત્યાં તું જા. તેણે મારા નિમિત્તે જે ઔષધ બનાવ્યું છે તે ન લાવતો પરંતુ જે તેણે પોતાને માટે બનાવ્યું છે તે લાવજે.'

સિંહ અણુગાર નાચી ઉઠયા....તેમના અંગે અંગે હર્ષનો રોમાંચ થયો.

અણુગારે ઉઠીને ભગવાનને વંદના કરી.... નમન કર્યું અને વિનયપૂર્વક ચૈત્યની બહાર નિકળી ગયા.

પાત્ર લઇને અણુગાર રેવતીના આંગણે આવી ઉભા.

શ્રામણ્યમૂર્તિ સિંહ અણગારને પોતાના આંગણે જોતાં જ રેવતી ઘરમાંથી દોડી આવી, વિનયપૂર્વક વંદના કરી. હાથ જોડીને પૂછયું :

'કહો ભગવંત! પધારવાનું શું કારણ છે?'

'હે શ્રાવિકા! તેં ભગવાન મહાવીરદેવના નિમિત્તે જે ઔષધ બનાવ્યું છે તે નહિ પરંતુ તેં તારા માટે જે બનાવ્યું છે તેની અમારે જરૂર છે!'

'હે ભદંત! કોણ આવા દિવ્ય જ્ઞાની છે કે આવી ગુપ્ત વાતને પણ જાણી ગયા છે?'

'શ્રમણપતિ વીતરાગ સર્વજ્ઞ ભગવાન મહાવીરદેવ સિવાય બીજું કોણ હોઈ શકે?' રેવતીના ભાવસાગરમાં ભરતી આવી. આદરપૂર્વક તેણે એ ઔષધ સિંહ અણગારના પાત્રમાં નાંખ્યું.

દિવ્યજ્ઞાનીઓ.....દેવો.....દાનવો.......બધાની દૃષ્ટિ અહીં મંડાઈ હતી... જ્યાં સિંહ અણગારના પાત્રમાં ઔષધ પડયું ત્યાં દેવોએ સુવર્ણની વર્ષા કરી!

'મહાદાનમ્....મહાદાનમ્' નો દિવ્યધ્વનિ થયો.

સિંહ અણગાર જીવની જેમ પાત્રનું જતન કરી ત્વરિતગતિએ ભગવાનની પાસે આવ્યા. ભગવાનને ઔષધ આપ્યું.

ભગવાને ઔષધનો આહાર કર્યો....અલ્પકાળમાં જ ભગવાનનો દેહ રોગથી મુક્ત બની ગયો.

ચતુર્વિધ સંઘે ભારતના ખૂણે ખૂણે મહોત્સવ ઉજવ્યા હતા.

દેવો ને દાનવોનેએ ગીત–ગાન અને નૃત્યથી અભૂતપૂર્વ આનંદોત્સવ કર્યો હતો.

પણ સિંહ અણગારની આંખમાંથી તો ત્યારે આંસુની ધારા વહી રહી હતી... આંસુનાં પાણીથી ભિંજાતું તેમનું મુખ ભગવાનની સામે મરક મરક હસી રહ્યું હતું.

★

---

[ અનુસંધાન પાન ૩૧૦ થી ચાલુ ]

આથી જે તત્ત્વો શોષવાની એની શક્તિ ક્ષીણ થાય છે તે લેવા દોડવું એમા કયાંય તર્ક છે ?

### બુદ્ધિભ્રમ પેદા ન કરો

આજનો ખોરાક એ આરોગ્યનો ખોરાક નથી, સ્વાદનો ખોરાક બની રહ્યો છે એમ કહ્યા વગર રહી શકાતું નથી. તલનું તેલ, સીંગતુંતેલ અને બીજા તેલોમાં વાસ આવે છે એમ કહીને ખાવાનું છોડવામાં આવે છે અને વાસ વગરનાં કેવળ તેલનો ઉપયોગ થાય છે. જો ઘીથી કેલોસ્ટ્રોલ પેદા થાય છે એમ કહીએ તો પ્રજાને સારાં તાજા વનસ્પતિ તેલો, કોપરેલ, સીંગતેલ, તલતેલ, સરસિયુતેલ જેવા તેલના ઉપયોગ કરવાની ભલામણ કરવી જોઈએ. એના સ્થાને વનસ્પતિ લેવાની અને હું લઉં છું એમ કહીને એના ઉપયોગની પ્રતિષ્ઠા વધારવી એથી લોકોમાં કેવળ બુદ્ધિભ્રમ જ પેદા થશે. શ્રી જીવરાજભાઇ વનસ્પતિ લેતા હોવા છતાં ય પુષ્કળ શાકભાજી–ફળો કચુંબર અને અન્ય વનસ્પતિજન્ય ખોરાક પણ લેતા હશે. જ્યારે આજે જે વર્ગ આ વનસ્પતિનો ઉપયોગ કરે છે તેની પાસે ઉપરનાં એમ્લ પ્રતિયોગી ક્ષારો મળે તેવો ખોરાક લેવાનાં નાણાં નથી. અને આથી એનું સીધું પરિણામ એ આવશે કે આવા લોકોના લોહીમાં સ્નેહામ્લ ( ફેટી એસિડ ) વધશે અને પરિણામે પ્રતિકારની શક્તિ ઘટશે. આજે દેશ દિવસે દિવસે પ્રતિકારની શક્તિ વિહોણો થતો જાય છે તેમાં આજના ખોરાકનો અને તેમાં ય આ વનસ્પતિ જેવાં દ્રવ્યોનો ઘણો મોટો ફાળો છે એમ સમજવું જોઇએ. જીવરાજભાઇના આ નિવેદનથી સામાન્ય પ્રજા મૂંઝવણમાં મૂકાશે. જ્યારે એના ઉત્પાદકોને આ નિવેદનથી પ્રચારનું સાધન મળશે, લોકો ગેરમાર્ગે દોરાય એવી હવા ઊભી થશે.

( પ્રવાસી)

# આજે થઈ રહેલી ઘોર હિંસા તરફ ઉપેક્ષા ન સેવો!

પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્દ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ
અવતરણકાર : શ્રી જયંતિલાલ એ. શાહ અમદાવાદ.

અમદાવાદ ખાતે ગત ચાતુર્માસમાં પ્રેમાભાઈ હૉલ ખાતે 'માનવજીવનનું ઘડતર' એ વિષય પર પૂ. આચાર્ય મહારાજશ્રીએ જે મનનીય જાહેર પ્રવચનો આપેલ જેનો તે સમયે હજારોની સંખ્યામાં જૈન-જૈનેતર વર્ગ લાભ લેતો હતો. તે પ્રવચનોની શ્રેણીમાંના એક પ્રવચનનું (અગાઉ પ્રસિદ્ધ થયેલ પ્રવચનોના અનુસંધાનમાં) સારભૂત અવતરણ અહિં પ્રસિદ્ધ થાય છે. વર્તમાનમાં વ્યવસ્થિત રીતે ભારતમાં ચાલી રહેલી ઘોર હિંસા તરફ ઉપેક્ષા નહિ સેવવાનું પૂ. પ્રવચનકારશ્રીએ પ્રાસંગિક રીતે શિષ્ટાચારના ચાર સદાચારોનું વર્ણન કરતાં જણાવેલ છે. માનવજીવનનાં ઘડતરમાં શિષ્ટાચારના સદાચારનો પણ મહત્ત્વનો હિસ્સો છે. એ હકીકત આ પ્રવચન વાંચતાં સ્હેજે સમજી શકાય છે.

⊙

અનંત ઉપકારી મહાપુરૂષોએ માનવ જન્મ જેવા કિંમતી જન્મને પામેલા આત્માઓ, માનવ જન્મને પામીને પણ ભયંકર અધઃપતન જેવી સ્થિતિ પોતાની ન કરી દે, તે હેતુથી માનવ જન્મની મહત્તા જણાવે છે.

જે લોકોને કુળ-પરંપરાના સંસ્કારથી માનવ જીવન ઘડાયેલું છે. તેઓને માનવ જીવન દ્વારા સ્હેલાઇથી શ્રેય સાધી લેવાની સામગ્રી મળી છે. પણ જેને એવા સંસ્કાર ન મલવાના લીધે જીવન ઘડવા માટે સૌથી પહેલો ગુણ નીતિ ન્યાય છે. ગમે તેવી અવસ્થામાં ન્યાય દૂર ન થવો જોઇએ. તે વાત આગળ ચર્ચાઈ ગઇ છે.

(૧) ઉત્તમ જીવો અનીતિ-અન્યાયના પડછાયે જતા નથી, (૨) મધ્યમવર્ગના જીવોને સંયોગવસાત અન્યાયનો પ્રસંગ આવે છે, ત્યારે આંખ સામે પરલોક જોઈને અન્યાય નથી કરતાં (૩) અધમ કક્ષાના જીવોને અન્યાયના પ્રસંગમાં અન્યાય કરવાનો પ્રસંગ બને તો ઇહલોક, રાજ્યાદિકના ભયથી તે અન્યાય કરતા નથી.

વર્તમાનમાં ત્રણે અવસ્થા ટપીને અન્યાય ચાલી રહ્યો છે, તો તે દુર્દશાને સાફ કરવા માટે જ્ઞાનીઓએ શિષ્ટોની-સદાચારની પ્રશંસા કરવા કહ્યું છે. આ ગુણથી માનવ જીવનને ખરાબીમાંથી ખસેડીને સન્માર્ગે લાવવાનો ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે.

જે અન્યાયથી બચી શકતા નથી, અને તે અન્યાયથી બચવાના દિલવાળા આત્મા હોય તો તેને અન્યાય કરતાં દુઃખ હોય કે આનંદ? દુઃખ જ હોય!

માનવ જીવનમાં મળેલી ભૌતિક સામગ્રી મૂકીને જવાનું છે, અને કરેલા કર્મો પોતાને જ ભોગવવાનાં છે.

શિષ્ટાચારની પ્રશંસાના ગુણવાળાનું હૃદય સદાચાર તરફ, તેના પાલનવાળા તરફ, ઝુકે, કાયા નમે, અને વાણી પોતાની નિંદા સાથે તેઓની પ્રશંસાના ઉપયોગમાં આવ્યા વિના રહેજ નહિ.

તમે પરલોકને માનવા છતાં, તમારો નંબર ઉત્તમ, મધ્યમ, કે અધમમાં લાગતો નથી. તેનું તમોને દુઃખ છે? જો ખરેખર દુઃખ હોય તો આ બીજો ગુણ આવી શકે.

દુનિયાના મોટા ભાગને સદાચાર પ્રત્યે આદર નથી, ઘણાઓ તો આ સદાચારને નબળાઇ કહેતા થયા છે.

**સભા:**–આટલો બધો ફેરફાર કેમ થઇ ગયો ?

થઇ ગયો, પણ આપણામાં એ ન આવવો જોઇએ, ભૌતિક સંયોગમાં સારા સારા માણસો આવીને ભાન ભૂલી ગયા અને કોઇની પણ પરવા વગરના થઈ ગયા, અને સાથે બેસ નારા પણ તેને ન ગણે તો તેની પણ પરવા વગરના થઈ ગયા, ઉપરાંત માને કે 'હું તેના ઉપર જીવતો નથી.'

ભૌતિક ચીજો અગાઉ હતી, પણ લોકો શિષ્ટોની આંખમાં હતા. છોકરાંઓ વહિલની આજ્ઞાઓમાં હતા, દુનિયામાં નામાંકિત અને પ્રખ્યાત માણસો વહિલોની આજ્ઞા વિના ઘર બ્હાર પગ નહોતા મૂકતા.

**સભા:**–વહિલોમાં આકર્ષણ હશે ?

તમારામાં આકર્ષણ કેમ નથી ? તમે શા માટે વડીલ બન્યા અને છોકરાના બાપ બની બેઠા ?

આજે અન્યાયના માર્ગના દૃષ્ટાંતો ઢગલા બંધ મળશે, અને અન્યાય કરતાં બોલતા થયા કે 'અમે કયાં એકલા કરીએ છીએ ?'

પોતે સુધરવા માટે હૈયાની દૃષ્ટિ ફેરવવી જોઇએ, પોતે ખરાબ હોય છતાં સારાને જોઈ તેનું હૈયું પુલકિત થઇ જવું જોઈએ.

જેને જગતમાં સામાન્ય જ્ઞાનીઓ અને સુંદર આચાર સંપન્ન એવા જ્ઞાન વૃદ્ધોની હૃદયપૂર્વકની સેવાથી સુશિક્ષા પ્રાપ્ત કરી છે, તેને સત્પુરૂષ તરીકે ઓળખાવવામાં વાંધો નથી. આવા પુરૂષોમાં અન્યાય આવે !

તમે આવા પુરૂષના પ્રશંસક બનો, અને તમારી જાત પ્રત્યે ધિક્કાર થવો જોઇએ, આપણને આપણી જાત પ્રત્યે ઉકળાટ આવવો જોઈએ.

જગતમાં સૌથી પહેલો અનાચાર, બીજાના દોષ બોલવાનો ચાલી રહ્યો છે. જ્યારે જ્યારે સમય મલે ત્યારે બીજાના દોષો બોલવાનો અના ચાર સર્વ વ્યાપક બની ગયો છે. આ અનાચાર તમારામાં છે ? કહોને કે 'નવરાશના કાળમાં આ સિવાય બીજું કોઇ કામ નથી.'

'અનાચારી સ્વભાવ એ ભૂંડો લાગે છે, અમારા જીવનમાં ભયંકર હાનિ કરનારો છે.' તેમ તમારી બુદ્ધિમાં આવ્યું કે નહિ ?

**સભા**–સારા માણસની નિંદા કરે તો નિંદા કહેવાયને ?

ના, કોઇની પણ નિંદા ન કરાય કોઈ તમારી ખરાબ વાત કરે તો તમને શું થાય ? તમારે બીજાને કહેવાનો શું હક્ક છે ?

**સભા:**–દુનિયાનું ખરાબ કરતો હોય તો ?

તમે દુનિયાનું સારૂં કરી રહ્યા છો ને ? સારો માણસ ખરાબ કરનારને, ખરાબ નહિ કહે પરંતુ તેને અવસરે સુધારવાનું ધ્યાન રાખે.

શિષ્ટ પુરૂષો કોઇની નિંદા કરે નહિ, કવચિત કયારેક બોલે તો સામાનાં હૈયામાં ઉતરી જાય, પણ તમારા જેવા લેભાગુ વાત કરે તો ? સામે આપત્તિમાં હોય, ભૂખ્યો હોય ત્યારે તેના દોષ માટે તમારૂં હૈયું બળે છે ?

**સભા:**–જેવું હોય તેવું બોલાય ને ?

ના ! ના બોલાય.

**(૧) શિષ્ટાચારનો પહેલો ગુણ તે છે કે કોઈના દોષ બોલવા નહિ. જોવાની દૃષ્ટિ હોતી નથી.**

શિષ્ટ પુરૂષના સ્વભાવમાં બીજાનો દોષ કોઇનો દોષ જોવો તે સદાચારીનું લક્ષણ નથી, કદાચ દોષ જુવે તો તે દોષ પચાવવાનું દિલ હોય છે.

તમને તમારા ઘરના, સબંધી, કુટુંબી તમારી વાત બીજે કરે તો ગમે કે કેમ ?

પોતાનો દોષ ન જોવો અને બીજાનો દોષ જોવો તે ભયંકર અનાચાર છે.

કોઈનો દોષ ન બોલે તેવા સત્પુરૂષ દુનિયામાં છે કે નહિ ? તેવા સત્પુરૂષો તમને હજુ મળ્યા નથી ?

શું સત્પુરૂષને બોલતા ન આવડે ? આવડે ! પણ તે કોઈનો દોષ જૂવે એટલે વિચારે કે 'બિચારો અહીં સુધી (માનવજન્મ પામીને) આવીને હારી જાય છે' તેને દયા આવે. આવા દયાળુ બીજી વાત કરે ?

તમારામાં કોઇ દોષ છે ? કદી હોઠે આવે છે ? ભૂલેચૂકે ઉંઘમાં પણ પોતાનો દોષ ન બોલાઈ જવાય તેની કાળજી છે. તમારામાં દોષ પચાવવાની શક્તિ નથી તેમ નથી, પણ તમારી શક્તિ ખોટા માર્ગે જઇ રહી છે.

પોતાના દોષો યોગ્ય સ્થાને કહ્યા વગર ડાહ્યો માણસ ન રહી શકે.

તમે તો બીજાના દોષો નાના હોય તો મોટા કરીને, ન જોયેલું, ન સાંભળેલું બોલો છો, કદાચ દોષ ન દેખાય તો ચાંદુ પાડીને પણ દોષ જુવો તેવા છો.

પોતાના સો દોષ પચે, અને બીજાનો એક દોષ ન પચે ? પારકાના દોષ ગાવાથી આ લોકમાં દરિદ્રતા, મજુરપણું, અને પરલોકમાં નરક મળે છે. અને તમારૂં સારૂં કામ લોકની આંખે ન ચડે તેવું થઇ જાય, માટે કોઈના પણ દોષ ન જૂવો.

પોતે વિચારવું જોઇએ કે 'ધન્ય છે કે જે સત્પુરૂષો પારકાના દોષ જોવા છતાં બોલતા નથી.'

તમારી આંખનો ઉપયોગ સારૂં જોવા માટે કરો, ખરાબ જોવા મળે તો આંખ બંધ કરો. તમે તમારી આંખમાં ધુળ પડવા દો ખરા ? પોપચું મીંચાઈ જાયને ? તેમ ખરાબ જોવામાં આંખ બંધ કરો.

**(૨) કોઈનો નાનો પણ ગુણ બોલ્યા વિના રહેવું નહિઃ**—સત્પુરૂષમાં જો પહેલો ગુણ હોય તો, બીજો ગુણ આવ્યા વિના ન રહે, જે કોઇનો દોષ ન જુવે તે ગુણીની પ્રશંસા કર્યા વિના ન રહે. તે વિચારે છે કે 'દોષ તો સ્થાને સ્થાને, વ્યક્તિએ વ્યક્તિએ જોવા મળે, પણ ગુણ તો ક્વચિત જોવા મળે' માટે ગુણીની પ્રશંસા કર્યા વિના રહે નહિ.

કૌરવો તથા પાંડવો શસ્ત્રશિક્ષા શીખવા માટે પાઠક પાસે જતાં. કૌરવોમાં મુખ્ય દુર્યોધન અને પાંડવોમાં યુધિષ્ઠિર હતા. પાઠકે તે બન્નેને કહ્યું કે, ગામમાં જઇ ગુણી પુરૂષોની શોધ કરી આવો.'

દુર્યોધનનો સ્વભાવ ખરાબ હતો. તેને ગામમાં જઈ તપાસ કરી પાઠકને કહ્યું કે 'ગામમાં કોઈ ગુણી જણાયો નહિ.'

અગાઉ પાઠકો આવા અજ્ઞાનીને જ્ઞાન ન્હોતા આપતા, અગાઉ પાઠકો જુદા હતા. આજે પાઠક કરતાં વિદ્યાર્થીની કિંમત વધી છે.

યુધિષ્ઠિર પણ ગામમાં ગુણીની તપાસ માટે ગયા અને આવીને પાઠકને કહ્યું કે 'ગામમાં ગુણી માણસો ઘણા છે.' ખરાબ વર્તન કરનારા પણ 'ખોટું કરે છે' તેમ કહેતા નથી; યુધિષ્ઠિર આવા ગુણવાન છે. તમે સામાના નાના ગુણને જોતા શીખો તો તેના બીજા દોષો સુધારવા શકય બને.

નાનું બાળક અજ્ઞાન છે ને ? તે ઘણી ભૂલો કરવા છતાંય, તેને ઓળખી-જાણી સુધારી શકાય ને ?

પાઠકે દુર્યોધનને કહ્યું કે 'તારી આંખમાં દોષ સિવાય કાંઈ છે ?'

એક વખત કૃષ્ણ મહારાજની સ્વારી નીકળે છે, માર્ગ ઉપર મરેલું સડેલું કાળું કુતરૂ પડેલું છે. તેની દુર્વાસ ઘણી આવે છે, બધા લોકો નાકે ડુચા મારી આગળ ચાલે છે. કૃષ્ણજી નીચે ઉતરે છે, અને કુતરા પાસે જાય છે અને કુતરાના દાંત જોઇ કહે છે કે 'કુતરાની બત્રીસી (દાંતની પંકતી) કેટલી સફેદ-સ્વચ્છ છે!' આ બધું દેવે પરીક્ષા માટે કરેલું હતું. દેવે પ્રત્યક્ષ થઈને કહ્યું કે 'ઇંદ્રે તમારા જેવા વખાણ કરેલા, તેવા જ તમે છો.'

તમે બોલો કે 'મારી આંખ કોઈનું સારૂં

જોવા મલી છે, ખરાબ જોવા મલી નથી.'

**સભાઃ**–ખરાબ જોયા વિના સારાની શી ખબર પડે?

સારૂં હોય તે જોવાની ટેવ પાડો, ખરાબ દેખાઈ જાય તો નક્કી કરો કે 'ખરાબી કોનામાં નથી? મારામાં ખરાબી પડી છે, તો બીજાની ખરાબી શા માટે જોઉં ?"

સારૂં ક્વચિત મળે અને ખોટું બધે મલે. પણ ખોટું જોવું નહિ અને જોવાઈ જાય તો ગ્રહણ ન કરવું.

તમે જ્યારે નવરા પડો ત્યારે કોઇના ગુણ ગાવાનું મન થાય કે નહિ? તમે કોઈના ગુણ જોયા-સાંભળ્યા હશે ને? તો તમારી વાતોમાં ગુણ આવે ને?

**સભાઃ**-સ્વાર્થ પ્રમાણે બોલીએ।

તો તમારો સ્વાર્થ સધાતો હોય તો સામાનો દોષ હોય તોય ગુણ જુવો અને સામાનો ગુણ હોય તોય દોષ જુવો ?

ગુણનો અર્થી ગુણ જૂવે; જેનામાં ગુણ જોવાની શક્તિ આવી અને ગુણ બોલવાની ઈચ્છા થાય તે બીજો ગુણ છે.

આ બન્ને ગુણની પ્રતિતિ માટે ત્રીજો ગુણ સંતોષ છે.

(૩) **સંતોષ**–પારકાની ઋદ્ધિ, વૃદ્ધિ, ચડતી, ઉન્નતિ, મોટાઇમાં આગળ આવતાં હોય, સુખી થતા હોય, તો તમને શું થાય? તેમના પ્રત્યે વાહ વાહ !! થાય ને ?

**સભાઃ**–આમાં અમને શું લાભ મલે?

પાછી લાભની વાત કરી? તમારે કયો લાભ જોઈએ છે?

જગતના જીવો આબાદિમાં હોય, અને પોતાની પાસે ઘણું ઘણું તેવું ન હોય તો, બીજાનું સારૂં જુવો. આપણો દુશ્મન પણ જો આગળ વધી ગયો હોય, અને આપણે પાછળ પડી રહ્યા હોઇએ તો કહેવું કે 'જગતમાં પુણ્યની બલીહારી છે!' જેની પાસે પુણ્ય હોય તે ભોગવે –મેળવે, પણ પોતાનાં હૈયામાં બળતરા ન થવી જોઇએ.

બીજાની ચડતીની વાતો આવે તો રાજીપો થવો જોઇએ. 'હું કેમ રહી ગયો તે કેમ સુખી થઈ ગયો!' તેવી મોકાણ તમારામાં ન હોવી જોઈએ.

તમે બીજાનું સારૂં જોઈ શકો ?

સૌ શક્તિ પ્રમાણે આગળ વધવાનો પ્રયત્ન કરે તેમાં વાંધો નથી, પણ સામાને બનાવવાની–પાડવાની વૃત્તિ ન હોવી જોઇએ.

જગતમાં કોઈ પણ સુખી તમારી આંખે ખટકે નહિ, કદાચ તમે દુઃખી હો તોય, કારણ કે તમે પાપ–પુણ્યને માનો છો.

આપણે દુઃખી હોઈએ અને બીજા સુખી હોય તેમાં આપણને વાંધો નહિને? તમારો શત્રુ આગળ વધી જાય તો આનંદ થાયને ?

**સભાઃ**–તેને ખરાબ કર્યું હોય તો ?

શી ખાત્રી? તમે કોઈનું ખરાબ કર્યું નથી ને? શી ખબર કે તેણે સારા માટે કર્યું હોય અને તમને ઊલટું લાગ્યું હોય !

તમે નક્કી કરો કે 'કોઈ પણ સુખી થઇ જાય તો તેની ઈર્ષ્યા મારા હૈયામાં નથી.' આવું નક્કી થાય તો આજે નંદનવન થઈ જાય.

પોતાને ન મળે અને બીજાને મળે, અને બીજાને મલ્યાનો આનંદ આવે એ નાની સુની વાત છે?

જે સત્તાનો લોભી, ધનનો લોભી હોય અને તેવું બીજાને મલે તો તેને આનંદ થાય તો તે ઉચ્ચ પુરૂષ છે.

આજે તો સગાભાઈનું સુખ ખમાતું નથી. બાપ–દિકરા વચ્ચે સંતોષ નથી. છોકરો રૂપિયા લઇ છુટો થયો, અને બાપ દશ લાખ (૧૦. લાખ) રૂપિયા કમાય, તો છોકરો બાપ પાસેથી કાયદાથી તે રકમમાંનો ભાગ કેમ લેવાય તેની રમત રમતો હોય છે.

તમે જે ભૌતિક સુખ ભોગવો છો તેની અમને ખરેખર દયા આવે છે. અમે ધર્મના પ્રેમી છીએ એટલે બધા સાધુ બને તેમ ઇચ્છીએ છીએ.

તમે ધનના અર્થી છો તો જગતના જીવોને ધન મળે તો રાજી થાવ ને ? આજે ઘણાના વૈર એવા હોય છે કે 'તે કેમ આગળ વધી ગયો'? આવા લોકો સદા અસંતોષમાં સળગ્યા જ કરે છે.

**(૪) શિષ્ટાચારનો ૪ થો ગુણ-પારકાની પીડામાં શોક થવો:-**

આ ગુણવાળાને બીજાના સુખમાં આનંદ થાય, પારકાંના દુઃખમાં દુઃખી થાય, ધન્ય છે તેઓને કે 'જેઓ પારકાના દુઃખ પોતે વેઠી લે છે'

આગળના કાળમાં જાનવરને માણસ જેમ પાળતા હતા, અને લૂલા, લંગડા, અશક્ત, બ્હેરા, કામ ન કરી શકે તેવા, અક્કલ વગરના માણસો કુટુંબોમાં નભતા રહેતા હતા.

તમારામાં આવા માણસોને જીંદગી સુધી સાચવવાની પ્રથા છે કે નહિ ?

અગાઉ ઘરમાં પશું માંદુ પડતુ તો તેના યોગ્ય ઉપચાર કરતાં, જાનવર અને માણુસને રાખવા-સાચવવા માટે ભેદ-ફેર ન રાખતા.

આ આર્ય દેશમાં કતલખાના કોને આભારી છે? છેલી ટાઈપના ઝપાટાબંધ જાનવરોનો નાશ કરી શકાય તેવા મશીનો વધતા જાય છે તે કોનો પ્રતાપ છે? રોજ હજારો, લાખો જાનવરો કપાય છે, તેનું હૈયામાં જરા પણ દુઃખ નથી તે તમારો મોટો દોષ છે.

**સભા** :-દુઃખ થાય પણ ઉપાય ન હોય તો?

તમને ઘરમાં બેસીને પણ રડવું આવ્યું ? ધંધા માટે જાનવરોને ખરાબ રીતે અખતરા કરીને કૈમકમાવીને મારી નંખાય છતાં તમે કેમ મોજથી ખાવો-પીવો છો?

**સભા** :-જગતમાં અનાજ ઓછું થવાથી આમ બન્યું લાગે છે.

આપણા દેશમાં, આ ભૂમીમાં માંસ વિના ન ચલાવી શકાય તેવું કયાંથી શીખ્યા?

પર-જીવની પીડા, તે આપણા માટે દુઃખ રૂપ છે કે નહિ? તમારી કલ્પના એવી રૂઢ બની ગઈ છે કે 'અમે સુખી એટલે જગત સુખી અને અમે દુઃખી એટલે જગત દુઃખી' પણ આ તમારી કલ્પના ખોટી છે.

**તમારાથી કોઇનું સુખ તો ખમાયું નહિ, પણ અનેકનું દુઃખ મજેથી ખમાય છે.** સબળા નબળાને હેરાન કરે તે સૃષ્ટિનો નિયમ નથી.

**સભા** :-કાયદો પણ નાજ પાડે છે.

કાયદો માત્ર માણસ માટે છે ?

**સભા**:-પશુ માટે પણ કાયદો છે.

શું ! શું કહ્યું ?

**સભા** :-જાહેરમાં કતલ ન થાય,

આટલી વ્યવસ્થિત કતલ થવા છતાં, જાણવા છતાં દુઃખ થાય છે ?

**સભા** :-એકનો અવાજ શું પહોંચે?

એકનો, પચાસનો, લાખનો અવાજ પહોંચેને? પરની પીડાથી પોતાને શોક થાય તેવાને પારકી પીડા પોતાની લાગે-આવા પુરુષને ધન્ય છે.

તમને ખાતી-પીતી વખતે એ યાદ આવે કે, જે દેશમાં રહું છું જીવું છું તે દેશમાં પાંચ ઇન્દ્રિયવાળા જીવો કેવળ ધંધા માટે કપાઇ રહ્યા છે, ફેંસાઈ રહ્યા છે, ખરેખર મારૂં જીવવું નકામું છે.'

**સભા** :-મનુષ્યનું દુઃખ ન થતું હોય ત્યાં જાનવરની શી વાત?

એટલે મનુષ્યની પણ પીડા નથી!

**સભા** :-જાનવરને બચાવશો તો વનસ્પતિને બચાવવી જોઇએ કારણ કે વનસ્પતિમાં પણ જીવ છે.

શાસ્ત્રોમાં શકય પરિહાર, અશકય પરિહાર કહ્યા છે. બને ત્યાં સુધી ન ખાવાની આજ્ઞા છે.

કરપીણ હિંસા ન થાય તે માટે બનતું કરવું જોઇએ. તેના વિના ચાલી શકે તેમ છે. જાનવરની કતલ વિના આપણે મરી જવાતું નથી, અગાઉ જાનવરને મનુષ્યની માફક જાળવતા, આજે જે જાનવર કામના નહિ તેને મારવાના ઉપાયો કરાય છે, તેમ નકામા માણુસને મારવાના ઉપાયો કરાશે, અને તેમાં આપણો નંબર હશે તો ? જાનવરને બચાવી લેવા શકય કરવું જ જોઈએ. આપણુને કોઈ મારે તો ?

અગાઉ જ્યાં હિંસાના પ્રસંગો જણાતા, ત્યાં રાજ્ય તરફથી, મહાજન તરફથી, હિંસા ન કરવાના બોર્ડો લગાતા આ હમણાંની વાત છે. અગાઉ એક કતલખાનું ઉભુ થતું તો ધાંધલ થતી, અને કતલખાના અટકાવતા હતા. આજે પણ એવી સંસ્થા છે કે 'કતલને અટકાવવા, માણસને પૂરતી સમજ આપવાનું. કતલખાના બંધ કરાવવાના પ્રયત્નો કરે છે.

જન કલ્યાણના નામે જો આમ ચાલ્યા કરશે, તો એક દિવસ એવો આવશે કે, તમારી આંખ સામે ઘોર હિંસા થશે કે તમે જ્યારે હિંસા અટકાવવા કાંઈ કરી શકશો નહિ. બોલો કે 'પારકાના દુઃખમાં દુઃખી અમારાથી થવાતું નથી તો તે માટે અમોને ધિક્કાર છે.'

તમે જમવા બેસો ત્યારે વિચારો કે 'કોણ ભૂખ્યું છે,?' અને સુખમાં હો ત્યારે વિચારો કે 'આ જગતમાં કોણ દુઃખી છે.' જે ભૂખ્યા અને દુઃખી હોય તેની સંભાળ રાખો છે ને?

આ જગત ઉપર માત્ર માનવનેજ જીવવાનો હકક છે ? પેટ લઈ આવનાર કોઇ પુણ્ય લીધા વિના આવ્યા હશે? આમાં વનસ્પતિની વાત ન કરશો, તમે ત્યાગી, સાધુપુરુષ અને તેમાંય ઘોર તપસ્વી, જ્ઞાની બનશો ત્યારે વનસ્પતિની વાત કરજો.

જ્યારે પંચેન્દ્રિયની ઘોર હિંસા થતી હોય, અને આપણામાં તેનું દુઃખ ન હોય, શક્તિ પ્રમાણે સામનો ન કરો તો આપણું હૈયું ઘણું મેલું છે તે નક્કી સમજજો.

આજથી ૨૫-૩૦-૪૦ વર્ષ પૂર્વનો ઇતિહાસ તપાસો....

**સભા:** વસ્તિ વધતી જતી હોય અને અનાજને પહોંચી ન શકાય તેમ હોય તો શું થાય?

તમારી વાત સાચી માની લઉ, પણ હું કહું છું કે 'બધા બ્રહ્મચારી બની જાય તો કાલથી વસતિ બંધ થઇ જશે. જો તમારી વાત ખરેખર હોય તો આમ જરૂર બની શકે. હિંસા વસતિ વધારાને આભારી કહો છો તે વાત ખરેખર નથી. કોઇને માર્યા વિના, કોઇને દુઃખી કર્યા વિના જીવી શકાય છે.

'ધંધા-પૈસા માટે આવી ઘોર હિંસા ન થવી જોઈએ' તેવી વાત સરકારને પહોંચાડવી પડશે, અને (સરકાર) તેઓ કહે કે 'ઘેર ઘેર જાનવર પાળો તો હિંસા ન થાય,' તો તમારે ઘેર ઘેર જાનવર પાળવા પડશે.

આવી હિંસા ઘણાને સહન થતી નથી તે માટે શકય પ્રયત્નો થઈ રહ્યા છે.

**સભા :**-જે લોકો માંસ ખાય છે તેને મળતું અટકી જાય તો તેને દુઃખ થાય તેનું શુ?

દારૂબંધી થઈ તેમાં ઘણાને દુઃખ થયું તેનું શું ?

આજે પરદેશી લોકો કહે છે કે 'હિંદુસ્તાન જેવા આર્ય, અને અહિંસક દેશ, આવી કતલ કરે છે?'

કોઈના માનસિક દુઃખના કારણે, બીજાના પ્રાણ ન લેવાય. દારૂબંધીની માફક હિંસા ન કરવાનો કાયદો થવો જોઈએ. કારણકે તે પણ વ્યસન છે.

શિષ્ટાચારના ચાર સદાચાર ફરી યાદ કરીએ.

(૧) કોઇનો દોષ બોલે નહિ.

(૨) કોઇનો નાનો ગુણ બોલ્યા વિના રહે નહિ.

(૩) કોઈના સુખમાં નારાજી નહિ.

(૪) કોઇના દુઃખમાં દુઃખી થવું.

આ શિષ્ટાચારના ચાર સદાચાર જીવનમાં ઉતારી કલ્યાણ પામો.

# ફૂલ અને ફોરમ

પૂ. પંન્યાસજી મહારાજશ્રી
પ્રવીણવિજયજી ગણિવર

### આજ્ઞાની મહત્તા—

जिणाऽऽणाए कुणंताणं, नूणं निव्वाण कारणं ।
सुंदरंपि सुबुद्धिए, सव्वं भव निबंधणं ॥ ७ ॥

જિનેશ્વર દેવની આજ્ઞા પ્રમાણે વર્તન કરનારને તે વર્તન નિશ્ચયથી મોક્ષનું કારણ બને છે. જ્યારે પોતાની બુદ્ધિ પ્રમાણે, સુંદર પણ વર્તનારને સંસારનું કારણ બને છે.

### ઉત્સૂત્ર ભાષણની ભયંકરતા—

जह सरणमुवगयाणं
जीवाणं निकिन्ताइसिरे जोउ ।
एवं आचरिओ विहु ।
उस्सुत्तं पन्नवंतो अ ॥ ८ ॥

જેમ શરણે આવેલા જીવોનું કોઈ શિર કાપે તેમ આચાર્ય પણ ઉત્સૂત્રની પ્રરૂપણા કરે તો ભકતોના શિર કાપવા જેવું કરે છે.

### તે પણ મિથ્યા દષ્ટિ—

पय अक्खरंपि इक्कं, जो न रोहइसुत्तनिद्दिट्टं ।
सेसं रोयंतो विहु, सुत्तत्थं मिच्छदिट्ठीओ ॥ ९ ॥

સૂત્રમાં કહેલ એક અક્ષર પણ ન રૂચે અને બાકીનો સૂત્ર અર્થ બધો રૂચે તો પણ તેને મિથ્યાદષ્ટિ જાણવો.

### કુપાત્રને શાસ્ત્ર આપવાથી થતું નુકશાન

आमेघडे निहित्तं
जहाजलं तं घडं विणासेइ ।
इअ सिध्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥ १० ॥

કાચા ઘડામાં નાખેલું પાણી, પાણીનો અને ઘડાનો નાશ કરે છે તેમ તુચ્છ આત્માને આપેલ સિદ્ધાન્તનું-રહસ્ય આપનારનું તથા તેનું અહિત કરે છે. નાશ કરે છે.

### જોવા પણ ન કલ્પે—

उम्मग्ग देसणाए,
चरणं नासिंति जिणवहिंदाणं
वीवन्न दंसणा खलु, न लब्भातारिसाददूठुं ॥ ११ ॥

ઉન્માર્ગની દેશનાથી જિનેશ્વરોએ વિહિત ચારિત્ર નાશ પામે છે. સમકીતથી ભ્રષ્ટ થએલાને દેખવા પણ કલ્પે નહિ.

### પાંચ ઈંદ્રિયોના વિષયોથી પાંચની દુર્દશા

सद्देण मिउ रूवेण पंचगओ
महुअरो अ गंधेण ।
आहारेण य मच्छो ।
बज्झइ फासेण वि गइंदो ॥ १२ ॥

શબ્દથી મૃગલો, રૂપથી પતંગીઓ ગંધથી ભમરો, આહારથી મચ્છ અને સ્પર્શથી ગજેન્દ્ર બંધાય છે.

### દૂર્જનની પીછાણ—

सीसंधुणियं चित्तं,
चमक्किअं पुलकिअं च अंगेहिं
तहवि हु परगुण गहणे,
खलस्स न हु निग्गया वाणी ॥ १३

દૂર્જનનું માથું ધુણ્યું, ચિત્ત ચમકયું, અંગો રોમાંચિત્ત થયાં તો પણ પરગુણ ગ્રહણ કરવામાં દૂર્જનની વાણી નજ નીકળી.

### સંસારમાં શું ન સંભવે?—

कालंमि अणाइए
जीवाणं विविहकम्म वसगाणं ।
तं नत्थि संविहाणं
संसारे जं न संभवइ ॥ १४ ॥

અનાદિ કાલથી વિવિધ કર્મોને વશ પડેલા આત્માઓને એવી કોઈ ઘટના નથી. જે સંસારમાં ન સંભવતી હોય.

**કોણ તરી શકશે?—**

अरिहंतो असमत्थो
तारणे लोआणदीह संसारे ।
मग्गो देसण कुसलो,
तरंति जे मग्गे लग्गंति ॥ १५ ॥

દીર્ઘ સંસારમાં માર્ગની દેશના આપવામાં કુશલ એવા તીર્થંકરો પણ લોકને તારવામાં અસમર્થ બને છે. જે લોકો તીર્થંકરોએ બતાવેલ માર્ગ ઉપર ચાલે છે તેજ સંસાર સમુદ્રથી તરે છે.

**માનવ જન્મની દુર્લભતા—**

एग दिणे जे देवा,
चवंति तेसिंवि माणुसा थोवा।
कत्तो मे मणुयभवो
इअ चिंताए सुरो दुहिओ ॥ १६ ॥

એક દિવસમાં જેટલા દેવો ચવે છે. તેનાથી પણ મનુષ્યો થોડા છે.

મને આવો મનુષ્ય ભવ કયાંથી હોય? એ ચિંતામાં દેવ દુઃખી થાય છે.

**બળવાન કોણ?—**

कत्थवि जीवो बलिओ,
कत्थवि कम्माइं हुंति बलिआइं ।
जीवस्स य कम्मस्सय,
पुव्व निबध्धाइ वेराइं ॥ १७ ॥

કોઇ વખત જીવ બળીઓ થાય છે તો કોઈ વખત કર્મો બળવાન બની જાય છે આમ જીવને અને કર્મોને પૂર્વમાં બાંધેલું વેર રહેલું છે.

**દોષ કોના જોવાય છે?**

राई सरिसवमित्ताणि, परछिद्दाणि पाससे ।
अप्पणो बिलमित्ताणि, पासंतोऽवि न पाससे ॥ १८ ॥

રાઇના દાણા જેટલા પારકાના છિદ્રોને તું જુવે છે. પણ પોતાના બીલાના ફળ જેવડા મોટા દોષોને જોતો છતાં જોતો નથી.

★

**કોને ઘેર મારે જવું?**

**ન્યાયાધીશ**: તમારી સામે બે પત્ની હોવાનો આરોપ સાબિત થયો નથી માટે તમને છોડી મૂકવામાં આવે છે. હવે તમે ઘેર જઇ શકો છો.'

**આરોપી**: 'આભાર. પણ સાહેબ પછી માથાકૂટ ન થાય માટે પૂછી લઉં બેમાંથી કયી પત્નીને ઘેર જવા મને છોડી મૂકવામાં આવ્યો છે?'

આપને જોઈતી પ્લાસ્ટીક-પોલીથીન બેગ્સ, ટયુબ્સ, કેરીયર્સ વગેરે વ્યાજબી ભાવે
**કયાંથી મેળવશો?**
**પધારો!**
**મેટ્રો પોલીથીન બેગ્સ વકર્સ**
૨૨-૨૪ અનંતવાડી ૧લે માળે રૂમ નં. ૨૨ મુંબઈ-૨
તા. ક.:—ઉપરના માલ પર પ્રીન્ટીંગ પણ કરી આપવામાં આવે છે. બહાર ગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન અપાય છે.
**ગ્રાહકોને સંતોષ આપવો એ અમારૂં કામ છે.**

# વનબાળ

શ્રી નયનાબહેન ડી. શાહ પાટણ

'કલ્યાણ'માં અત્યાર અગાઉ જાહેર કર્યા મુજબ 'કલ્યાણ' માટે બોધક ઐતિહાસિક ન્હાની વાર્તાઓ પ્રસિદ્ધ કરવાને અમે આતુર છીએ. સાંસ્કારિક, નૈતિક તથા માનવતાને અજવાળનારી ત્યાગ, તપ, નીતિ, સદાચાર તથા સદ્ભાવની પ્રેરક કથાઓને 'કલ્યાણ'માં અવશ્ય સ્થાન મળશે. વાર્તા વધારેમાં વધારે ફુલ્સકેપ ચાર થી પાંચ પેજ સુધીની મુદ્દાસરની શિષ્ટ-સંસ્કારી ભાષામાં આલખાએલી અને શાહીથી કાગળની એકબાજુએ લખાયેલી હોવી જોઈએ. આ કથા ઐતિહાસિક છે. લેખિકા બહેનનો પ્રથમ પ્રયાસ છે. શૈલી શિષ્ટ તથા ભાષા સંસ્કારી છે. વાંચકોને અવશ્ય બોધક તથા રસપ્રદ બનશે.

⊙

એક જ મગની ફાડ, એક જ માતા-પિતાના બે પુત્રો, માતા-પિતા પણ કેવા? રાજા અને રાણી? બેય સગા ભાઇ, પણ બન્નેનાં ભાગ્ય કેવાં જુદા જુદા?

એક રાજમહેલમાં મખમલ-મશરૂની તળાઇઓમાં, હીરની દોરીએ રૂપાળા પારણામાં ઝૂલ્યો, બીજો વન-વગડામાં પાંદડાની પથારીમાં વનવેલીના તાંતણે, ઝાડની ડાળીએ હીંચકીને મોટો થયો.

એક હેતાળ માતાના અને વારી જાતી ધાવ-માતાનાં મધુર હાલરડાં સાંભળી રડતો છાનો રહ્યો, સોના-રૂપાને રમકડે રમી મોટો થયો, અને એને માટે ચારેબાજુ ખમા-ખમા થઇ રહી, બીજાને માટે વન-પંખીના મીઠા-કડવા કિલકિલાટ એજ હાલરડાં, રમકડાં તો એણે ના જોયા ન જાણ્યા, અને લાડકોડ પણ એનાથી દૂર ને દૂર જ રહ્યા.

એકને હીર-ચીરનો પાર નહિ, એકને માટે વનનાં વસ્ત્ર-વલ્કલનાં ચીર-ઝાડની છાલના કપડાંનાં પણ ઠેકાણાં નહિ, એકને માટે પરિચારકોનો પાર નહિ બીજાને વનના વાસી કઠોરવતી તાપસોય દોહ્યલા, એક રાજા બન્યો, બીજો વનબાળ બન્યો. વાત કંઇક આમ છે.

સુખસાહ્યબીથી ભર્યું પોતનપુર નામનું નગર, સોમચંદ્ર ત્યાંનો રાજા, ધારિણી એની રાણી, રાજા ન્યાયી અને પ્રજાવત્સલ, રાણી પતિપરાયણ અને ધર્મપ્રેમી, એમના પુત્રનું નામ પ્રસન્નચંદ્ર!

એકવખત રાજા સોમચંદ્રે જોયું, તો માથામાં પળિયાં! રાણીને કહે: આ તો કાળદેવતાનાં એંધાણ, અત્યાર સુધી તો ભોગવિલાસમાં ડૂબી રહ્યા, પણ હવે તો જાગવાનો કાળ આવી પહોંચ્યો, હજુ નહિ જાગીએ તો જીવતર બધું એળે જશે, અને કરવાનું બધું રહી જશે.

ધારિણી કહે; 'સ્વામી! વાત તો સાચી, પણ રાજકુમાર હજી નાનો છે. થોડો વખત થોભી જઇએ તો? કુમાર રાજ-કાજનું ધ્યાન રાખતો થાય એટલે આપણે ગંગા નાહ્યાં?

પણ રાજા કહે 'રાણી! યમરાજને કોણ અટકાવી શકવાનું છે? ખબર નહિ. એ ઓચિંતા કયારે આવે અને આપણે સદાને માટે હારી જઇએ, અરે! વિલાસને જો યૌવન ખપે છે તો ધર્મકરણીનો સાચો સમય પણ યૌવનકાળજ છે, ઇન્દ્રિયોના ઘોડા ઝાલ્યા રહેતા ન હોય, મનના તરંગો આભ આભ ઉછળતા હોય અને શરીરની શક્તિ, વિલાસ અને વાસનાની પૂર્તિ માટે ઝંખતી હોય, ત્યારે જ એ બધાંને સંયમમાં રાખે, એજ સાચો માનવી! એજ સાચો ધર્મી! એજ સાચો જોગી! 'ત્યાગ વગરનું જીવન એ તો જીવ વગરનું ખોળિયું જ.'

રાણીનું મન હજય માનતું ન હતું, છેવટે તો એ માતાનું મન હતું ને? વિલાસ અને ભોગવાસનાનાં ઘેન તો એના અંતર ઉપરથી કયારનાં ઉતરી ગયાં હતાં. પણ માતૃત્વનું વાત્સલ્ય દૂર કરવું ઘણું કઠીન હતું, એ તો સ્વામીની વાત સાંભળીજ રહી, ન કાંઇ બોલી ન કાંઇ ચાલી. પણ રાજા સોમચંદ્ર આજે પાછા પડવા તૈયાર ન હતાં. એમણે કહ્યું, રાણ

જેવી નકામી છે. 'ખરેખર' ઘરને આગ લાગી જાણ્યા પછી પણ માયા–મુડીને એકઠી કરનાર કાયા અને માયા બેયને હારી બેસે છે, રાણી! આપણો કાળ પાકી ગયો છે, પાંદડું પાકી ગયું છે કોણ જાણે કયારે પવનની ઝાપટ લાગે અને કયારે ખરી પડે! આપણા પૂર્વજો તો યૌવનનો આરો વટાવતા પહેલાં જ પોતાનો માર્ગ શોધી લેતાં, અને આપણે તો ઘડપણને આરે આવીને ઉભા, હજીએ જો રાહ જોવા રહ્યાં તો ધર્મનો અને કર્મનો બે ય માર્ગ ચૂકી જઈશું અને **'ન ઘરના રહીશું ન ઘાટનાં'?** માટે તૈયાર થઇ જાઓ અને સઘળી મોહમાયાને તજી દો! હવે તો અરણ્ય એજ આપણો મહેલ અને તાપસજીવન એજ આપણો વિલાસ. જો જો મનને ઢીલું કરતાં?

ધારિણીની વાચા સિવાય ગઇ. પુત્રવાત્સલ્યની ઉછળતી ઉર્મિઓને એને અંતરના ઉંડાણમાં સમાવી દીધી. અને છાયા કાયાને અનુસરે એમ એ પતિના પગલે ચાલવા તૈયાર થઇ. બાળ રાજકુમાર પ્રસન્નચંદ્રને રાજ્યનો ભાર સોંપીને એક દિવસ રાજા સોમચંદ્ર અને રાણી ધારિણી તાપસ બનીને વનને માર્ગે ચાલી નીકળ્યાં.

પણ ભવિતવ્યતા કેવી વિચિત્ર? રાજા–રાણી વનને માર્ગે ચાલી નીકળ્યા તે પહેલાં જ રાણી ધારિણીની કુક્ષીમાં એક નવું પંખી પોતાનો માળો વસાવીને મોટું થઇ રહ્યું હતું. કદાચ વનના બાળ થવા સર્જાયેલા એ જીવે જ માતા પિતાને ત્યાગી થવા વનની વાટ લેવરાવી હશે? ખરેખર! અદ્‌ભુત છે, વિશ્વનો કાર્ય-કારણનો સબંધ!

સોમચંદ્રે તો પરિવ્રાજક બનીને સર્વ મોહ-માયા મમતા વિસરી ગયા અને તપની સાધનામાં જ લીન બની ગયા. પણ ધારિણીને માટે તો વનમાં ય સંસારનાં બંધન ચાલુ રહ્યા અત્યારે તો ગર્ભનું જતન એજ એની સાધના બની રહી. કાળ પાકયો અને ધારિણીએ પુત્રનો જન્મ આપ્યો. માતા પોતાનાં નવા બાળકનાં હાલરડાં ગાવા ન રહી; જાણે સોમચંદ્રના ત્યાગ–વૈરાગ્યને વટી જવા ધારિણી સર્વ માયા-મમતાને પરહરીને સદાને માટે ચાલી ગઈ, નવજાત બાળક તરફનો સ્નેહતંતુ પણ એને ન રોકી શકયો!

રૂદન કરતા શિશુને દયાળુ તાપસોએ સંભાળી લીધો અને વૃક્ષોની છાલનાં વસ્ત્ર-વલ્કલનાં ચીરથી એને વીંટી લીધો, એનો જન્મોત્સવ ઉજવનાર ત્યાં કોઇ ન હતું એનું નામકરણ કરનાર પણ ત્યાં કોઇ ન હતું. વલ્કલના ચીર પહેરીને ઉછરનાર બાળકને સૌ વલ્કલચીરીના નામે બોલાવવા લાગ્યાં.

વનમાં બાળ તો કંઇક જોયા, પણ આ તો સર્વથી જુદો. વલ્કલચીરીની ઉમ્મર વધતી ગઇ. તેમ એનું ભોળપણ પણ વધતું ગયું.

એ હતો તો માનવબાળ અને તે પણ રાજબીજ, પણ એને કેવળ જંગલનો જ રંગ લાગ્યો હતો, એના વ્યવહારમાં અને વર્તનમાં કયાંય શહેરી સંસ્કાર કે શહેરી સુઘડતાનાં દર્શન થતાં ન હતાં. છતાં હતો તે સંસ્કારી મનનો ને આત્માનો: સંસ્કારહીન? એના વાળ સદા વીખરાયેલા રહેતા જટાને સમી કરવાનું કે એને સાફ કરવાનું એને સુઝતું જ નહી. નખ મોટા થઇ જતા તો પણ એને એમાં કાંઇ અયોગ્ય દેખાતું નહી, એનો વાસ તો હતો તાપસોના આશ્રમમાં અને તપસ્વી પિતાના સાંનિધ્યમાં, પણ માનવી તરીકેની રહેણીકરણીનો એને સ્પર્શ બિલકુલ ન થતો.

વનવાસી પશુની જેમ એ વનમાં રખડયા જ કરતો અને કાચા ફળકળાદિ અને કંદ ખાઇ પોતાનું પેટ ભરી લેતો. જળાશયો કે ઝરણાંઓ એની તૃષા છિપાવવાનાં સાધન હતાં, ઝૂપડીમાં રહેવું એને ભાગ્યેજ ગમતું. બહારની દુનિયાનું એને કાંઇ ભાન નહતું. વ્યવહારનું એને કાંઇ સાન ન હતું, અરે...! નર અને નારીના ભેદને પણ એ પિછાનતો ન હતો, પણ આવા જંગલમાંયે કયારેક કોઇક અજાણ્યાં નર–નારી આવી ચઢતાં અને એમને જોઇને એના અંતરમાં કંઈક લાગણી થઇ આવતી. એને કંઇક કરવાનું મન થઇ આવતું. પણ એની વાણી એની લાગણીને છતી ન કરી શકતી, બોલવામાં જાણે એને મહેનત પડતી હોય. કયારે થોડું બોલીને પણ

એ અંતરની ઉર્મિને વ્યક્ત કરવા મહેનત કરતો. છેવટે તો એ માનવબાળ જ હતો ને? હૈયાના ભાવને તદ્દન નામશેષ શી રીતે કરી શકે?

જાણે તાપસોના વનમાં વલ્કલચીરી એક નવતર પ્રાણી બની ગયો હતો. કહે છે કે એક માનવબાળને કોઇ વરૂ ઉપાડી ગયેલું, વરૂની નાની સરખી દુનિયામાં ઉછરેલું એ બાળક માનવ-જીવનમાં બધા સંસ્કાર વિકાસ અને ભાવોથી વંચિત રહી ગયું. જ્યારે એ હાથ આવ્યું ત્યારે આદિમાં આદિ માનવીનાં બાળ કરતાંય એ માનવસંસ્કારથી વધારે અજાણ્યું લાગ્યું.

વલ્કલચીરીની કંઇક આવી જ દશા થઇ હતી. તાપસ પિતા સોમચંદ્ર વલ્કલચીરીને જોઇને ઉંડા વિચારમાં પડી જતાં. આ બાળકનું શું થશે? આવા વન્ય સંસ્કાર એ કયાંથી લઈ આવ્યો? તાપસોને માટે તો વલ્કલચીરી ઉપહાસ અને આનંદનું પાત્ર બની ગયો હતો. એમનેય એની રીતભાત અને વિચિત્ર રહેણીકરણીનાં મૂળ ન સમજાત.

આવો હતો વલ્કલચીરી. પણ એને દુનિયાની વાતોની કાંઇ પડી નહતી, જેમ ભૂત-પ્રેત-કે-મંત્ર-તંત્રની વાત માનવીના અંતરને કામણ કરી જાય છે. તેમ જે કોઇ વટેમાર્ગુ એ તાપસ આશ્રમમાં જતા તે વલ્કલચીરીની ચિત્રવિચિત્ર વાતો પોતાની સાથે લઇ જતાં, વલ્કલચીરી, જાણે વાર્તાનું પાત્ર બની ગયો.

## (૨)

રાજા પ્રસન્નચંદ્ર હવે મોટા થયા હતા. અને પોતનપુરનું રાજ્ય સારી રીતે સંભાળતા હતા, સુખી અંતઃપુર અને ધર્મી અંતઃકરણ, રાજવીના સુખનો રથ આ બે પૈડાં ઉપર સારી રીતે ચાલ્યો જતો હતો. વલ્કલચીરીની વાત વહેતી વહેતી રાજા પ્રસન્નચંદ્રનાં કાને પહોંચી ગઇ.

લોકો તો તેને માટે વિચિત્ર વાતો લાવતા હતા. કોઇ એને જંગલી કહેતું. કોઇ જનાવર કહેતું. સાંભળનારા નવાઇ પામી જતા. અક્કલવાળા પ્રશ્ન પૂછી બેસતા; આવું તે ક્યાંય દીઠું છે? સાવ બનાવટી જ વાત? માનવ તે વળી પશુ બને ખરો? અને તેય રાજબીજ ઉઠીને આવાં કૌતુક કરે અને આવા પ્રકારનું ગાંડપણ કરે? એ કેમ કરી માની શકાય? અને છતાંય તેની વાતો એવો શતમુખે આવતી. તેથી તેનો નકાર કરી શકાય તેમ ન હતું.

આ બધી વાતોએ રાજા પ્રસન્નચંદ્રનાં અંતરને હચમચાવી દીધું. રાજાના હૈયામાં વિમાસણ, અચરજ અને વિષાદનું ઘમ્મર વલોણું ઘૂમવા લાગ્યું.

એમને થયું: 'મારો મા જણ્યો—સગોભાઇ! એની આવી કરૂણ હાલત? પિતા તો સંસાર ત્યાગીને વૈરાગી બની બેઠા, એટલે એમને આ સ્નેહનાં બંધન ના સતાવે એ બને. પણ હું તો સંસારનો માનવી! મોહ માયા અને હેતના બંધન, એજ મારું જીવન! હું પણ ભાઇની અવદશાની ઉપેક્ષા કરીશ?'

અને રાજા પ્રસન્નચંદ્રનું અંતર ભાઈને માટે તલસી રહ્યું: શું ઉપાય કરૂં કે મારો ભાઇ મારી પાસે આવે? કયારે એવો અવસર આવે કે મારો એ મેલોઘેલો અને નિર્દોષ ભોળો ભાઈ મને આલિંગન આપે. રાજાના અંતરમાં જાણે લોહીની સગાઇના પડઘા ગાજતા હતા. રાજાએ વિચાર્યું: આ કામ તો 'બળ નહિં પણ કળનું' બળજબરી કરવા જતાં તો વાત વિખરાઇ જાય! એમણે પોતાના રાજ્યની નિપુણ વેશ્યાઓને બોલાવીને કહ્યું. 'દુનિયા તમને અશકયને શકય કરનારી અને ધાર્યું નિશાન પાડનારી કહે છે, આજે મારે તમારુ કામ પડ્યું છે. મારું એક કાર્ય તમારે કરી આપીને તમારી કાબેલિયતને સાચી પાડવાની છે.'

મુખ્ય નારીએ કહ્યું: 'અમારાં ધનભાગ્ય! ફરમાવો મહારાજ, શી આજ્ઞા છે?

પ્રસન્નચંદ્રે કહ્યું: 'તાપસ આશ્રમના જંગલમાં મારો નાનો ભાઇ વસે છે, લોકો કહે છે કે એ નર્યો ભોળો ભલો પશુ જેવો છે, માનવનો દેહ મળ્યો છે એટલું જ. આવી વાતો સાંભળીને મારૂં અંતર દુભાઇ જાય છે. મારૂં માથું શરમથી ઝૂકી જાય છે, અને મારો આત્મા દુઃખી દુઃખી થઇ જાય છે,

લોક તો કહે છે, એ નર અને નારીના ભેદને પણ પીછાની શકતો નથી, લોકને મોઢે કોણ હાથ દઇ શકે? જેને જેમ ફાવે તેમ વધારી વધારીને વાતો કરે છે, આવા મારા ભાઇને તમારે યુક્તિ અજમાવીને અહીં લઇ આવવાનો છે. તમને મોં માગ્યાં ઇનામ મળશે.'

વેશ્યાઓને મન, આ વાત તો રમત હતી. ભલભલા ભૂપતિ કે જોગી–જોગંદર પણ જેની આગળ રાંક બની જાય, એને બદલે એવા ભલા ભોળા અબૂઝ માનવને રાજા પાસે લઇ આવવો રમત માત્ર!

વેશ્યાઓનો સંઘ તાપસોનો વેશ સજીને જંગલ તરફ નીકળ્યો. સાથે મેવા–મિઠાઈની સામગ્રી લેતો ગયો. જાણે કામદેવનો સંઘ કો માનવબાળના મોહશિકારે નીકળ્યો.

વનમાં એમણે જોયું કે સામેથી એક બાવરો ઋષિપુત્ર આવી રહ્યો છે. એના હાથમાં ફળ અને કંદમૂળ ભર્યાં છે, વેશ્યાએ સમજી ગઇ કે . આ જ રાજા પ્રસન્નચંદ્રનો ભાઇ. તેઓ તેની વધારે નજીક ગઇ.

વલ્કલચીરી તો તાપસોના વેષધારી આ અજબ માનવીઓને જોઇ જ રહ્યો. આવા માનવી એણે કદી જોયાં જ ન હતાં, એના વિસ્મયને જાણે વાચા આવી. એણે કહ્યું : અહો તાપસો ! તમે કયાંથી આવ્યા ? તમારો દેશ કયો ? તમારો આશ્રમ કયો ? તમે કયાં જઇ રહ્યા છો ?

વેશ્યાને તો ભાવતું મળી ગયું. તેમણે કહ્યું 'મુનિકુમાર ? અમે પણ વીતરાગ માર્ગના યતિ છીએ. અને પોતન નામના આશ્રમમાં વસીએ છીએ અને તમારી ભકિત કરવા અહીં આવ્યાં છીએ, ભક્તિ વગર મોક્ષ નથી !'

વલ્કલચીરીને આ નવા માનવી ભાવી ગયાં. 'એણે કહ્યું: 'હું આ ફળ લાવ્યો છું તે તમે આરોગો હું બીજાં લઇ આવીશ.

વેશ્યાએ લાગ જોઇને કહ્યું: 'આવાં નઠોર અને નીરસ ફળ કોણ ખાય? અમે તો ઉત્તમ ફળના જમનારા છીએ,? અમારૂં આ ફળ, ખાઓ અને

એણે મીઠા–મધુરા અને માદક-સુગંધથી ભરેલા સિંહકેસરિયા મોદક વલ્કલચીરીની સામે ધર્યાં, મોદક ખાઇને તો એ જાણે પરવશ બની ગયો. વેશ્યાઓની યુક્તિ ધીમે ધીમે કામણ કરવા લાગી. વલ્કલચીરીના અંતરની લાગણીઓની કમળની પાંખડીઓ એ યુક્તિના સૂરજે જાણે ઉઘાડવા માંડી.

વેશ્યાઓનો મૃદુ અંગસ્પર્શ વલ્કલચીરીને કંઇક નવો જ અનુભવ કરાવી રહ્યો, એણે પૂછ્યું, 'તમારાં અંગ આવા કોમળ કેવી રીતે થયાં?' વેશ્યાએ ચૂપ રહેવામાંજ સાર જોયો. પછી વેશ્યાના માદક અને મૃદુ ઉરપ્રદેશને સ્પર્શીને વલ્કલચીરીએ પૂછ્યું 'હે તાપસો' તમારા હૃદય ઉપર આવાં બે ઉન્નત ફળો કયાંથી આવ્યાં?' વેશ્યાઓથી હસ્યા વગર ના રહેવાયું. 'કેવો મૂઢ? નર્યો પશુ જ? એકે કહ્યું: 'આ બધો અમારાં આ ફળનો જ પ્રભાવ, તમે પણ એ રોજ ખાઓ અને અમારા જેવા બની જાઓ. અમારા આશ્રમમાં તો એના ઢગ ભર્યા છે. બળ્યું ! આવા વેરાન જંગલમાં વસવાથી અને આવા રસહીન ફળકંદ ખાવાથી. ચાલો, અમારા આશ્રમમાં.'

વલ્કલચીરી બરાબર વશ થઇ ગયો હતો. આવી લાગણી એણે પહેલાં કદી અનુભવી નહતી. વેશ્યાઓને લાગ્યું કે આપણુ કામ ફતેહ થઈ ગયું. વલ્કલચીરીએ કહ્યું, 'ભલા તાપસો! તમે અહીં થોભો. હું આ ઉપકરણો સંતાડીને છાનોમાનો ચાલ્યા આવું છું. વલ્કલચીરી ગયો અને વેશ્યાઓ રાહ જોતી ઉભી રહી. એટલામાં એમણે સોમચંદ્ર રાજર્ષિને આવતાં જોયા એટલે બધી ત્યાંથી પલાયન થઇ ગઇ. સોમચંદ્ર રાજર્ષિનો તાપ એ સહન્ કરી ન શકી. એટલે શરૂ કરેલ કાર્ય અધુરૂં રહી ગયું. આ તરફ વલ્કલચીરી આવીને જુએ છે તો પેલા તાપસો (એ વેશ્યાઓ) ત્યાં ન મળે. એતો મૂંઝાઇ ગયો અને જે દિશા તેને હાથ આવી તે દિશાએ પ્રયાણ કર્યું.

હવે એને પિતાનો તાપસ આશ્રમ કઠીન થઇ પડેલો. એનું મન તો પેલા મીઠા–મધુરા મોદકવાળા આશ્રમ માટે તલસી રહ્યું હતુ.

ચાલતાં ચાલતાં એને એક રથવાળો મળ્યો, વલ્કલચીરીએ રથવાળાને બે હાથ જોડયા, રથવાળાએ પૂછ્યું: 'ઋષિકુમાર' તું કયાં જાય છે? 'મારે પોતન આશ્રમમાં જવું છે,' વલ્કલચીરીએ કહ્યું.

'મારે પણ ત્યાં જ જવું છે.' કહીને રથવાળાએ વલ્કલચીરીને રથમાં બેસાડી દીધો. રથમાં એક સ્ત્રીને જોઇને વલ્કલચીરીએ કહ્યું: 'તાત? તમને વંદન કરૂં છું.' પતિ-પત્ની સમજ્યા કે 'દુનિયાદારીથી સાવ અબૂઝ એવા કોઈ ઋષિપુત્ર લાગે છે.'

એટલામાં પોતનપુર આવ્યું એટલે વલ્કલચીરીને ત્યાં મૂકીને રથવાળો પોતાના ઘર તરફ વળ્યો. વલ્કલચીરી તો બજારમાં બહાવરો બનીને ચારેબાજુ જેમ-તેમ જોયા કરે છે, દુકાનોમાં પુરુષોને અને ઘરોમાં સ્ત્રીઓને જોઇને 'તાત? ભ્રાત? તમને સૌને પ્રણામ!' એમ કહેતો ફરે છે.

એટલામાં એક વેશ્યાને જોઇને બોલી ઊઠયો; 'તાત? તમને નમસ્કાર કરૂં છું. વેશ્યા એના સશક્ત શરીર અને ભોળા ચહેરાને જોઈ રહી એને થયું, મારી જીંદગી કાયાની હાટ માંડીને બરબાદ કરી, પણ મારી સુકોમળ પુત્રી એ પાપમાંથી ઉગરી જાય તો સારૂં. મારી પુત્રીને આવો ભલો-ભોળો વર મળે તો એની જીંદગી કૃતાર્થ થઇ જાય, અને એ વેશ્યાએ વલ્કલચીરીને પોતાને ત્યાં આવવા આમંત્રણ આપ્યું, વલ્કલચીરીને તો દોડતાને ઢાળ મળ્યા જેવું થયું.

માર્ગ ભૂલ્યો મુસાફર વેશ્યાની પાછળ પાછળ ચાલવા લાગ્યો, વેશ્યાએ ઘડીમાં લગ્ન લીધાં, અને વલ્કલચીરીને પોતાની પુત્રી પરણાવી દીધી. તાપસોની કઠોર દુનિયાનો વાસી વલ્કલચીરી સુંવાળા ઘરસંસારનો વાસી બની ગયો.

બિચારો વેશ્યાઓનો સંઘ, ગયો હતો વલ્કલચીરીને પોતનપુરના રાજમહેલમાં તેડી લાવવા, પણ રમત જેવું માનેલું કામ અધૂરૂં રહી ગયું. તાપસ સોમચંદ્રના દર્શન એ સહન કરી ના શકયો. અને નીચે મોંએ રાજા પ્રસન્નચંદ્રની પાસે આવી પહોંચ્યો. એની ભોંઠપનો કોઇ પાર ન હતો.

સંઘની નાયક વેશ્યાએ બધી વાત માંડીને કહી અને છેવટે જાણે પોતાનું ગૌરવ જાળવતી હોય એમ બોલી! 'પણ મહારાજ' અમે આપના લઘુબંધુને પોતન આશ્રમના નામે મેવા-મીઠાઇનો એવો સ્વાદ લગાડયો છે, અને કાયાને સુંવાળી બનવાની એવી માયા લગાડી છે કે, આજે નહિં તો કાલે પણ એ આ નગરમાં આવ્યા વગર રહેવાનો નથી. એકવાર મધના સ્વાદના મોહમાં ફસાયેલો ભમરો ફરી કમળ ઉપર આવ્યા વગર રહે જ નહીં ભલે ને પછી એ એમાં કેદ પકડાઇ જાય.' પણ વેશ્યાની આ આશાભરી વાણી રાજાના ખેદને દૂર ના કરી શકી.

રાજા પ્રસન્નચંદ્રને થયું: 'આ તો મેં બહુ ખોટું કર્યું. મારા ભાઇને મેં પિતા પાસેથી જુદો કર્યો. અને મારી પાસે પણ હું એને ન લાવી શકયો મારા એ-ભલા ભોળા ભાઇને મેં રહેવા ન દીધો ઘરનો કે ન રહેવા દીધો ઘાટનો, શહેરની કે નગરની વાસના માત્રથી પર એવા એ ભદ્રિક જીવની ખબર નહિ કે 'એકલો કયાં કયાં એ આથડશે? અને કેવાં કેવાં કષ્ટ ભોગવશે?' રાજાએ અધિકારીઓ અને કર્મચારીઓને વલ્કલચીરીની શોધ માટે આજ્ઞા કરી.

એક કર્મચારીએ એક વેશ્યાને ત્યાં કોઇ જંગલી જેવા માણસનો લગ્ન-ઉત્સવ ઉજવાયાની વાત કરી, તરતજ તપાસ કરવામાં આવી, સમાચાર મળ્યા કે એ લગ્ન વલ્કલચીરીના જ હતાં, વેશ્યાસંઘની નાયક વેશ્યાની વાત છેવટે સાચી પડી. પણ રાજા તો વળી વિમાસણમાં પડયો. કયાં તપોભૂમિમાં તપશ્ચરણ કરતો મારો ભાઇ? અને કયાં વેશ્યાકુળની કન્યાને પરણેલો મારો ભાઈ? હવે આનું શું કરવું? તપસ્વી તાતને હું કેવી રીતે મોઢું બતાવી શકીશ? અને શું ઉત્તર આપીશ? પણ થવાનું થઈ ચૂકયું હતું.

શાણા મંત્રીએ રાજાજીને શિખામણ આપી, હવે એટલું બાકી રહ્યું છે એને જ સુધારી લ્યો. નહિ તો

ભાઇ જેવા ભાઇને ખોઇ બેસશો અને એનાં અ-કલ્યાણના નિમિત્ત બનશો. કન્યારત્ન તો ગમે તે પ્રકારે છોડી શકાશે.

વલ્કલચીરીને એની પ્રિયા સહિત ઉત્સવ સાથે મહેલમાં તેડી લાવવામાં આવ્યો. વલ્કલચીરીની પ્રિયા તો કાદવના કમળ જેવી હતી, રૂપવતી અને ગુણ-વતી નારી વલ્કલચીરીના હૈયામાં વસી ગઇ, વનનો માનવી વલ્કલચીરી રાજપ્રાસાદમાં જાત-જાતનાં ભોગવિલાસ ભોગવવા લાગ્યો.

(૩)

પુણ્યાઇની મહેર થઇ, રાજા પ્રસન્નચંદ્રના રાજ-ભવનનાં પારણામાં પા પા પગલી ભરનારો પુત્ર ઝૂલવા લાગ્યો. દેવકુમાર જેવો રૂપાળો પુત્ર સૌના હેતનું પાત્ર બની ગયો, પિતા પ્રસન્નચંદ્ર એને ઘડીવાર પણ વીસરતા નથી.

કાકા વલ્કલચીરીનો તો એ ગોઠિયો જ બની ગયો છે. બેયને એક બીજા વગર સૂનું લાગે છે. અને એ રીતે દિવસો સુખ સાહ્યબી અને આનંદમાં ચાલ્યા જાય છે.

એક દિવસની વાત છે. બન્ને ભાઇ બેઠા બેઠા વાતે વળગ્યા છે. ભૂતકાળના કોઇ કોઇ પ્રસંગો યાદ આવી રહ્યા છે.

કિશોરકુમાર આમથી તેમ કિલકિલાટ કરતો દોડી રહ્યો છે. ઘડીમાં એ પિતાનાં વસ્ત્રોને ખરાબ (મેલાં) કરે છે, તો ઘડીકમાં કાકાના ખોળાને ખૂંદી નાંખે છે.

વલ્કલચીરી વિચારે છે; 'કેવો ભાગ્યવંત કુમાર? સૌને એ કેવો આનંદ આપી રહ્યો છે. અને પળ-વારમાં એ પોતાના ભૂતકાળના સ્મરણોમાં ઉતરી પડે છે.' અને એનાં મુખ ઉપર વિષાદની છાયા ઢળી પડે છે, એને થાય છે, કયારેક હું પણ આવો બાળક જ હતો. ગર્ભમાં આવ્યો અને માતા-પિતાને મહેલ-વાસી મટાડોને વનવાસી બનાવ્યા. જન્મીને આ દુનિયામાં આવ્યો, અને માતાને ઓળખી ન શકયો. વૃદ્ધ પિતાની સેવા કરવા લાયક થયો અને પિતાને તજીને મહેલમાં અને માનુનીના મોહમાં ફસાયો. અને બાર-બાર વર્ષો લગી દુનિયાને ભૂલી બેઠો! કયાં ગયું મારૂં તપ? કયાં ગયો મારો સંયમ? અને કયાં ગયો વનનો વ્હાલો વાસ?

ખરેખર? હું ભાન ભૂલ્યો! ધિક્કાર હજો મને. માતા પિતાના પીડક કુપુત્રને! સ્વધર્મના દ્રોહી આત્માને!

અરે...વનના માનવીને પોતાનું વન સાંભરી આવ્યુ? પોતાનાં વૃદ્ધ પિતા સાંભરી આવ્યા. પોતાનાં વલ્કલનાં ચીર સાંભરી આવ્યાં? એના અંતરમાં પિતૃ-વાત્સલ્ય અને પિતૃભક્તિના સ્નેહતંતુઓ ઉગી નીકળ્યા. અને એનું મન સંસારની મોહ-માયા-મમતા તજીને વનનો માર્ગ લેવા તલસી રહ્યું.

એક કાળે જેને વન અકારૂં થઇ પડયું હતું, એને આજે મહેલ અકારો થઇ પડયો. માનુનીનો મોહ વલ્કલચીરીના સ્નેહતંતુને ન તોડી શકયો. ભાઇ-ભાભીનાં હેત એને જતો ન અટકાવી શકયાં.


રાજમહેલના સુખભોગ એના માર્ગની આડે ન આવી શકયા, અને એજ ક્ષણે રાજપ્રાસાદોનો વાસી વલ્કલચીરી ફરીપાછો વનનો માનવી બનીને ચાલી નીકળ્યો. ત્યાં સાધુ મહારાજનું પૂંજવાનું ઉપકરણ જોતાં ઉહાપોહ થતાં પૂર્વભવ યાદ આવ્યો.

રાજા પ્રસન્નચંદ્રને પણ એ સ્નેહતંતુઓ કામણ કરી ગયા. ભાઇના પગલે-પગલે એ પણ વનની વાટે ચાલી નીકળ્યા. રસ્તામાં તેમને ધર્મઘોષ નામના આચાર્ય મળે છે, તેના માતા-પિતાનો અને બન્ને ભાઇનો પૂર્વજન્મ કહે છે. એ પૂર્વજન્મ સાંભળતાની સાથે સંસાર એકદમ કારમો લાગે છે. અને આચાર્ય મહારાજને કહે છે કે મને સંયમની અનુમતિ આપો.

આચાર્ય મહારાજ તો જ્ઞાની છે, તે જાણે છે કે આ કોઇ ભાવિ જીવ છે, સંયમ આપવાથી આ જીવનું કલ્યાણ થશે!

રાજા અને વલ્કલચીરી એમ બે ભાઇ સંયમ અંગીકાર કરે છે, અને આત્મકલ્યાણ સાધે છે.

ધન્ય જીવન! ધન્ય મહાનુભાવ!



# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

**શ્રી કિરણ**

સદ્‌ભાવ તથા દુર્ભાવ, શુભવિકલ્પો તથા દુષ્ટસંકલ્પો આ બન્નેની અસર જેમ આધ્યાત્મિક દ્દષ્ટિયે મહત્ત્વની છે, તેમ બાહ્યદ્દષ્ટિયે પણ આ બન્નેની અસર કઇ રીતે રહેલી છે? તે વૈજ્ઞાનિક દ્દષ્ટિયે અહિં રજૂ થાય છે. જે સર્વ કોઇને મનન તથા ચિંતન યોગ્ય છે.

## સામાયિક ધર્મનું વિજ્ઞાન.
## શું તમે બિમાર છો?

શરીરની બિમારીઓને મનની બિમારીઓ સાથે ઘણો ગાઢ સંબંધ છે. જો મન બિમાર હશે તો શરીર બિમાર થશે જ.

આજે અર્વાચીન વિજ્ઞાન માને છે કે શરીરના સર્વ રોગનું મૂળ મનમાં રહેલું છે અને તેથી રોગને દૂર કરવા માટે શરીરની માવજત સાથે મનની માવજત પણ અનિવાર્ય માને છે. આ વિજ્ઞાનને 'સાઇ કો સોમેટીક મેડિસીન' (Psychosomatic Medecine) કહે છે.

આ દ્દષ્ટિએ શરીર અને મનના સંબંધનું ખૂબ નિરીક્ષણ થઇ રહ્યું છે. અને શરીર ઉપર મનની જે જબ્બર અસર છે તે માટેના હજારો વૈજ્ઞાનિક પૂરાવાઓ મળી રહ્યા છે.

જો તંદુરસ્ત શરીર રાખવું હોય તો મન તંદુરસ્ત રાખવું પડશે. શારીરિક સ્વસ્થતા માટે માનસિક શાંત અગત્યની છે. અર્વાચીન વિજ્ઞાન આ સત્યને માનપૂર્વક સ્વીકારે છે.

જેમ શરીર ઉપર મનનો જબ્બર કાબુ છે, તેમ મન ઉપર આત્માનો જબ્બર કાબુ છે. તેથી દવાઓ કરતાં લાગણીઓ અને વિચારોની અસર વિશેષ છે તેમ લાગણીઓ અને વિચારો કરતા ભાવનાઓની અસર વિશેષ છે.

આજનું વિજ્ઞાન ધર્મમાં રહેલી રોગ નિવારણ શક્તિને (Curative power of Religion) ઓળખવામાં સફલ થયું છે.

શરીરના રોગ દૂર કરવા માટે જેમ ડોકટરની અગત્ય છે તેથી વિશેષ અગત્ય માનસશાસ્ત્રની છે, અને તેથી ય વિશેષ અગત્ય ધર્મગુરુની છે. આ જરૂરિઆત નવા વિજ્ઞાનને આજે સ્પષ્ટ સમજાઇ રહી છે.

આ દિશામાં જેમ જેમ વિશેષ સંશોધન થઇ રહ્યું છે તેમ તેમ માત્ર દેહના રોગો નહિ પરંતુ સર્વ પ્રકારની ગૂંચોને દૂર કરવાનું ધર્મનું અદ્‌ભૂત બળ(The unique power of Religion to aid all of us in solving our most pressing and personal problems) સ્પષ્ટ સમજાય છે.

### શરીર ઉપર મનનો કાબુ

શરીર ઉપર મનની જબ્બર અસરના અનેક દ્દષ્ટાંતો પ્રાપ્ત થાય છે.

પેરિસની એક ગરીબ સ્ત્રીને નોટર્ડામમાં એક કૂતરો કરડયો. આ સ્ત્રીને 'હોટેલ ડયુ'માં લઇ જવામાં આવી અને તેનો ઘા રૂઝવવામાં આવ્યો.

કેટલાક મહિના પછી ત્યાં વૈદક વિજ્ઞાનનો અભ્યાસ કરતો એક વિદ્યાર્થી આ સ્ત્રીને રસ્તામાં મળ્યો અને બોલ્યો કે 'મને આશ્ચર્ય થાય છે કે તમે હજી જીવો છો. તમને જે કૂતરો કરડયો હતો તે તો ભયંકર હડકાયો હતો.'

આ સાંભળીને તે ગરીબ સ્ત્રીને તરતજ ધ્રુજારી થઇ આવી. વૈદશાસ્ત્રી ડ્યુકોયને બોલાવવામાં આવ્યો પરંતુ કંઇ વળ્યું નહિ અને થોડા સમયમાં તે સ્ત્રી મૃત્યુ પામી.

ભયમાં રોગને જગાડવાની અને મૃત્યુ નીપજાવવાની પણ શક્તિ છે અને એક સદ્‌વિચારમાં રોગનો પ્રતિકાર કરવાની તથા દૂર કરવાની શક્તિ છે.

ડોકટરો જાણે છે કે અચોક્કસ, ડરપોક અને ચંચલ ચિત્તના માનવીઓને ચેપી રોગ લાગુ પડવાના ઘણા સંભવો છે. જ્યારે પ્રબલ ઈચ્છા-શક્તિવાળા દૃઢ શ્રદ્ધાવાનને ઓછો સંભવ છે.

પ્લેગની હોસ્પીટલોમાં જ્યારે ડોકટરો પણ જવા માટે ભય પામતા હતા ત્યારે નેપોલિયન વારંવાર ત્યાં જતો અને પ્લેગથી પીડાતા દરદીઓના શરીર પર પોતાનો હાથ મૂકતો. નેપોલિયન કહેતો કે 'જે માણસ ભય પામતો નથી તેનાથી પ્લેગ ભય પામે છે.'

કાર્ટરાઈટે કહ્યું છે કે 'મનની ઉદારતા રોગ દૂર કરનારી એક અદ્ભૂત ઔષધ છે.

## અસદ્‌વિચારોનું ઝેર

ભય, દ્વેષ અને ખેદ આપણા શરીરમાં અસંખ્ય રોગોને ઉત્પન્ન કરે છે.

પ્રયોગોથી જણાયું છે કે અસદ્‌વિચારોથી શરીરમાં અનેક જાતના રોગો થાય છે.

હિંસા વગેરે અપરાધના પ્રબલ વિચારોથી મનુષ્યને એકાએક ઠંડો પરસેવો છૂટે છે. વૈજ્ઞાનિક પ્રયોગોથી પૂરવાર થયું છે કે સાધારણ પરસેવામાં અને પ્રબલ દુર્ભાવના પૂર્વકના પરસેવામાં જબ્બર રાસાયણિક તફાવત છે.

કેટલીક વાર પરસેવાના, થુંકના, શ્વાસોશ્વાસના રાસાયણિક પૃથક્કરણથી મનુષ્યના મનની સ્થિતિ સમજી શકાય છે.

ભય, દ્વેષ અને ખેદથી મોઢામાંનાં થુંકમાં રહેલા રાસાયણિક તત્ત્વોમાં ફેરફાર થાય છે. અને તેમાં વિષ ઉત્પન્ન થાય છે. ક્રોધથી શરીરમાં એવું ઝેર ઉત્પન્ન થાય છે કે જે લોહીમાં વિકાર લાવે છે તથા મનના તંતુઓ અને બીજા સૂક્ષ્મ ભાગોને હાનિ કરે છે.'

એકાએક તીવ્ર લાગણીઓથી ઝડપભેર વાળ ધોળા થાય છે, ગાંડપણ આવે છે અને મનુષ્ય મૃત્યુ પણ પામે છે.

માનસશાસ્ત્રી પ્રોફેસર જેમ્સ કહે છે, 'કોઈ-પણ સત્કર્મ અથવા દુષ્કર્મ-પછી તે ગમે તેટલું નાનું હોય તો પણ તે શરીર પર પોતાની છાપ મૂકી જાય છે. વાસ્તવિક રીતે આપણું કરેલું કોઇ પણ કાર્ય ભુંસાઈ જતું નથી.'

ક્રોધ, ઇર્ષ્યા, વૈર, ભય, ઝનુન, દ્વેષ, અસત્ય, અસંતોષ, વ્યગ્રતા, ખેદ આવી કોઈપણ લાગણી આપણી કલ્પનામાં પણ ન હોય એટલું પારાવાર નુકશાન શરીરને કરે છે.

એક વખતના ક્રોધથી થતું નુકશાન કયારેક દારૂ અને તમાકુ પીવાથી શરીરને થતા નુકશાન કરતાં ઘણું વધારે હોય છે.

આપણે દારૂથી ભય પામીએ છીએ પણ ક્રોધનો નીશો કરીએ છીએ. તમાકુથી સુગાઇએ છીએ પણ ઈર્ષ્યાનું ઝેર પીએ છીએ.

ઇલેકટ્રીસીટીના આંચકા કરતાંય આ દુર્ભાવોથી વિશેષ હાનિ છે આ સત્ય આપણને સ્પર્શવું જોઇએ.

## આધ્યાત્મિક ઉપચાર

(Spiritual Therapy)

શરીરને તંદુરસ્ત બનાવવા માટે મનને તંદુરસ્ત બનાવવું પડશે અને શરીર તથા મન બન્નેની તંદુરસ્તી જાળવવા માટે આત્માનું નિરોગીપણું અનિવાર્ય છે.

આજનું વિજ્ઞાન આ સત્યની નજીક આવી રહ્યું છે અને વિજ્ઞાનને તે દૃષ્ટિએ ધર્મનું મહત્વ સમજાતું જાય છે. આજે વૈજ્ઞાનિકો આધ્યાત્મિક ઉપચારની પ્રક્રિયાનું સંશોધન (Research of Spiritual Therapy) કરી રહ્યા છે.

ધર્મ શું છે? સામાયિકધર્મ શું છે? સામાયિકધર્મનું બળ કેટલું છે? સામાયિક વિજ્ઞાન કેવું છે?

માત્ર શરીર અને મનના જ રોગો નહિ પરંતુ સર્વ રોગના મહામૂળ (Root Cause) રૂપી સહજમલનો ક્ષય કરનારૂં એક માત્ર સાધન સામાયિકધર્મ કઇ રીતે બની શકે?

આ સર્વે પ્રશ્નો વિચારણીય છે.

# ‘કલ્યાણ’ના વાંચકો, લેખકો તથા શુભેચ્છકોને

‘કલ્યાણ’નો આગામી અંક પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વ વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે, તો તે અંકને અંગેની ઉપયોગી સાહિત્યકૃતિઓ સર્વ કોઈ લેખકો અમારા પર સત્વરે મોકલાવી આપે જેથી તે તે કૃતિઓને અમે ન્યાય આપી શકીએ.

‘કલ્યાણ’માં દર અંકે એક ટુંકી વાર્તા પ્રસિદ્ધ થશે. તદુપરાંત સુપ્રસિદ્ધ લેખકોના લેખો, ‘કલ્યાણ’ના ચાલુ વિભાગો અવશ્ય પ્રગટ થતા રહેશે. આગામી અંક દળદાર તથા સાહિત્યની દૃષ્ટિયે ખુબ જ ઉપયોગી પ્રગટ થશે. તમારી નકલ મેળવવાનું ભૂલતા નહિ.

સુપ્રસિદ્ધ સાહિત્યકાર સાક્ષરવર્ય વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામીની વાર્તા આ અંકથી શરૂ થવાની હતી, પણ તેઓની અસ્વસ્થ તબીયતના કારણે આ અંકે તે શરૂ થઇ શકી નથી. આગામી અંકથી તેઓ પોતાની રસમય શૈલીથી ચાલુ કરશે. તદુપરાંત ‘કલ્યાણ’ના હજારો વાંચકોમાં જેણે અનેરૂં આકર્ષણ જન્માવ્યું છે, તે ‘કલ્યાણનો તત્ત્વચિંતનસભર મનનીય વિભાગ ‘જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા’ સુપ્રસિદ્ધ ચિંતક શ્રી કિરણની રસમય શૈલીયે હવેથી દર અંકે રજૂ થશે. તેમજ ‘સાધના માર્ગની કેડી’ વિભાગ પણ ‘કલ્યાણ’માં પ્રગટ થતો રહેશે.

આ સિવાય અન્યાન્ય લેખકોના તથા પૂ. મુનિવરોનો મનનીય ચિંતનસભર બોધક, પ્રેરક લેખો પ્રસિદ્ધ થતા રહેશે. ‘કલ્યાણ’ સમગ્ર જૈન સમાજનું એક અને તેના જેવું વિશિષ્ટ બહોળો ફેલાવો ધરાવતું બીજું કોઇ માસિક નથી. સમાજમાં જાહેરાત માટેનું ઉત્તમોત્તમ સાધન છે. આગામી વિશેષાંક માટે જાહેરાત મોકલવા અમારો આગ્રહ છે.

અવલોકનાર્થે આવતા પુસ્તકો આદિના અવલોકન-સાભાર સ્વીકાર આગામી અંકથી નિયમિત પ્રસિદ્ધ થશે. સમયાભાવે કેટલાક સમયથી નહિ પ્રસિદ્ધ થયેલ એ વિભાગ માટે અમારા પર અનેક પત્રો આવે છે, તેઓને જણાવવાનું કે, હવે પોત-પોતાનાં પ્રકાશનો સર્વ કોઇ મોકલતા રહેશે.

આગામી અંકમાં પૂ. આચાર્યાદિમુનિવરોના ચાતુર્માસ સ્થલોની નોંધ પ્રગટ થશે, તો સર્વે પૂ. પાદ મુનિવરો પોત-પોતાના ચાતુર્માસિક સ્થલોની નોંધ મોકલવા કૃપા કરે. ચાતુર્માસ દરમ્યાન ચાતુર્માસના ક્ષેત્રમાં કેવલ શાસન સેવાના ઉદ્દેશથી પ્રસિદ્ધ થતા ‘કલ્યાણ’ના પ્રચારને વેગ આપવા અવશ્ય કૃપા કરે!

‘કલ્યાણ’માં ગતાંકમાં પ્રગટ થયેલ પેજ ૨૯૩-ઉપર ‘શ્રી નવકાર મંત્રાધિરાજ પ્રત્યેના લેખકનું જે નામ છપાયું છે, તે શરતચૂકથી છપાયેલ છે. એના લેખકનું નામ તપાસ કરતા અમને મળેલ નથી, તે લેખકનું નામ અમને મલતાં અમે પ્રસિદ્ધ કરીશું. અમારાં પર આવતા લેખો વ્યવસ્થિત કરી, સંપાદિત કરી પ્રસિધ્ધ કરતાં વિલંબ થાય, તો આત્મીયભાવે લેખો મોકલનારા તે વિષે ક્ષંતવ્ય લેખે!

‘કલ્યાણ’ હંમેશા નિઃસ્વાર્થ ભાવે સાહિત્યસેવાના ઉદ્દેશ અર્થે પ્રસિધ્ધ થઈ રહ્યું છે. તેનું સંચાલન કેવલ જૈનશાસન પ્રત્યે ભક્તિ તથા સેવાના સદાશયથી થઈ રહ્યું છે, તેનો પ્રચાર વધુ ને વધુ કેમ થાય? તે માટે સર્વ શુભેચ્છકો અમને અવશ્ય સહકાર આપે એ અમારી નમ્ર વિનંતિ છે.

# સમાચાર સાર

**ભદ્રેશ્વર થી ભુજ**–પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રી, પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ આદિ શિષ્ય પ્રશિષ્ય પરિવાર સહ જેઠ વદિ ૧૧ ના ભદ્રેશ્વરજી તીર્થમાં પધારતાં શ્રી સંઘ તરફથી સામૈયું થયેલ. જેમાં ભુજ, અંજાર, પત્રી, પાલણપુર, અમદાવાદ, મુંબઇના ભાવિકો સારી સંખ્યામાં હતાં. ગુરૂમંદિરના વ્યાખ્યાન હોલમાં પૂ. મહારાજશ્રીનું પ્રવચન થયેલ. શ્રી ભદ્રેશ્વરજી તીર્થની પૂ. મહારાજશ્રીએ જીવનમાં પહેલી જ વાર યાત્રા કરેલ. તીર્થ રમણીય છે. જિનાલય ભવ્ય તથા બાંધણીની દૃષ્ટિયે અદ્વિતીય છે. મૂલનાયક ભગવાન શ્રી મહાવીર દેવના પ્રતિમાજી ભવ્ય તથા અદ્ભુત છે. પ્રદક્ષિણાનાં મૂલનાયકની બરાબર પાછળ ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજી પણ સુંદર છે. પ્રાચીન તથા પ્રભાવશાલી છે. આ બન્ને પ્રતિમાજીના બે કાનો માનવને હોય તે રીતે સહજ નિષ્કૃત્રિમ છે, કે ભારતમાં હજારો જિનબિંબોનાં દર્શન કરનારને આનો જોટો મળવો મુશ્કેલ છે. જિનાલય વિશાલ અને થાંભલાઓ ઘણા પહોળા છે. જિનાલયમાં પર દેવકુલિકાઓ છે. સ્વચ્છતા તથા શાંત વાતાવરણ કોઇ અનુપમ છે. ધર્મશાળાઓ અને એની આસપાસનું દૃશ્ય કોઇ અલૌકિક છે પૂ. મહારાજશ્રીએ જેઠ સુદિ ૩ સુધી સ્થિરતા કરી હતી. આડીસર, ગાંધીધામ તુંબડી. આદિ સંઘોની ચાતુર્માસ માટે વિનંતિ હતી. જેઠ સુદિ ૧ ના અંજારનો સંઘ ડેપ્યુટેશન લઇને તપાગચ્છ, અંચળગચ્છ તથા ખરતરગચ્છ એમ ત્રણ ગચ્છ તરફથી ચાતુર્માસ માટે વિનંતિ કરવા અંજારના સંઘના ભાઇઓ આવેલ ચાતુર્માસની હા ન મળે ત્યાંસુધી તેઓએ ભોજન લેવાનું પણ બંધ કરેલ. ખૂબ જ આગ્રહ તથા અતિશય વિનંતિથી પૂ. મહારાજશ્રીએ પૂ. પાદ આચાર્ય દેવશ્રીની આજ્ઞા આવે નિર્ણય કરવાનું કહેલ. સુદિ ૩ ના વિહાર કરી કુંદ્રોડી થઇ સુદિ પના તેઓશ્રી પત્રી પધારતાં સંઘે સામૈયું કરેલ. દરરોજ આઠકોટિ મોટીપક્ષના સ્થાનકમાં વ્યાખ્યાનો થતા. જેનો સર્વ કોઇ લાભ લેતા, સ્થાનકવાસી તથા મૂર્તિપૂજક સમાજ સારી સંખ્યામાં લાભ લેતાં. જેઠ સુદિ ૭ ના પત્રીથી વિહાર કરી રામાણીયા થઇ સુદિ ૮ ના પૂ. મહારાજશ્રી તુંબડી પધાર્યા. તુંબડીના સંઘવી રામજીભાઇ પટેલ તથા સઘંસમસ્ત સામે આવેલ. ઠાઠથી સામૈયું થયેલ. ચારદિવસની સ્થિરતા દરમ્માન દરરોજ પ્રવચનો થયેલ. સુદિ ૮ ની રાતથી વરસાદ શરૂ થયેલ. એટલે માંડવી બાજુ જવાનું બંધ રાખીને પૂ. મહારાજશ્રીએ સુદિ ૧૨ ના ભુજ બાજુ વિહાર લંબાવ્યો. કેરા થઈ સુદિ ૧૩ ની સાંજે ભુજ–મુંદ્રારોડ પર સેનેટેરીયમમાં પધારતાં ભુજ તપગચ્છ સંઘના પ્રમુખ શા દામજીભાઇ આદિ વંદનાર્થે આવેલ. સુદિ ૧૪ ના સવારે પૂ. મહારાજશ્રી સપરિવાર દાદાવાડી પધારતાં ત્રણે ગચ્છના ભાઈ–બ્હેનો દર્શનાર્થે આવેલ. ત્યાંથી સામૈયું ચઢેલ. ઠેર ઠેર ગંહુલિઓ થતી. તપગચ્છ ઉપાશ્રયમાં પધારતાં વ્યાખ્યાન થયેલ. પૂ. મહારાજશ્રીના વ્યાખ્યાનમાં લોકો માતા નહિ હોવાથી વાણીયાવાડના નાકે વંડામા વ્યાખ્યાનો રહેતા. ભુજ સંઘમાં સ્થાનકવાસી નાનીપક્ષ, મોટીપક્ષ. છ કોટિ, અંચલગચ્છ, તપગચ્છ, તથા ખરતરગગચ્છના ભાઇઓ તથા જૈનેતરવર્ગ વ્યાખ્યાનોમાં દરરોજ આવતા. સંઘના આગ્રહથી અડવાડીયુ રોકાણ થયું. તપગચ્છ સંઘમાં સંગઠન અને સંપ પૂ. મહારાજશ્રીના ઉપદેશથી થયેલ. પૂ. મહારાજશ્રીને શ્રીસંઘે ચાતુર્માસની વિનંતિ કરી, સંઘના ભાઇઓએ અંજાર સંઘની સમ્મતિ મેળવવા પણ પ્રયત્ન કર્યો.

પણ પૂ. મહારાજશ્રીનું ચાતુર્માસ પૂ. પાદ આચાર્ય દેવશ્રીની આજ્ઞાથી અંજાર ખાતે નિશ્ચિત થયેલ હોવાથી ફેરફાર થઇ શકયો નહિ. પૂ. મહારાજશ્રીનાં પ્રવચનોથી જૈન-જૈનેતરવર્ગ ઉપર ખૂબજ સુંદર છાપ પડેલ છે. ને સર્વ કોઇ જૈન સાધુ સમાજ પ્રત્યે સન્માનની ભાવના રાખતો ગયો છે. પૂ. મહારાજશ્રી જો વધુ સ્થિરતા કરે તો સંઘમાં ઘણોજ લાભ થાય તેમ સર્વ કોઈ ઇચ્છે છે. પૂ. મહારાજશ્રી દ્વિ. જેઠ વદિ ૧૧ ના વિહાર કરી, અંજાર પધારશે ને અષાડ સુદિ ૨ ના દિવસે તેઓશ્રી અંજાર ખાતે ચાતુર્માસાર્થે પ્રવેશ કરશે.

**ઘાટકોપર**–પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિ ઘાટકોપર જૈન સંઘની ચાતુર્માસ અંગેની આગ્રહ ભરી વિનંતિ સ્વીકારી પૂ. ગુરૂદેવની આજ્ઞાથી દ્વિતીય જેઠ શુ ૧૧ ના ઘાટકોપરમાં સામૈયા પૂર્વક પ્રવેશ થયો હતો. ભગવતિ સૂત્રનું વાંચન થવાનું છે. તા. ૨-૭-૬૧ ના પંન્યાસજી કીર્તિ-વિજયજી ગણિવરે 'કર્મની અજબ ઘટના' એ વિષય ઉપર કાવ્યમય શૈલિથી જાહેર પ્રવચન આપ્યું હતું. હોલ ચીકાર ભરાઈ ગયો હતો. જનતા લાભ સારા પ્રમાણમાં લે છે.

**મહુડી**–(ઊ. ગુ.) માં ત્યાંની ગ્રામ પંચાયતે તા. ૩-૬-૬૧ ના ઠરાવ કરી આવતા યાત્રાળુઓ પાસેથી નવા ત્રીસ પૈસા પ્રમાણે યાત્રિક વેરો લેવાનું ઠરાવ્યું છે. આ અંગે વિરોધ કરવો જરૂરી છે.

**રાજકોટ**–જૈન તપગચ્છ યુવક-બાલ વિભાગ તરફથી આગામી પર્વાધિરાજ પર્યુષણા પર્વ ઉપર 'જ્ઞાનપ્રકાશ' નામે હસ્તલેખીત વાર્ષિક અંક પ્રગટ કરવાનું નક્કી કર્યું છે, તો ગયા વર્ષની જેમ આ વર્ષે સૌ કોઇને લેખો, ચિત્રો, વગેરે મોકલી સહકાર આપવાની વિનંતિ કરીએ છીએ. આ વર્ષે અંક વિશેષ સુશોભિત અને દળદાર બનાવવા ભાવના


# મર્કોસેમ સીમેન્ટ પેઈન્ટ

**જાહેર સંસ્થાઓના ટ્રસ્ટીઓને** વિનંતિ જે મર્કોસેમ સીમેન્ટ–પેઈન્ટ બહારના બાંધકામની દિવાલોને સુશોભિત અને મજબૂત બનાવે છે તેમજ વોટર પ્રુફ અને દરેક સીઝનમાં રક્ષણ આપે તેવો છે.

અનુભવી અને નિષ્ણાત પેઇન્ટ ટેકનોલોજીસ્ટની દેખરેખ નીચે **અમેરીકાની** જાણીતી **કું. મે. કુકુ એન્ડ ડન** પેઈન્ટ કોર્પોરેશન ન્યુયાર્ક–ન્યુજર્મનીના સહકારથી જામનગરમાં આ રંગનું ઉત્પાદન શરૂ કરેલ છે.

અમારી ચાલુ કિંમત ૫૦ કીલોગ્રામના રૂા. ૧૧૭-૦૦ એફોઆર ડેસ્ટીનેશન રાખેલ છે. **સંસ્થાના** ઉપયોગ માટે સ્પેશીયલ કન્સેશન આપીશું.

ઉપરાંત મકાનોની અંદરના ભાગના શણગાર માટે ઓઈલ બાઉન્ડ ડીસ્ટેમ્પરની કિંમતે તેનાથી ઘણી જ ઊંચી જાતનો કવરકોલ **ફ્લેટ પેઈન્ટ** પણ વિવિધ આકર્ષક રંગોમાં મળી શકે છે વધુ વિગત માટે લખો.

## સૌરાષ્ટ્ર પેઈન્ટસ પ્રાઈવેટ લી.

ઠે. એરપોર્ટ રોડ, **જામનગર** (ગુજરાત)

રાખીએ છીએ, કૃતિઓ તથા ફોટાઓ તા. ૨૦ ઑગષ્ટ પહેલાં આ સીરનામે મોકલી આપવી. નીતિનકુમાર એન. શાહ ઠે. દીલીપકુમાર વનેચંદ ટોળીયા કંસારા બજાર રાજકોટ.

**ડીસા** શહેર જૈન પાઠશાળામાં અભ્યાસ કરતા શ્રી તારાબેન દીક્ષા અંગીકાર કરવાના હોઈ પાઠશાળા તરફથી તા. ૨-૭-૬૧ ના રોજ અભિનંદન આપવા નિમિત્તે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. શ્રી રજનીકાંત પ્રતાપચંદ કુવાલાવાળાએ, શ્રી અમૃતલાલભાઇએ, શ્રી પોપટલાલ વકીલે વક્તવ્યો કર્યાં હતાં, ફુલહાર અને વિદાયગીત બાદ મેળાવડાનું કામકાજ પુરૂં થયું હતું.

**પાટણ**–પૂ. આ. શ્રી રામસૂરિજી મહારાજશ્રીનાં આજ્ઞાવર્તિ સાધ્વીશ્રી જયંતિશ્રીજીએ ૫૦૦, આયંબિલનું પારણું દ્વિ. જેઠ વદિ ૫ ના સવારે કરેલ છે. તેઓશ્રીના શિષ્યા સાધ્વીશ્રી અભયાશ્રીજીની વડીદીક્ષા જેઠ શુદ ૧૧ ના પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીના વરદહસ્તે થઇ હતી. આ બન્ને શુભ પ્રસંગોને અનુલક્ષી ખેતરવસીના પાડામાં ધામધૂમથી અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવેલ.

**જીયાગંજ** (મુર્શીદાબાદ) તા. ૪-૭-૬૧ ના રોજ મહેસાણા નિવાસી શ્રી અમૃતલાલ રીવલાલ શાહની સુપુત્રી બાલબ્રહ્મચારિણી શ્રી પ્રભાવતીબેનની ભાગવતિ દીક્ષા થઈ હતી, વરસીદાનનો વરઘોડો નીકળ્યો હતો. દીક્ષા બાદ બાબુસાહેબ શ્રીપતસિંહજી દુગડ તરફથી સ્વામિવાત્સલ્ય થયું હતું. દીક્ષાર્થીનું નામ ચારૂયશાશ્રી રાખવામાં આવેલ, ચાતુર્માસ માટે મુનિરાજશ્રી ભદ્રસાગરજી મ. ઠાણા ૨ તથા સાધ્વીશ્રી કુસુમશ્રીજી ઠાણાં ૬ અત્રે પધારેલ છે.

**સાવરકુંડલા**–મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં અમરેલી ખાતે જિનમંદિરનો શતાબ્દિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયા બાદ બગસરા સંઘની વિનંતિથી બગસરા પધાર્યા હતા. સંઘે સામૈયું કર્યું હતું. સ્થાનકવાસી ઉપાશ્રયમાં રોજ વ્યાખ્યાનો ચાલું હતા. ઇતર જનો તથા મુસ્લીમો વગેરે વ્યાખ્યાનનો લાભ લેતા હતાં. મોટી વસતી સ્થાનકવાસી ભાઇઓની છે. તેમની વિનંતિ સ્વીકાર કરી એકવીસ દિવસ રોકાયા. પૂજા, પ્રભાવના, બે નવકારશી વગેરે સારા પ્રમાણમાં થયું હતું. પૂ. મહારાજ બગસરાથી વિહાર કરી હાલરીયા, આંબરડી, થઇ ધારી પધાર્યા હતા. ધારીમાં પણ મોટી વસતી સ્થાનકવાસી ભાઇઓની છે, મૂર્તિપૂજક જૈનભાઈઓનાં ચાર ઘર છે જ્યારે સ્થાનકવાસી ભાઇઓનાં ૧૨૫ ઘર છે, મહાજનવાડીમાં જાહેર વ્યાખ્યાન રખાયું હતું. હજાર ઉપરાંત ભાઇ-બ્હેનોએ લાભ લીધો હતો. જમાવટ સારી થઇ હતી. આવતી સાલનું ચાતુર્માસ કરાવવા સ્થાનકવાસી ભાઈઓએ ખુબજ આગ્રહ કર્યો છે. નવકારશી થઇ હતી, પંદર દિવસની સ્થિરતા કરી પૂ. મહારાજશ્રીએ વિહાર કરી બીજા જેઠ વદિ ૧૩ ના ધામધૂમથી ચાતુર્માસ પ્રવેશ કર્યો છે.

**સમી** (હારીજ) ખાતે બેનોની વિનંતીથી સાધ્વીશ્રી મંજુલાશ્રીજી આદિ ઠાણા ૪ ચાતુર્માસ માટે બીજા જેઠ શુ. ૧૦ ના પધારતાં બેનોમાં ઉત્સાહ સારો છે, બીજા જેઠ વદિ ૩ ના શ્રી બુદ્ધિસાગરસૂરિજી મ. ની સ્વર્ગારોહણ તિથિ હોવાથી પૂજા, આંગી વગેરે રાખવામાં આવેલ.

**દાદર** (મુંબઇ) શ્રી આત્મકમલ લબ્ધિસૂરિજી જૈન જ્ઞાનમંદિરમાં દાદર જૈન પાઠશાળાની બાલિકા **શ્રી નીલાબેન** નટવરલાલ ખંભાતવાળા ઉંમર વર્ષ ૧૪ ભાગવતિ દીક્ષા પ્ર. જેઠ શુ. ૩ ના શુભ દિને પૂ. આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં થઇ હતી અને સાધ્વીશ્રી સર્વોદયાશ્રીજી મ. ના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવેલ અને સાધ્વીશ્રી નયપદ્માશ્રીજી નામ રાખવામાં આવેલ. દીક્ષાના દિને શ્રી રતનલાલ ડાહ્યાભાઇ તરફથી પૂજા, આંગી, રોશની, સ્વામિવાત્સલ્ય થયું હતું. તેજ દિવસે પૂ. આચાર્યદેવના વરદહસ્તે મુનિરાજશ્રી નયભદ્રવિજયજી મહારાજને વડીદીક્ષા આપવામાં આવી હતી.


## લવાજમ ભરવાનું સ્થળ :–

**શ્રી વેજલપુર જૈન યુવક પ્રગતિ મંડળ**
**શાહ રસીકલાલ જીવણલાલ કારેલાવાળા**
**કતોપર બજાર ભરૂચ**

**માંડલ**–પૂ મુનિવર્ય શ્રી ધર્મસાગરજી ગણિવરે વિશનગરથી તા. ૨૯-૫-૬૧ ના જૈન સંઘ ઉપર પત્ર લખ્યો હતો તેના જવાબમાં જૈન સંઘના પ્રમુખશ્રી શ્રી અમૃતલાલ હરખચંદ શાહે જણાવ્યું છે કે તા. ૨૭-૫-૬૧ ના જૈન પત્રમાં શ્રીયુત પરમાનંદ કુંવરજીભાઇએ લખેલ લેખમાં માંડલ સંઘે દેવદ્રવ્યનો ઉપયોગ સામાજિક કામમાં કરે છે. તેમ જણાવતું છપાવેલ છે તો તે માટે આપશ્રીને ખાસ જણાવવાનું કે અત્રે સંઘમાં દેવદ્રવ્યમાં અગાઉથી જ તોટો છે, કાંઇ ફંડ નથી તેમજ તેનો નિભાવ દહેરાસરજી વગેરેનો અત્રેનો વિશાશ્રીમાલી જ્ઞાતિનોજ સંઘ કરે છે. અમોએ કોઈ એવો ઠરાવ કર્યો નથી અને આજ સુધીમાં અમોએ કોઇ પણ જાતનું દેવદ્રવ્ય સામાજિક કાર્યમાં વાપરેલ નથી એજ.

**અમદાવાદ**–તા. ૪-૬-૬૧ ના રોજ પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી વર્ધમાન જૈન સંસ્કાર પાઠશાળાનો વાર્ષિક દિન સારી રીતે ઉજવવામાં આવ્યો હતો, પાઠશાળાનું સંચાલન શ્રી પ્રવીણચંદ્ર ચંદુલાલ તથા શ્રી નરેન્દ્રકુમાર શાહ કરે છે, ઉનાળાના વેકેશનમાં ૪૫ દિવસ દરમ્યાન ૫૮૦૦, ઉપરાંત સામાયિક કર્યાં હતાં ૧૦૦ લગભગ બાળક બાળિકાઓ આ પાઠશાળાનો લાભ લે છે.

**મણિનગર**–(અમદાવાદ) નડીયાદથી વિહાર કરી મુનિરાજશ્રી નરોતમવિજયજી મહારાજ સંઘની વિનંતિથી ચાતુર્માસ માટે બીજા જેઠ શુ. ૪ ના પધાર્યા છે. જેઓને ૯૪ મી શ્રી વર્ધમાનતપની ઓળી ચાલે છે.

**કડી** જૈન–વિદ્યાર્થી ભવનમાં શ્રી નમસ્ક મહામંત્રની આરાધના ઉનાળાની રજામાં ૨૦ દિવસ સુધી સંસ્થાના મંત્રી તથા શ્રી નરેન્દ્રકુમાર ગીરધરલાલ સંઘવીની હાજરીમાં ગોઠવવામાં આવેલ. ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, નમો અરિહંતાણંનો એક લાખ જાપ કરાવવામાં આવેલ. રોજ આવશ્યક ક્રિયાઓ, પ્રભુભક્તિ આરાધનાની સમજ વગેરે કાર્યક્રમ ભરપૂર રહેતો. વિદ્યાર્થીઓની આરાધનાની અનુમોદના અંગે તા. ૧૩-૬-૬૧ ના રોજ સમારંભ યોજવામાં આવેલ, વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ નમસ્કાર મહામંત્રની આરાધનાની વિવિધ રીતો દર્શાવતાં, ચિત્રપટો, ફોટાઓ અને સાહિત્ય વગેરેનું એક પ્રદર્શન ગોઠવવામાં આવેલ. આ માંગલિક પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજનગરથી શ્રી હીરાલાલ મણિલાલ તથા નવાડીસાથી શ્રી મફતલાલ સંઘવી પધાર્યા હતા. શ્રી મફતલાલ સંઘવીએ નવકાર મહાત્મ્ય અંગે સુંદર ઉદ્બોધન કર્યું હતું, શ્રી હીરાલાલભાઇના હસ્તે આરાધકોનું બહુમાન થયેલ સંસ્થાના ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ રોજ શ્રી નવકારની પોણો કલાક આરાધના કરે છે.

**હિંગણઘાટ**–સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મહારાજના સમુદાયનાં સાધ્વીશ્રી પ્રભાશ્રીજી મ. ના શિષ્યા સાધ્વીશ્રી મલયાશ્રીજી ચાર દિવસના તાવમાં તા. ૨૧-૫-૬૧ ના રોજ સમાધીપૂર્વક નરોરામાં કાળધર્મ પામ્યા હતા. ૨૧ વર્ષના ચારિત્ર પર્યાયમાં માસખમણ, પંદરઉપવાસ, વર્ધમાન તપની ઓળી વગેરે ઘણી તપશ્ચર્યા કરી છે, સ્મશાન યાત્રામાં હિંગણઘાટ, વર્ધા, ભાંડુકજી, ચાંદા, આકોલા વગેરે શહેરોમાંથી સેંકડો ભાઇ-બ્હેનો જોડાયા હતાં.

**અમદાવાદ**–રાધનપુર નિવાસી બાલ બ્રહ્મચારી શ્રી નવીનચંદ્ર ભોગીલાલ ઝવેરી (ઉંમર વર્ષ ૨૭) જેઓશ્રીએ પૂ. મુનિરાજશ્રી ધર્મસાગરજી ગણિવરના વરદહસ્તે તા. ૧૬-૬-૬૧ ના રોજ દીક્ષા અંગીકાર કરી છે. નૂતન મુનિરાજશ્રીનું નામ શ્રી નિરૂપમસાગરજી મ. રાખવામાં આવેલ અને મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવેલ. તે દિવસે ઇન્કમટેક્ષના સુપ્રસિધ્ધ વકીલ શ્રી લાલભાઇ એલ. પરીખ અને તેમના અ. સૌ. ધર્મપત્નીએ સજોડે ચતુર્વિધ સંઘ સમક્ષ ચતુર્થવ્રત ઉચ્ચરેલ.

**અમદાવાદ**- મુંબઇની શ્રી જીવદયા મંડળીના આશ્રયદાતાઓ અને હિતચિંતકોના આગ્રહથી મંડળીનું ગુજરાત રાજ્ય વિભાગનું કાર્યાલય વડોદરાને બદલે હવે યંગ મેન્સ જૈન સોસાયટી-જ્ઞાનમંદિર સામેની ઓફિસમાં રાખવામાં આવેલ છે, જીવદયાના લગતા પ્રશ્નો અંગે સ્થાનિક જીવદયા સંસ્થાઓના સહકારથી મંડળી પ્રયાસો કરશે.

**રાણીબેન્નુર**- પૂ. પંન્યાસજી યશોભદ્રવિજયજી મહારાજશ્રીના શિષ્ય રત્ન મુનિરાજશ્રી જગચ્ચંદ્ર-વિજયજી મહારાજના સદુપદેશથી અહિંના સંઘે ત્રિગડું પધરાવવાનો નિર્ણય કર્યો છે, તે મુજબ શ્રી સુવિધિનાથ મૂળનાયક તરીકે કેશરવાડી (મદ્રાસ) થી અને બીજા બે પ્રતિમાજી બોરીંગપેઠથી લાવેલ તેનો પ્રવેશ મહોત્સવ તથા અઢાર અભિષેક કરાવવામાં આવેલ. અભિષેકની ક્રિયા કરાવવા માટે મદ્રાસથી શ્રી કુંવરજી મુલચંદ પંડિત પધાર્યા હતા. બન્ને ટાઇમની નવકારશી થઈ હતી. ચોમાસા પછી પ્રતિષ્ઠા વિધિ થશે, પૂ. મહારાજશ્રીનું ચાતુર્માસ દાવણગિરિ થયેલ છે.

**અમદાવાદ**--પૂ. આ. શ્રી ઉમંગસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં ફાગણ વદિ ૩ થી ફા. વ. ૧૧ સુધીમાં શ્રી મણિલાલ લલ્લુભાઇ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ઉજવવામાં આવેલ. પદવીપ્રદાન મહોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. ચૈ. વ. ૧૪ થી વૈશાખ શુદિ ૬ સુધી શાહપુર દરવાજાના ખાંચાના શ્રી સંઘ તરફથી પણ અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. મેડા આદરજ શ્રી શામળદાસ ઉજમશી તરફથી વૈ. વ. ૬ થી વૈ. વ. ૧૪ સુધીનો અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવામાં આવેલ. શ્રી શાંતિસ્નાત્ર વિધિ શ્રી ફુલચંદભાઈ તથા શ્રી ભૂરાભાઇએ કરાવી હતી.

**સન્માન સમારંભ**--અમદાવાદ ખાતે પૂ. આ. શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં ગિરધરનગરના રહીશ શ્રીયુત હીરાલાલ દીપચંદભાઇ દીક્ષા અંગીકાર કરવાના હોઇ તેમના સન્માનાર્થે શ્રી જૈન પ્રભાવક મંડલના ઉપક્રમે આદર્શ કન્યા વિદ્યાલયના પ્રિન્સીપાલ શ્રી વાડીલાલ સવચંદભાઇના પ્રમુખસ્થાને એક સમારંભ પાંજરાપોળમાં યોજવામાં આવેલ.

**ચાણસ્મા**- અત્રેની પાઠશાળાના શિક્ષક શ્રી બાબુલાલ મગનલાલ શાહ છૂટા થતાં તેમની જગ્યાએ કનૈયાલાલ ફકીરચંદ બેલાણીની નિમણુંક થઇ છે. શ્રી બાબુભાઇની નિમણુક પાલીતાણા જૈન બાલાશ્રમમાં થઇ છે, ચાતુર્માસ માટે મુનિરાજશ્રી દર્શનવિજયજી મ. તથા મુનિરાજશ્રી દોલતવિજયજી મ. સંઘની વિનંતિથી પધાર્યા છે, રોજ વ્યાખ્યાન ચાલુ છે પૂ. મુનિરાજશ્રીએ ઉંઝા ખાતે નવકારશી થઈ તે વખતે એઠું ઘણું મૂકાતું એનો ઉપદેશ આપતાં નવકારશીના જમણમાં ૭૦૦ થી ૮૦૦ માણસોએ થાળી ધોઇને પીધી હતી અને એક આનાની પ્રભાવના કરી હતી.

**મનફરા**- જૈનસંઘની વિનંતિથી પૂ. પંન્યાસજી દીપવિજયજી મહારાજનું ચાતુર્માસ પૂ. આચાર્ય શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી થયું છે, બીજા જેઠ શુ. ૪ ના રોજ સામૈયાથી પ્રવેશ થયો હતો.

**ગઢશીવાના**- પૂ. પંન્યાસજી ચિદાનંદ વિજયજી મહારાજ આદિ ઠાણા ૩ નો ચાતુર્માસ પ્રવેશ બીજા જેઠ શુ. ૪ ના સવારના આઠ વાગે વાજતાં ગાજતા થયા હતો, વ્યાખ્યાન પ્રભાવના થયેલ.

**જુનાડીસા**--પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ અત્રે પધારતાં ભવ્ય સામૈયું થયું હતું. અત્રે રોકાતાં અઠ્ઠમની તપશ્ચર્યા સાથે નવકાર


## શ્રી જિનપ્રતિમાના લેપ માટે
### વિખ્યાત કલાકાર

પ્રતિમાજીના ખંડિત થએલ અંગ મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષપત્રો મળેલા છે, જૈનશાસનસમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા
,, **ઝવેરભાઇ ગોવીંદ**
ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—**પાલીતાણા**

મહામંત્રનો જાપ થયેલ સારી સખ્યામાં ભાઇ-બ્હેનોએ લાભ લીધો હતો, પૂ. આચાર્યદેવ આદિનું ચાતુર્માસ પીંડવાડા નક્કી થયું હોવાથી વિહાર કરી પિંડવાડા બાજુ પધાર્યાં છે.

**સમૌ**- તા. ૨૬-૬-૬૧ ના રોજ પંન્યાસજી લલીતવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી જવાહરલાલજીની ભાગવતિદીક્ષા થઇ હતી જેમનું નામ મુનિરાજશ્રી પ્રવીણસાગરજી મહારાજ રાખવામાં આવેલ મુ. શ્રી ચંદ્રપ્રભાસાગરજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવેલ. મહોત્સવ ધામધૂમ પૂર્વક થયો હતો.

**ખેરાલુ**--પૂ. પં. શ્રી હીરમુનિ મહારાજ તથા પૂ. પં. શ્રી સુંદરમુનિમહારાજની નિશ્રામાં તારંગા ખાતે અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર થયા બાદ અત્રે પધારેલ. અહિ પ્ર. જેઠ વદિ ૧૧ ના નૂતન સાધ્વીશ્રી સજ્જનશ્રીજી મ. ને વડીદીક્ષા આપી. બીજા જેઠ શુ. ૩ના મારવાડ જોઇલા નિવાસી શાહ પુખરાજજીનાં માતુશ્રી શ્રી દેવકીબેનને શ્રી ભાગવતિ દીક્ષા આપી હતી. વરસીદાનનો વરઘોડો નીકળ્યો હતો. પૂજા, આંગી, પ્રભાવના વગેરે થયેલ પૂ. પંન્યાસજી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી પાટણ ચાતુર્માસ માટે પધાર્યાં છે.

**ચાતુર્માસ પ્રવેશ**–અમદાવાદ ડહેલાનાં જૈન ઉપાશ્રયે પૂ. પં. શ્રી જયંતવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી યતિન્દ્રવિજયજી મહારાજ ચાતુર્માસ પધાર્યાં છે. બીજા જેઠ શુ. ૩ ના મંગલપ્રવેશ થયો હતો. દાનધર્મ ઉપર રોજ નવ વાગે મુનિરાજશ્રી યતીન્દ્રવિજયજી મહારાજ વ્યાખ્યાન આપે છે.


## તૈયાર છે શ્રી યશોભદ્રશ્રેણિના પ્રકાશનો આજે જ મંગાવો

| | | | |
|---|---|---|---|
| ત્રિષષ્ટિ શલાકા૦પર્વ ભાગ ૧ | (સંસ્કૃત ગ્રુધ કર્તાઃ–પં. શુભંકરવિજયજી) | મૂલ્ય | ૫–૦ |
| ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાગ ૨ | ,, ,, | ,, | ૭–૦ |
| પરિશિષ્ટપર્વ | ,, ,, | ,, | ૫–૦ |
| નરવિક્રમચરિત્ર (પ્રાકૃત) | સંસ્કૃત છાયાકાર ,, | ,, | ૩–૫૦ |
| કારકમાલા | (ભદ્રંકરોદયાખ્યવ્યાખ્યયા પ્રભાખ્યટિપ્પણ્યા ચ સહિતા ,, | ,, | ૨–૫૦ |
| શાન્તિ જિનમહિમ્નસ્તોત્ર | વ્યાખ્યાકાર પં. શુભંકરવિજયજી | ,, | ૦–૭૫ |
| અપર મા (નવલકથા) | લેખક ,, | ,, | ૨–૫૦ |
| દેવવંદનમાલા [હિન્દી] | સંપાદક ,, | ,, | ૧–૨૫ |
| શ્રાવકધર્મવિધાન | (પ્રથમ પંચાશકનું ગુજરાતી વિસ્તૃત વિવેચનકાર) ,, | ,, | ૩–૦ |
| ચંદનની સુવાસ ભાગ ૧ | (સ્મરણ-પ્રકરણ-ભાષ્ય, કર્મગ્રંથ, તત્વાર્થસૂત્ર, વીતરાગસ્તોત્રાદિ | ,, | ૧–૫૦ |
| ચંદનેની સુવાસ ભાગ ૨ (અ) | (તત્ત્વાર્થ સૂત્રના અર્થ તથા નૂતનસ્તવન સજ્ઝાયાદિ) | ,, | ૧–૭૫ |
| ચંદનની સુવાસ ભાગ ૨ (બ) | (તત્ત્વાર્થ સૂત્રના સંક્ષિપ્ત અર્થ) કર્તા. પં. શુભંકરવિજયજી | ,, | ૦–૫૦ |
| ચંદનની સુવાસ ભાગ ૩ | (બ્રહત્સં લઘુક્ષેત્રસમાસ, પ્રશમરતિ, ગુણસ્થાનક્રમારોહ, યોગદષ્ટિ સ૦ યોગશાસ્ત્ર આદિ) | ,, | ૧–૫૦ |
| ચંદનની સુવાસ ભાગ ૪ | (સાધુ–સાધ્વી યોગ્ય આવશ્યકસૂત્ર, સંસ્કૃત ચૈ૦ સ્તુતિ પ્રાકૃતવ્યાકરણાદિમૂલ | ,, | ૦–૬૨ |

પ્રાપ્તિસ્થાનઃ– **શાહ કાન્તિલાલ વાડીલાલ** ઠે. જમાલપુર, સાલવીની પોલ **અમદાવાદ.**

**સોમચંદ ડી. શાહ** ઠે. જીવન નિવાસ સામે **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

**ગારિઆધાર**–શ્રી સંઘના આગ્રહથી પૂ. આ. શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિનું ચાતુર્માસ અત્રે થયું છે. ખૂબ ઉમંગ અને ઉત્સાહથી ગામ પ્રવેશ થયો હતો વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ હતી.

**જામનગર**–પૂ. પં. શ્રી જયંતવિજયજી મહારાજ આદિ શાંતિભુવનમાં બીજા જેઠ શુ. ૪ ના ચાતુર્માસ માટે પ્રવેશ કરતાં વ્યાખ્યાન બાદ લાડુની પ્રભાવના થઈ હતી. વ્યાખ્યાનમાં આચારાંગ સૂત્ર વંચાય છે,

શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળામાં ચાતુર્માસ માટે તપસ્વી શ્રી હેમેન્દ્રવિજયજી મહારાજ પધાર્યા હતાં. માંગલિક થયા બાદ ચાર આનાની પ્રભાવના થઈ હતી. તપસ્વીજી મહારાજ વ્યાખ્યાન આપે છે અને તેઓ એક હજાર આયંબિલની તપાશ્ચર્યા કરવા માગે છે, હાલ ૭૫૦ થયાં છે. સાથે સાથે વર્ધમાન તપની ૭૪મી ઓળી ચાલે છે.

મુનિરાજશ્રી કમલવિજયજી મહારાજ આદિ દિગ્વિજય પ્લોટમાં બીજા જેઠ શુ. ૧૦ ના ચાતુર્માસ પ્રવેશ કરતાં માંગલિક સંભળાવ્યા બાદ પ્રભાવના થઈ હતી.

**અમદાવાદ**–પૂ. પં. શ્રી સુજ્ઞાનવિજયજી મહારાજ આદિ ગીરધરનગર વૈ. વ. ૮ ના પધાર્યા હતા ત્યાં એક માસ સ્થિરતા કરી હતી. પૂ. આ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિનું ચાતુર્માસ સારંગપુર તળીયાની પોળમાં નક્કી થયું હતું. પરંતુ આચાર્યશ્રીની શારિરીક અવસ્થાને કારણે આવી શકે તેમ ન હોવાથી તેઓશ્રીની આજ્ઞાથી પંન્યાસજી મ. આદિ ઠાણા બે સારંગપુર તળીયાની પોળના ઉપાશ્રયે બીજા શ્રાવણ શુ. ૧૧ ના રોજ પધાર્યા છે.

**ડુવા**–પૂ. આ. શ્રી રામસૂરિજી મહારાજ આદિની શુભ નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ઠાઠ–માઠથી ઉજવાયો હતો. ગામમાં ૨૦ ઘર હોવા છતાં ઉપજ સારા પ્રમાણમાં થઈ હતી. દરરોજ નવકારશી જુદા જુદા ગૃહસ્થો તરફથી થઈ હતી. પ્રતિષ્ઠા દિને આખા ગામને તેમજ આજુબાજુના ગામોના આવેલા માણસોને જમાડવામાં આવ્યાં હતાં. પ્રતિષ્ઠા જોવા આજુબાજુમાંથી પાંચ હજાર માણસ આવેલ દરેકની વ્યવસ્થા સુંદર થઈ હતી. પ્રતિષ્ઠા દરમીયાન જાગીરદારોએ પણ સારો સાથ આપ્યો હતો. પૂ. આચાર્યશ્રી મ. નું ચાતુર્માસ મંડાર નક્કી થયું હોવાથી ત્યાંથી વિહાર કરી મંડાર પધાર્યા હતા અને બીજા જેઠ વ. ૬ ના પ્રવેશ થયો હતો.

**જામનગર**–દેવબાગ જૈનઉપાશ્રય ખાતે ડહેલાવાળા પૂ. આ. શ્રી રામસૂરિજી મહારાજના શિષ્ય રત્ન મુનિરાજ ભદ્રંકરવિજયજી મહારાજને ચોમાસા માટે વિનંતિ થઈ હતી. બીજા જેઠ શુ ૧૦ ના રોજ ચેલાથી આવીને ધામધૂમ પૂર્વક ચોમાસા માટે પ્રવેશ કર્યો હતો. માંગલિક બાદ પ્રભાવના થઈ હતી,

**ઝેરડા**–(પાલનપુર) પૂ. આ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન મુનિરાજશ્રી સંજમવિજયજી મ. નું ચાતુર્માસ સંઘની વિનતિથી થયું છે. ચાતુર્માસ પ્રવેશ સારી રીતે થયો હતો.

**પાલીતાણા**–કચ્છ–માંડવીના રહીશ અને હાલ મુંબઈ વસતા શ્રી મણીલાલ દેવજીભાઈનાં સુપુત્રી બાલકુમારિકા શ્રી કુસુમબેનની ભાગવતિ દીક્ષા બીજા જેઠ શુ. ૧૩ ના રોજ પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે થઈ હતી અને પૂ. આ. શ્રી વિજયજીપ્રતાપસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી કલ્યાણશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી મનોરમાશ્રીજીના શિષ્યા થયા હતા. નૂતન દીક્ષિતનું નામ સાધ્વીશ્રી કીર્તિપ્રજ્ઞાશ્રીજી નામ રાખવામાં આવેલ. દિક્ષીત બેને ચાર પ્રકરણ, બ્રહત્ સંગ્રહણી સંસ્કૃત બે બુક વૈરાગ્યશતક કુલકસંગ્રહ, વીતરાગ સ્તોત્ર વગેરેનો અભ્યાસ કરેલ છે.

**માર્ગદર્શક બનો**–શાસન હિતના કામમાં ૧૫ થી ૨૦ હજાર રૂા. ખર્ચવા છે, મંદિર, ઉપાશ્રય, પાઠશાળા સંઘ, ઉપધાન, ઉજમણાં આદિ સિવાય અત્યંત આવશ્યક અને હિતધારક કામો માટે વ્યવહારૂ યોજના જણાવશો. મુમુક્ષુ ઠે. કલ્યાણ પ્રકાશન મંદિર–પાલીતાણા

**બરડ**–મુનિરાજશ્રી માનતુંગ વિજયજી મહારાજ ધંધુકાથી પ્ર. જેઠ વ. ૧૩ અત્રે પધારતાં જૈન સંઘે

ચાતુર્માસની સ્થિરતા કરવા વિનંતિ કરી જેથી મહારાજશ્રીનું ચાતુર્માસ અત્રે થયેલ છે. વ્યાખ્યાન રોજ ચાલુ છે. બીજા જેઠ શુ. ૧ ના શ્રી સોમચંદભાઇ વ્રજલાલભાઇ તરફથી સ્નાત્રમહોત્સવ ઉજવવામાં આવેલ.

મુંબઈ–શ્રી વર્ધમાન જૈન પાઠશાળાનો ૧૮ મો વાર્ષિકોત્સવ દ્વિ. જેઠ શુ. ૧૩ ના દિને ઉજવાયો હતો, સવારે સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવેલ બપોરે ૪૦૦ ઉપરાંત ભાઇ બ્હેનોનો ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો. રાત્રે શેઠ બાવચંદ રામચંદ દુધવાળાના પ્રમુખસ્થાને એક ઇનામી સમારંભ યોજવામાં આવેલ, તે પ્રસંગે પાઠશાળા તરફથી રૂા. ૩૫૦, નાં ઇનામો તથા જૈનધાર્મિક શિક્ષણ સંઘ તરફથી રૂા. ૨૬૯નાં ઇનામો આપવામાં આવ્યાં હતાં. પાઠશાળા તરફથી શિક્ષકો શ્રી ભૂરાલાલ ભૂખણદાસ, શ્રી સેવંતિલાલ વ્રજલાલ જૈન તથા શ્રી સુશીલાબેન રતિલાલને અનુક્રમે રૂા. ૪૧, ૩૧ અને ૨૧ અપાયા હતા. પ્રમુખશ્રીએ રૂા. ૨૦૧, સંસ્થાને ભેટ આપ્યા હતા. આખો પ્રસંગ ઉત્સાહના વાતાવરણમાં પૂરો થયો.

રોહીડા–તા. ૧૬–૬–૬૧ ના રોજ મુનિરાજ શ્રી સુમતિ મુનિમહારાજની અધ્યક્ષતામાં શાહ જયચંદજી કપુરચંદજીના ધર્મપત્ની શ્રી ધન્નાબેને દીક્ષા અંગીકાર કરી હતી. સાધ્વીશ્રી હેમપ્રભાશ્રીના શિષ્યા તરીકે જાહેર કર્યા હતા. નૂતન સાધ્વીજીનું નામ સાધ્વી શ્રી કીર્તિપ્રભાશ્રીજી નામ સ્થાપન કરેલ. વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. સ્વામિવાત્સલ્ય વગેરે થયું હતું.

બોરસદ–મુનિરાજશ્રી વિજયચંદ્રવિજયજી મહારાજ આદિ સુરતથી જેઠ શુ. ૧૫ ના વિહાર કરી બીજા જેઠ શુ ૪ના રોજ બોરસદ ગામની બહાર શેઠ સોમચંદભાઇ મુળજીભાઇની મીલમાં પધાર્યા હતા. અ બીજા જેઠ શુ. ૫ ના ઘણી ધામધૂમથી ચાતુર્માસ પ્રવેશ થયો હતો. શ્રીમાલી પંચના ઉપાશ્રયે પધાર્યા હતા. વ્યાખ્યાન બાદ શેઠ મોહનલાલ સોમચંદ ગાંધી તરફથી પ્રભાવના થઇ હતી. બપોરે પૂજા ભણાવવામાં આવેલ.

મોઢેરા–શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયમાં જેઠ વદિ ૫ રવિવારની રાત્રે બાર વાગ્યના સુમારે વાજીંત્રના મધુર અવાજો થયા હતા, જે પાટીદાર કોમના સાતથી આઠ માણસો જિનમંદિરના ઓટલે બેઠા હતા તેમણે સાંભળ્યાં હતા. આ વાત બીજા દિવસે ગામમાં ફેલાતાં સૌને આશ્ચર્ય થયું હતું અને હકીકત સોએ સો ટકા સાચી હતી. પહેલાં પણ એક બે વખત આવું બનેલું. આ અંગે જેઠ વદિ ૯ ના પૂજા અને નવકારશી રાખવામાં આવેલ.

હારીજ–જૈન પાઠશાળાના શિક્ષક શ્રી એન. બી. શાહ છૂટાં થતાં એક મેળાવડો યોજવામાં આવેલ શ્રી મહિલા મંડળ તરફથી સુંદર ફ્રેમમાં મઢેલ માનપત્ર, સ્ટીલની ડીસ અને રૂા. ૧૧) રોકડા અને શ્રી સંઘ તરફથી રૂા. ૧૨૫) અને વિદ્યાર્થી તરફથી સ્ટીલની થાળીનો સેટ અર્પણ થયેલ.

## નવા સભ્યો અને સહકાર

પૂ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી તથા પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભવિજયજી મહારાજ સાહેબની શુભ પ્રેરણાથી

| | | |
|---|---|---|
| રૂા. ૧૧) | શા ચીમનલાલ માણેકચંદ | વસા |
| રૂા. ૧૧) | શેઠ દામજીભાઇ કરમચંદ | ભુજ (કચ્છ) |
| રૂા. ૧૧) | મહેતા કચરાભાઈ મુલચંદ | ,, ,, |
| રૂા. ૧૧) | માણેકલાલ હેમચંદ | ,, ,, |
| રૂા. ૧૧) | ઝવેરી બાબુભાઈ મુલચંદ | ,, ,, |
| રૂા. ૧૧) | પાનાચંદ કેશવજી | ,, ,, |
| રૂા. ૧૧) | પટવા રમણીકલાલ કરસનજી માંડવીવાળા | ,, ,, |
| રૂા. ૧૧) | શા કેશવજી અંદરજી | ,, ,, |
| રૂા. ૧૧) | શા મનહરલાલ લધુભાઈ | ,, ,, |
| રૂા. ૧૧) | સંઘવી ભવાનજી હીરાચંદ | ,, ,, |
| રૂા. ૧૧) | શા પ્રેમચંદ માણેકચંદ | ,, ,, |
| રૂા. ૧૧) | ઝવેરી બાબુલાલ થાવરભાઈ [બટુકભાઇ] | ,, ,, |
| રૂા. ૧૧) | શા કેશવલાલ છગનલાલ | માંડવી |

**પાટણ**–ખેતરવસીના પાડામાં પન્યાસજી રાજેન્દ્રવિજયજી મહારાજનું ચાતુર્માસ થયું છે. ધામધૂમથી પ્રવેશ થયો હતો જેઠ વદિ ૬ ના હાડેજાના રહીશ જામતરાજને દીક્ષા આપી હતી. મુનિરાજ વિવેકવિજયજી નામ રાખવામાં આવેલ આ શુભ પ્રસંગે પૂજા, આંગી, ભાવના, પ્રભાવના, સ્વામિવાત્સલ્ય વગેરે થયું હતું. અમદાવાદ, મહેસાણા, સાચોર, હાડેજા આદિ સ્થળોએથી ઘણાં માણસો આવેલ.

**છોટાઉદેપુર**–અત્રે સાધ્વી શ્રી રત્નપ્રભાશ્રીજી આદિ ૮ ઠાણાનું ચાતુર્માસ નક્કી થયું છે. બીજા જેઠ શુ. ૩ ના ચાતુર્માસ પ્રવેશ કર્યો છે. સાધ્વી શ્રી પુન્યરક્ષાશ્રીજી મ. ને ૪૫મી શ્રી વર્ધમાન તપની ઓળી પૂર્ણ થતાં તે શુભપ્રસંગ પર સુરતથી તેમના સંસારી ભાઇ–બહેનો આવેલ અને બપોરના શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવેલ ત્યારબાદ રાતના શ્રી મહાવીર જૈન યુવકમંડળ તરફથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**સુરત**–રૂા. અઢીલાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલયના નવા મકાનનું ઉદ્‌ઘાટન મુંબઈના આગેવાન શ્રી ચીમનલાલ ખુબચંદ શાહે તા. ૧૮–૬–૬૧ ના રોજ કર્યું હતું. આ સમારંભમાં સેસન્સ જડજ શ્રી જયંતિલાલ શેઠ, સુરત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી જયંતિલાલ વખારીયા, શ્રી રણછોડદાસ પોપાવાળા, તથા શહેરના અગ્રગણ્ય નાગરિકોની સારી સંખ્યામાં હાજરી દેખાતી હતી. સં. ૧૯૭૫માં વડા ચૌટા જૈન વિદ્યાર્થી આશ્રમની સ્થાપના થઇ પછી સંસ્થાના વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહી એટલે બીજા વિદ્યાર્થીઓને રાખવાનું મુશ્કેલ બન્યુ. શ્રી દલીચંદભાઇ શ્રોફે સંસ્થાને રૂા. પચાસ હજાર રોકડ રકમનું દાન અને રૂા. ત્રીસ હજારની જમીન દાનમાં આપી અને તેના પર આ ઇમારત ખડી કરવામાં આવી. આ સંસ્થાને બીજા રૂા. ૧૭૨૯૯૪ નાં દાન મળ્યાં છે, બીજા રૂા. ૧૯૦૦૦નાં દાનનાં વચન મળ્યાં છે. શ્રી દલીચંદભાઇ શ્રોફ વરસો સુધી ખુબ જહેમત ઉઠાવીને એકલા હાથે સંસ્થા ચલાવી મોટું દાન આપી તેને એક અદ્યતન છાત્રાલય બનાવ્યું છે. વકતાઓએ સંસ્થાની અને શ્રોફની કાર્યવાહીની તારીફ કરી હતી,

**ચુડા**–મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મ. મુનિરાજશ્રી દેવેન્દ્રવિજયજી મ. તથા મુનિરાજશ્રી શુભંકરવિજયજી ઠાણા ૩ અત્રે પધારેલ છે. બીજા જેઠ વદિ ૧૩ ના ચાતુર્માસ પ્રવેશ થયો હતો. મંગલાચરણ બાદ શ્રી મુલચંદભાઇ મગનલાલ તરફથી પ્રભાવના થઈ હતી, વ્યાખ્યાન રોજ ચાલુ છે.

**ચાણસ્મા**–જૈન પાઠશાળાના શિક્ષક શ્રી બાબુલાલ મનસુખલાલ શાહ છૂટા થતા હોવાથી જૈનપાઠશાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ તરફથી સન્માન પત્ર અર્પણ કરવાનો સમારંભ બીજા જેઠ વ. ૨ ના રોજ શેઠ ગોવીંદજીભાઇ કરમચંદના પ્રમુખસ્થાને યોજાયો હતો.

અત્રેના વતની અને નાગપુર રહેતા શ્રી વીરચંદભાઇ વસ્તાચંદની સુપુત્રી શ્રી સુશીલાબેન ઉંમર વર્ષ ૨૭ જેઓ ઈન્ટર સુધીના અભ્યાસી છે, ધાર્મિક શિક્ષણ પણ સારા પ્રમાણમાં લીધું છે, જેઓને ભાગવતિ દીક્ષા લેવાની ભાવના જાગી હોવાથી બીજા જેઠ વ. ૬ ના રોજ ધામધૂમથી મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજશ્રીના વરદ હસ્તે દીક્ષા આપાઇ હતી. સાધ્વી શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી તરીકે જાહેર કરવામાં આવેલ અઠ્ઠાઇ મહોત્સવ બીજા જેઠ શુ. ૧૩ થી શરૂ થયો હતો. રોજ આંગી, પૂજા, ભાવના, પ્રભાવના રોશની વગેરે સારા પ્રમાણમાં થયું હતું. શ્રી મહિલા મંડળ તરફથી દીક્ષાર્થી બેનને અભિનંદન પત્ર આપવામાં આવેલ. મહેમાનો માટે રસોડું ખુલ્લુ રાખવામાં આવેલ. દીક્ષાર્થી બેનના પિતાશ્રી તરફથી બે ટંકની નવકારશી રાખવામાં આવેલ અને સંસ્થાઓને યોગ્ય રકમ આપી હતી. એકંદર દીક્ષા મહોત્સવ ઠાઠથી ઉજવાયો હતો.

**જયપુર**–પૂ. આ. હિમાચલસૂરીશ્વરજી મ. નાં આજ્ઞાવર્તી સાધ્વી શ્રી જિનેંદ્રશ્રીજી મહારાજ આદિનું ચાતુર્માસ જયપુર જૈન આત્માનંદ ભુવન ખાતે થયું છે.

**મુંબઇ**–શ્રીયુત્ અમથાલાલ જેશીંગભાઇના ચિ. નવીનચંદ્રનાં લગ્ન નિમિત્તે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના દહેરાસરે તેમના તરફથી આંગી, પૂજા, ભાવના, રોશની વગેરે થયું હતું.



**શ્રી નિલાબેન નટવરલાલ**
**ઉંમર વર્ષ ૧૪-દાદર**



સાધ્વીશ્રી **નયપદ્માશ્રીજી મહારાજ**
દીક્ષા થયા પછી

# સુવાકયો !

**મહાસાગરની** મર્યાદા જ તો છે એનું મોટામાં મોટુ અને મોંઘામાં મોંઘુ મોતી.

માનવતા અને મમતા એ ગંગા–યમુના સમાન છે.

શક્તિની તલવાર ભલે તમારી પાસે ન હોય પરન્તુ શ્રદ્ધા અને સાધનારૂપી બન્ને બાજુવાળી ઢાલ હશે તો ગમે તેવા વિપત્તિ-વિગ્રહમાંય વિજય મેળવી શકશો.

**સુગંધ** ફેલાવવા માટે ધૂપસળીને સ્વયં સળગવું પડે છે.

**સદ્ગુણ** સમાન એકે આભૂષણ નથી.

નિયમિતતા એટલે જડ એકવિધતા નહિ, પરંતુ ચેતનવંતી સંવાદિતા.

ઉપદેશમાં પાંડિત્યની અહંતા છે, આચરણમાં જ્ઞાનની સાર્થકતા !

**અપરિગ્રહ** છે આસક્તિ સામેનો **સત્યાગ્રહ** !

મહત્તાની સુવર્ણમાલા મર્યાદાની મીનાકારી વડે જ દીપે.

**સત્તાના** સિંહાસને બેસવું જેટલું સહેલું છે, એટલું એના પરથી ઉઠવું સહેલું નથી.

**સામર્થ્ય**નું બાણ સંયમના ભાથામાં જ શોભે.

પુષ્પો પ્રકાશમાં તેમ જ અંધકારમાં પરિમલ પાથરતા જ રહે છે. તેમ મનુષ્યે પણ જિન્દગીની તેજ–છાયા સમાં સુખ તેમ જ દુઃખમાં સમતુલા જાળવી માનવતાની સુરભિ રેલતા રહેવું જોઇએ.

શિસ્ત એટલે ફરજિયાત નિયમબદ્ધતા નહિ, પરંતુ સ્વૈચ્છિક સંયમ.

**દૃષ્ટિ** કુરૂપ હશે તો કયાંયે સુરૂપ નહિ દેખાય !

'હું કેવો રૂપાળો છું !' આરસામાં જોતાં માનવે કહ્યું. 'રૂપાળો તો હું છું !' આરસાએ સામો દાવો કર્યો. અને બન્નેના આ બકવાદ પર સૌન્દર્ય ને સત્ય હસી રહ્યાં !

દુષ્ટતા એ માનવીની પ્રકૃતિ નથી, પરંતુ વિકૃતિ છે.

લાખ ઝંઝાવાત છોને મથે, પરંતુ દિલમાં શ્રદ્ધાનો તથા સાત્વિકતાનો દીવો જલતો હશે તો બૂઝાશે નહિ.